પરમ યુદ્ધ

વિજય - સર્વ પર કે સ્વ પર ?

Conquer From Within

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનાં
આત્મહિતકારી પ્રવચનો

પરમ યુદ્ધ

વિજય - સર્વ પર કે સ્વ પર ?

Conquer From Within

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનાં
આત્મહિતકારી પ્રવચનો

પરમ યુદ્ધ

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનાં પ્રવચનો

પ્રથમ આવૃત્તિઃ સપ્ટેમ્બર-2020

પ્રકાશકઃ પરમ પ્રકાશન

Jain Diksha (Public & Religious Trust)

in association with Parasdham

Opp. B. C. C. I. Ground, Mahavir Nagar, Kandivali (West),

Mumbai – 400 067, Maharashtra, India

: પ્રાપ્તિસ્થાન :

PARASDHAM

Vallabh Baug Lane, Tilak Road, Ghatkopar (East), Mumbai – 400 077, Maharashtra, India

12/2A, Bakul Bagan Row, Bakul Bagan, Bhowanipore, Kolkata – 700 025, West Bengal, India

4, Africa Colony, Saurashtra Kala Kendra, Sadguru Nagar, Kalavad Road, Rajkot – 360 007, Gujarat, India

PAWANDHAM

Opp. B. C. C. I. Ground, Mahavir Nagar, Kandivali (West), Mumbai – 400 067, Maharashtra, India

Hathibhai Nagar, Diwalipura, Old Padra Road, Vadodara – 390 015, Gujarat, India

E-mail: connect@parasdham.org

Contact: +91 8657484493

Published by: Param Prakashan

Typesetting by: Keystroke Design

RASHTRASANT PARAM GURUDEV

SHREE NAMRAMUNI MAHARAJ SAHEB'S 50TH JANMOTSAV

PARAMOTSAV

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનાં 50th જન્મોત્સવ,
પરમોત્સવ અવસરે, 50 પ્રવચન પુસ્તકોનું પ્રકાશન

પરમ અક્ષર

આત્મસાધકને સપ્રેમ ભેટ

To

From

કલ્યાણમિત્ર

નિદ્રાવિજેતા આચાર્યદેવ
પૂજ્ય શ્રી ડુંગરસિંહજી
મહારાજ સાહેબ

પ્રગટ પ્રભાવક
પૂજ્ય શ્રી માણેકચંદ્રજી
મહારાજ સાહેબ

સૌરાષ્ટ્ર કેસરી
પૂજ્ય શ્રી પ્રાણલાલજી
મહારાજ સાહેબ

તપસમ્રાટ
પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

॥ અર્પણમ્ સમર્પણમ્ ॥

હે ઉપકારી ગુરુદેવ !
અમે તો કોડીયા હતાં,
આ જ્યોત તમારી છે અને આ પ્રકાશ તમારો છે.
અનેક આત્માઓની આત્મજ્યોતને પ્રકાશમાન કરનાર
આપશ્રીના શ્રીચરણોમાં સાદર સમર્પણ...

શ્રુતજ્ઞાન અનુમોદના

શાસન દીપક ગુરુદેવ

પૂજ્ય શ્રી નરેન્દ્રમુનિ મહારાજ સાહેબ

અને

મા સ્વામી

પૂજ્ય શ્રી જયવિજયાજી મહાસતીજીની

પરમજ્ઞાન વારસાની

ઉપકાર ભાવે અભિવંદના કરતાં

ધર્મવત્સલા શ્રી બીનાબેન અજયભાઈ શેઠ

ક્વેસ્ટ ફાઉન્ડેશન, સાયન

તું તારા ભાવમાં રહે, એને એના ભાવમાં રહેવા દે,
એને કારણે તું તારા ભાવ ન બગાડ

સામાયિકનું મહત્ત્વ-આ એક કલાકની સાધના
એ આપણને બાકીના 23 કલાકમાં
કેવી રીતે જીવવું એ શીખવાડી જાય છે.

ધર્મ એટલે જીવવાની કળા

શાસન દીપક ગુરુદેવ
પૂજ્ય શ્રી નરેન્દ્રમુનિ મહારાજ સાહેબ

મૃત્યુ પછી માણસ સ્વર્ગમાં જાય એ મહત્ત્વનું નથી,
મહત્ત્વનું એ છે કે જ્યાં જાય,
ત્યાં સ્વર્ગ જેવું ધર્મમય વાતાવરણ ઊભું થાય.

પરિગ્રહત્યાગના સાધનથી
પાપના પરિપાકનો મેલ ધોઈને
આત્માને જે નિર્મળ બનાવે તે 'દાન'

'દાન' આત્માની શુદ્ધિ કરવાનું પ્રથમ પગથિયું છે.

મા સ્વામી
પૂજ્ય શ્રી જયવિજયાજી મહાસતીજી

॥ આ ગ્રંથ પ્રકાશનના સહયોગી ॥

જગતના અનંત આત્માઓ માટે સત્યવાણીનો પરમ યોગ કરાવીને હજારો આત્માઓને સંસાર સાગર તરાવી રહેલા આ ગ્રંથસર્જનમાં અમને સંપત્તિના પરિગ્રહથી મુક્ત થવાનો અવસર મળ્યો.

વારંવાર આવા અવસર અમને પ્રાપ્ત થાય
એ જ ભાવના...

શ્રી મિલીબેન રિપુલભાઈ નંદુ

પ્રસ્તાવના

યુદ્ધ સત્ય માટે પણ હોય, અસત્ય માટે પણ હોય,
યુદ્ધ અધિકાર માટે પણ હોય, યુદ્ધ આધિપત્ય માટે પણ હોય,
અધર્મ માટે તો યુદ્ધ હોય,
પણ શું ધર્મના ક્ષેત્રમાં પણ યુદ્ધ સંભવી શકે?
હા, ધર્મના ક્ષેત્રમાં પણ પળ-પળ ચાલતું યુદ્ધ
એટલે પરમ યુદ્ધ!
પરમ યુદ્ધ એટલે શું?
પરમ યુદ્ધમાં પળેપળનો પુરુષાર્થ કઈ રીતે પ્રગટે?
પરમ યુદ્ધના યોદ્ધા કોણ બની શકે?
પરમ યુદ્ધમાં કઈ રીતે આપી શકાય શત્રુઓને માત?
પરમ યોદ્ધાના મનમાં ઉદભવતા આવા દરેક પ્રશ્નોનું સમાધાન
આપે છે,
પરમ યુદ્ધ પુસ્તક દ્વારા,
રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ!

INDEX

ધર્મ- એક યુદ્ધ

1. યુદ્ધ- ધર્મ કે અધર્મ? 14
2. ધર્મયુદ્ધમાં વીરનો વિજય 24
3. ધર્મયુદ્ધનાં શસ્ત્રો 32
4. ધર્મયુદ્ધનાં શત્રુઓ 40

ધર્મયુદ્ધનો વિજય તિલક

5. ધર્મ- Lifeને આપે Turn! 52
6. ધર્મ- ભાવોનો Watchman 62

ધર્મયુદ્ધનો શંખનાદ

7. ધર્મયુદ્ધનો શંખનાદ- સંવેદન 70
8. ધર્મયુદ્ધનો શંખનાદ- Programmingને Delete કરો 80
9. ધર્મયુદ્ધનો શંખનાદ- ભવિષ્યની ભવ્યતા 90

ધર્મયુદ્ધમાં શત્રુ

10. ધર્મયુદ્ધમાં શત્રુ- સ્વાર્થ 100

11. ધર્મયુદ્ધમાં શત્રુ- ઈચ્છા 106

12. ધર્મયુદ્ધમાં શત્રુ- સંબંધો 116

13. ધર્મયુદ્ધમાં શત્રુ- આગ્રહ 126

ધર્મયુદ્ધનો વિજયઘોષ

14. ધર્મ જ્યારે હિંસા પર વિજય મેળવે! 136

15. ધર્મ જ્યારે અસાવધાની પર વિજય મેળવે! 146

16. ધર્મ જ્યારે દોષો પર વિજય મેળવે! 156

પરમ યુદ્ધ

વિજય - સર્વ પર કે સ્વ પર ?

Conquer From Within



ધર્મ – એક યુદ્ધ

01

ધર્મ – એક યુદ્ધ

યુદ્ધ – ધર્મ કે અધર્મ ?

જ્યારે કોઈ દિશા, કોઈ ધ્યેય, કોઈ લક્ષ્ય નક્કી થાય છે ત્યારે એ દિશામાં ગતિ અને પ્રગતિ સહજતાથી થવા લાગે છે; પણ જ્યાં સુધી દિશા નક્કી હોતી નથી ત્યાં સુધી વ્યક્તિનું મન wavering હોય છે, ત્યાં સુધી તેની શક્તિઓ વપરાય છે ઓછી અને વેડફાય છે વધારે!

ભગવાન મહાવીરના નામની આગળ 'ભગવાન' શબ્દ, શું આ શબ્દ જન્મોજન્મથી વપરાતો હશે કે પછી તેમની દિશા નક્કી થઈ, ગતિ નક્કી થઈ, પ્રગતિ શરૂ થઈ પછી વપરાવાની શરૂઆત થઈ?

જગતના મોટાભાગના જીવો લક્ષ્યવિહીન જ હોય છે, દિશા વગરની દોટવાળા હોય છે.

સંસારમાં રહીને ગમે તેટલી ગતિ કરે કે પ્રગતિ... પણ એ temporary જ હોય છે, કેમ કે, લક્ષ્યવિહીન હોય છે. તેમનું જીવન, જીવની દિશા નક્કી કર્યા વિનાનું હોય છે. જીવનની ગમે એટલી દિશા નક્કી કરો, એના અંતે કોઈ પ્રાપ્તિ હોતી નથી.

જીવનમાં ધારેલી બધી જ દિશાઓ અવદશાનું કારણ હોય છે કે સત દશાનું?

જીવનમાં કરેલી બધી જ ગતિઓ સદ્ગતિનું કારણ હોય છે કે પછી દુર્ગતિનું?

માનવીનું લક્ષ્ય જીવનને દિશા આપવાનું નહીં, પણ જીવને દિશા આપવાનું હોવું જોઈએ, કેમ કે, જીવન temporary છે અને જીવ permanent છે.

જીવનને દિશા આપનારા અનેક આત્માઓની વચ્ચે એક આત્મા હતો, જીવને દિશા આપનારો!

એ આત્મા હતો ભગવાન મહાવીરનો!

ભગવાન મહાવીરના નામની આગળ 'ભગવાન' શબ્દ ક્યારે લાગ્યો?

આપણા આત્મા અને ભગવાનના આત્મામાં કોઈ ફરક હોય કે પછી એકસરખા જ હોય? શું પ્રભુ મહાવીરના આત્મા પાસે વધારે જ્ઞાન હોય અને આપણા આત્મા પાસે ઓછું હોય એવું બને ખરું? શું ભગવાન મહાવીર પાસે strong બળ હોય અને આપણે નિર્બળ, એવું હોય ખરું?

બધાનો આત્મા એકસરખો છે, એકસરખી ક્ષમતાવાળો છે. આત્માની દૃષ્ટિએ બધા જ આત્મા એકસરખા છે, કોઈ ફરક નથી, છતાં ઘણો ફરક છે.

બધાના આત્મપ્રદેશો સરખા, બધાની આત્મશક્તિ સરખી, છતાં કોઈ કેવળજ્ઞાની, કોઈ અલ્પજ્ઞાની અને કોઈ અજ્ઞાની. આવું કેમ? આ ભેદ શા માટે?

કેમ કે, ભવોભવથી આપણે જીવનને દિશા આપતા આવ્યા છીએ, જ્યારે ભગવાને તેમના અંતિમ ભવમાં જીવને દિશા આપી હતી.

જીવનની કોઈ પણ દિશા હોય, એ માત્ર આંખ ખુલ્લી હોય ત્યાં સુધી જ દેખાય છે, આંખ બંધ થાય પછી દેખાતી નથી.

જીવનની દિશાઓ અને દશાઓ વારંવાર બદલાયા કરે છે, જ્યારે ભગવાન મહાવીરે સ્વયંના જીવની દિશા નક્કી કરી, એ દિશા એક જ હતી અને એટલે તેમની દશા પણ એક જ હતી.

ભગવાન મહાવીરે જે દિશા નક્કી કરી હતી એ દિશા હતી,

'હું મને મળું.'

ઘણાને એમ થાય કે આપણે તો આપણને રોજ મળીએ જ છીએને?

પણ ના!

હું જેને મળું છું, તે હું છું જ નહીં અને જેને મારે મળવાનું છે તેને હું આજ સુધી મળ્યો જ નથી.

જે પોતાને મળે છે તેને બીજાને મળવાનું મન થતું જ નથી. જે સ્વયંમાંથી મેળવી લે છે તેને બહારથી કંઈ મેળવવાનું મન થતું જ નથી. જે પોતાને મળતા નથી તે જગત આખાને મળવા જાય છે. જે પોતાને મળવાની દિશાને નથી અપનાવતા તે જગતની દરેક દિશામાં ભટક્યા કરે છે!

જે જગત આખાને મળે, પણ પોતાને જ ન મળે તે ક્યારેય કંઈ મેળવી શકતા નથી, કેમ કે, જગતમાંથી જે કંઈ મેળવીએ છીએ એ મેળવેલું હોય છે અને મેળવેલું હંમેશાં ગુમાવવાનું જ હોય છે.

હું મને મળું, હું મારામાંથી કંઈ મેળવું, હું મારા થકી કંઈક મેળવું આવી બોધ દૃષ્ટિ જ્યારે પ્રગટ થાય છે ત્યારે શરૂ થાય છે એક યુદ્ધ.

અને એવું જ યુદ્ધ શરૂ થયું રાજકુમાર વર્ધમાનના વિચારોમાં.

યુદ્ધ એ ધર્મ છે કે અધર્મ?

જવાબ મળશે, યુદ્ધને ક્યારેય ધર્મ કહેવાય? યુદ્ધ એટલે જ અધર્મ!

બરાબર છે!

જો યુદ્ધ અન્ય સાથે હોય તો જરૂર અધર્મ છે, પણ યુદ્ધ જો સ્વયંનું સ્વયંની સાથે 'સ્વ'ને પ્રાપ્ત કરવાનું હોય તો એ ધર્મ છે.

જેના વિચારોમાં યુદ્ધ ચાલતું હોય કે આ સાચું કે આ, આ યોગ્ય કે આ, આ આત્મહિતકારી કે આ, તે જ 'સ્વ'ની દિશામાં આગળ વધતો "ધર્મ આરાધક" કહેવાય! જેની અંદરમાં સત્ય-અસત્ય, યોગ્ય-અયોગ્ય

કોઈ યુદ્ધ ચાલતું નથી, તે ક્યારેય ધર્મ આરાધક ન હોય.

સંસારી અને સાધક, ધાર્મિક અને અધાર્મિકમાં આ જ ફરક હોય છે.

જેને એક જ અવાજ, મનનો અવાજ, બહારનો અવાજ જ સંભળાતો હોય તે સંસારી હોય.

જેને બે અવાજ, મનનો અને આત્માનો, બહારનો અને અંદરનો સંભળાતો હોય તે સાધક હોય.

આવું જ યુદ્ધ શરૂ થયું વર્ધમાનના વિચારોમાં, વર્ધમાનના મનમાં! રાજકુમાર વર્ધમાનને પણ બે અવાજ સંભળાતા હતા, એક મનનો અને એક આત્માનો!

વર્ધમાન પણ આપણા જેવા શરીર અને મનવાળા મનુષ્ય જ હતા. વર્ધમાન પણ પહેલાં સંસારી જ હતા. યશોદા જેવી પ્રેમાળ પત્ની હતી અને પ્રિયદર્શના જેવી વહાલી દીકરી હતી અને છતાંય વર્ધમાનના મનમાં યુદ્ધ શરૂ થયું... વિચારોનું યુદ્ધ શરૂ થયું.

વર્ધમાન! તને મહેલ ગમશે કે મોક્ષ ગમશે?

વર્ધમાનનું મન કહેતું હતું કે તું મહેલમાં રોકાઈ જા. મહેલમાં તને બધી જ સુખસગવડ અને સાનુકૂળતાઓ છે, અલગ-અલગ ભોજન મળે છે, પરિવારનો પ્રેમ છે. જો તું ધર્મના માર્ગે જઈશ તો કાંટા જ મળશે, ભોજન પણ ક્યારેક મળશે તો ક્યારેક નહીં મળે... મહેલ જેવું સુખ બીજે ક્યાંય નહીં મળે!

પણ વર્ધમાનનો આત્મા તરત જ સ્વયંના મનને જવાબ આપતો કે આવા મહેલ તો અનંતકાળમાં અનંતવાર મળ્યા છે.

આજે જો તું મહેલમાં રોકાઈ જઈશ તો ક્યારેક ઝૂંપડું પણ મળશે તો

ક્યારેક નરક પણ મળશે, પણ જો તું આજે મહેલ છોડી દઈશ તો તને એક એવું સ્થાન મળશે જ્યાંથી તારી ક્યારેય નનામી નહીં નીકળે, જ્યાં પહોંચ્યા પછી તારે એક પણ ભવ નહીં કરવા પડે. શું તું મહેલના ક્ષણિક સુખ માટે મોક્ષના શાશ્વત સુખને ખોઈ દઈશ?

જેને આજે અનુકૂળતા ગમે છે, તેને કાલે પ્રતિકૂળતા મળે છે.

જેને આજે સુખનો સૂરજ મળે છે, તેને કાલે દુઃખનું અંધારું પણ મળે છે.

વર્ધમાન વિચારે છે,

મારે શું કરવું જોઈએ? મારા માટે શું યોગ્ય છે? શું મહેલનું સુખ કાયમ રહેશે? શું યશોદાનો પ્રેમ કાયમ સાથે રહેશે? શું પ્રિયદર્શનાની લાગણીમાં મારે અટવાઈ જવું જોઈએ?

ના... ના! આ બધું તો આજે છે, પણ કાલે નહીં રહે!

મારે આ ભવના ક્ષણિક સુખ અને સંબંધોમાં નથી ક્યાંય અટકવું કે નથી ક્યાંય ફસાવું.

વર્ધમાનની સામે એક તરફ રાજસુખ હતું, વર્ષોથી પ્રેમ આપનારા, લાગણી આપનારા સંબંધો હતા, માન-સન્માન આપનારી પ્રજા હતી, બધું જ હતું, પણ બીજી તરફ વર્ધમાન સામે સંસારનું વાસ્તવિક સ્વરૂપ હતું. વર્ધમાનને સત્ય સમજાઈ ગયું હતું કે સંસારમાં ગુણોનો ઉપયોગ પણ સ્વાર્થ માટે જ થાય છે, 'સ્વ' માટે નહીં!

વ્યક્તિ ક્ષમાપના કરે છે તો પણ સંબંધ ન બગડે એ માટે!

વ્યક્તિ વિનય પણ કરે છે તો વ્યવહાર સાચવવા માટે!

સંસાર એટલે માત્ર role, જેમાં reality જરા પણ ન હોય!

વર્ધમાનનું મન કહેતું કે જંગલમાં તકલીફ પડશે, પણ વર્ધમાનનો આત્મા કહેતો હતો કે સંબંધોના દંભમાં વધારે તકલીફ પડશે.

અહમ્ અને અર્હમની દુનિયા વચ્ચે મહાવીરનો આત્મા પણ મૂંઝાય છે.

સ્વજનોની પ્રીતિ અને સર્વ જીવો પ્રત્યેના પ્રેમ વચ્ચે જાણે એક યુદ્ધ ચાલતું હતું!

પણ શું પ્રભુ મહાવીર જ્યારે મહેલ છોડીને મોક્ષના માર્ગે નીકળ્યા હશે, રાજમહેલમાંથી પહેલું પગથિયું ઊતર્યા હશે ત્યારે તેમને વિચાર આવ્યો હશે કે યશોદા માટેની મારી જવાબદારીનું શું થશે?

ના!

વર્ધમાને યશોદાને કહ્યું, ‘‘આપણે સામે-સામેના સંબંધવાળાં નથી, આપણે સાથે-સાથેના સંબંધવાળાં છીએ. સામે-સામે રહીશું તો ક્યારે છૂટાં પડી જઈશું એ નક્કી નથી, પણ સાથે-સાથેનો સંબંધ હશે તો મોક્ષમાં પણ સાથે હશું.’’

વર્ધમાનની યશોદા પ્રત્યેની પ્રીત સાચી હતી અને વર્ધમાનનાં જગત આખા પ્રત્યે પ્રેમની રીત પણ સાચી હતી .

કારણ કે, પ્રીતની એ જ રીત સાચી કહેવાય, જે જગતના સર્વ જીવ પ્રત્યે પ્રેમ પ્રગટાવે.

મહાવીરના હૃદયમાં પારાવાર પ્રેમ હતો, જગતના જીવમાત્ર પ્રત્યે પ્રેમ હતો, એક-એક આત્મા માટે અનંત પ્રેમ હતો. પોતાના થકી કોઈ જીવ દુઃખી થાય એ મહાવીર માટે અસહ્ય હતું.

મહાવીરને સમજાઈ ગયું હતું કે બીજાના મૃત્યુ વિના એક પણ જીવન

ક્યારેય હોતું નથી. મારે આ દેહને ટકાવવા માટે અનંતા-અનંતા જીવોની હિંસા કરવી પડશે, દુઃખી કરવા પડશે.

પ્રેમ તો એ જ હોય જેમાં અન્યને અંશમાત્ર પીડા ન હોય. સર્વ જીવ માટેના પ્રેમને જ ધર્મ કહેવાય. જેને સાચો પ્રેમ હોય તે ક્યારેય કોઈને પીડા આપી જ ન શકે. પીડા એ જ આપી શકે જે પ્રેમના નામે ભ્રમને પોષતા હોય.

વિચાર કરો, તમારી lifeમાં છે કોઈ એવી વ્યક્તિ, જે તમને પ્રેમ કરતી હોય અને તેના દ્વારા તમને ક્યારેય મનદુઃખ ન થયું હોય, પીડા ન થઈ હોય, વેદના ન થઈ હોય? નહીં હોય! યાદ રાખજો, જો કોઈના થકી પીડા મળતી હોય તો એ ક્યારેય પ્રેમ ન હોય, પણ પ્રેમના નામે ભ્રમ હોય.

પ્રેમ તો હતો પ્રભુ મહાવીરનો! જે વિચારતા, મારા જીવન માટે બીજા જીવોને પીડા ન આપવી પડે. મારા જીવન માટે અન્ય જીવોનું મૃત્યુ ન કરવું પડે એટલે જ પ્રભુ મહાવીરે પોતાના જ મૃત્યુનું મૃત્યુ કરી નાખ્યું.

પ્રભુ મહાવીરની પ્રીત સાચી હતી અને મહાવીરનો પ્રેમ પણ નિઃસ્વાર્થ હતો, કરુણાભર્યો હતો અને માટે જ વિચારયુદ્ધમાં તેમના આત્માનો અવાજ જીતી જાય છે અને ધર્મપંથ પર પ્રયાણ કરવાનો સંકલ્પ કરે છે.

જે પ્રભુ મહાવીરને આટલાં વર્ષો પછી આજે પણ જગત પૂજે છે, તો શા માટે પૂજે છે? શા માટે તેમના નામની આગળ ભગવાન શબ્દ છે? કેમ કે, યુદ્ધમાં તેમનું મન હારી ગયું હતું અને આત્મા જીતી ગયો હતો. સંબંધો પ્રત્યેનો રાગ હારી ગયો અને સર્વ જીવો માટેનો પ્રેમ જીતી ગયો હતો.

મહાવીરને પણ સંસારના સંબંધો અને સુખનાં સાધનો આકર્ષતાં હતાં; પણ મહાવીરને અંદરનો અવાજ, Inner voice વધારે powerful લાગ્યો. આત્માના અવાજે સત્ય સમજાઈ ગયું અને ભ્રમ તૂટી ગયો.

મહાવીરને સમજાઈ ગયું કે મહેલ કરતાં મોક્ષ અમૂલ્ય છે અને મહાવીર મહેલ, પરિવાર, સંબંધો બધું જ છોડીને ચાલી નીકળ્યા ધર્મના પંથે!

સાડાબાર વર્ષની સાધના અને મહાવીરે મૃત્યુનું મૃત્યુ કરી દીધું.

મૃત્યુનું મૃત્યુ એટલે નિર્વાણ!

હવે એક પણ કાળ ક્યારેય મહાવીરનો કોળિયો કરી નહીં શકે, હવે ક્યારેય મહાવીરની નનામી નહીં નીકળે.

મનુષ્ય તો મહાવીર પણ હતા અને મનુષ્ય આપણે પણ છીએ. આપણા વિચારોમાં પણ યુદ્ધ ચાલતું જ હોય છે, પણ મોટાભાગે એમાં જીત મનની જ થાય છે, અવાજ મનનો જ સંભળાય છે.

મનના અવાજની સામે આત્માના અવાજની જીત થવી એને જ કહેવાય છે ધર્મયુદ્ધ. જીવનમાં ધર્મ તો ઘણો કર્યો, ચાલો શરૂ કરીએ એક ધર્મયુદ્ધ!

માનવીનું લક્ષ્ય જીવનને દિશા આપવાનું નહીં પણ જીવને દિશા આપવાનું હોવું જોઈએ, કેમકે જીવન temporary છે અને જીવ permanent છે.

જીવનની કોઈ પણ દિશા હોય, એ માત્ર આંખ ખુલ્લી હોય ત્યાં સુધી જ દેખાય છે, આંખ બંધ થાય પછી દેખાતી નથી.

જો યુદ્ધ અન્ય સાથે હોય તો જરૂર અધર્મ છે, પણ યુદ્ધ જો સ્વયંનું સ્વયંની સાથે 'સ્વ'ને પ્રાપ્ત કરવાનું હોય તો એ ધર્મ છે.

સંસારમાં ગુણોનો ઉપયોગ પણ સ્વાર્થ માટે જ થાય છે, 'સ્વ' માટે નહીં!

પ્રીતની એ જ રીત સાચી કહેવાય, જે જગતના સર્વ જીવ પ્રત્યે પ્રેમ પ્રગટાવે.

મનના અવાજની સામે આત્માના અવાજની જીત થવી એને જ કહેવાય છે ધર્મયુદ્ધ!



02

ધર્મ – એક યુદ્ધ

ધર્મયુદ્ધમાં વીરનો વિજય

યુદ્ધ ચાહે બાહ્ય હોય કે આંતરિક, યુદ્ધમાં તમને હરાવનારાં તત્ત્વ ત્રણ હોય. ત્રણ પ્રકારની સ્થિતિ એવી સર્જાઈ જાય કે તમે જીતવાની અણી પર હો ત્યાં જ હારી જાઓ.

પહેલા પ્રકારની સ્થિતિ તમને લલચાવે, બીજા પ્રકારની સ્થિતિ લપસાવે અને ત્રીજા પ્રકારની સ્થિતિ ડગમગાવે!

મહાવીરના મન અને આત્મા વચ્ચે યુદ્ધ ચાલતું હતું ત્યારે મન ક્યારેક સુખ, સગવડ અને અનુકૂળતામાં લલચાવે તો ક્યારેક પ્રિય વ્યક્તિને નજર સમક્ષ ગોઠવી દે, પણ મહાવીર લલચાયા નહીં, મહાવીર અડગ રહ્યા માટે મહાવીર જીતી ગયા!

મહાવીરને તેમનું મન ક્યારેક ડરાવી પણ દેતું. 'ના મહાવીર! ધર્મનો માર્ગ બહુ કઠિન છે, ત્યાગનો માર્ગ કપરો છે, વેરાન વનમાં વનચર પ્રાણીઓ હશે, ઠંડી-ગરમી કેવી રીતે સહન થશે!' અને ત્યારે જ આત્મામાંથી જવાબ આવતો, 'નહીં, મારે મારું કલ્યાણ કરવું છે, મારે હવે આ પરિભ્રમણથી મુક્ત થવું છે, ભલે ગમે તે કષ્ટો આવે કે પરિષહો આવે, હું સહન કરવા તૈયાર છું.'

મહાવીરનું મન ડરાવતું હતું, પરંતુ આત્માનો અવાજ અડગ હતો, માટે જ મહાવીર યુદ્ધમાં જીતી ગયા. ધર્મ કરતાં તમને પણ ડરાવનાર, અટકાવનાર, લપસાવનાર અને ડગમગાવનાર અનેક તત્ત્વ છે.

મહાવીરની આસપાસ પણ લપસાવનારાં તત્ત્વો હતાં.

શું પત્ની યશોદાએ રોકવાનો પ્રયત્ન નહીં કર્યો હોય?

શું પુત્રી પ્રિયદર્શનાએ લાગણી સામે નહીં મૂકી હોય?

સંસારનો નિયમ છે કે ધર્મના માર્ગે જતા હોય તેને રાગના માર્ગે લાવવાવાળા અનેક હોય. એ સમયે જે લપસી ગયા તે હારી ગયા.

જે આત્મા લપસતો નથી એ આત્મા યુદ્ધમાં જીતી જાય છે.

મહાવીરનો આત્મા પણ ન ડર્યો, ન લપસ્યો, ન ડગમગ્યો, ન લલચાયો માટે જ, જીતી ગયો અને મન હારી ગયું.

મહાવીરે મહેલ છોડતી વખતે, પરિવારને છોડતી વખતે પહેલું પગથિયું અડગ શ્રદ્ધા, દઢ મનોબળ અને અતૂટ વિશ્વાસ સાથે ભર્યું માટે જ છેલ્લું પગથિયું-નિર્વાણ સુધી પહોંચી શક્યા.

નિર્વાણ પામીને શાશ્વત સુખના સ્થાને પહોંચી શક્યા, મહાવીર યુદ્ધમાં જીતી ગયા!

મહાવીર પૂજનીય, વંદનીય બની ગયા,

મહાવીર 'ભગવાન મહાવીર' બની ગયા.

વર્ધમાન મહાવીરના અંતરમાં યુદ્ધ શરૂ થયું હતું, યુદ્ધ હતું સત અને અસત વચ્ચેનું!

એ યુદ્ધ હતું મન અને આત્માનું!

એ યુદ્ધમાં ક્યારેક મન જીતની દિશામાં હોય તો ક્યારેક આત્મા! ક્યારેક મહેલ તો ક્યારેક મોક્ષ! ક્યારેક વહાલસોયી દીકરી તો ક્યારેક વૈરાગ્ય! ક્યારેક પત્ની તો ક્યારેક પ્રવ્રજ્યા! આ સાચું કે આ? આ યોગ્ય કે આ? અને અંતે શું થાય છે?

યુદ્ધમાં કોણ જીતે છે?

અંતે આત્માનો વિજય થાય છે અને મનનો પરાજય! પ્રેમનો વિજય અને લાગણીનો પરાજય! જ્ઞાનનો વિજય અને મોહનો પરાજય!

મહાવીર મહેલ છોડીને મોક્ષની દિશા તરફ આગળ વધે છે. મહેલમાં

સેંકડોની સાથે રહેનાર મહાવીર પ્રવ્રજ્યાના પંથે એકલા જ આગળ વધે છે, એકાંત સાધનાના લક્ષ્ય સાથે એકલા વનની વાટે નીકળે છે. એ સમયે દેવલોકના દેવ ઇન્દ્ર પધારે છે અને મહાવીરને કહે છે છે :

પંથ કઠિન છે સાધના કેરો, સાથ તમારી રહેવા દો,

જ્ઞાન થકી હું જોઈ રહ્યો છું, ભાવિના ભાવ તમારા.

હે વીર! મને તમારી સાથે રહેવા દો. હું તમારી સંભાળ રાખીશ. તમારો પંથ કઠિન છે.

એ સમયે મહાવીરના મુખમાંથી શબ્દો સરે છે...

હે ઇન્દ્ર! તમે જેની સંભાળ રાખવાની વાત કરો છો તે હું નથી અને જે હું છું તેની સંભાળ રાખવાની તમારી ક્ષમતા નથી.

યાદ રાખજો, જે પીડાય છે તે જ પૂજાય છે.

જે પીડાને આમંત્રણપત્રિકા લખી શકે છે, જે વેદનાને આવકાર આપી શકે છે, જે કષ્ટોનું સ્વાગત કરી શકે છે તે મહાપુરુષ બની શકે છે અને એવા મહાપુરુષ હતા પ્રભુ મહાવીર!

એક લક્ષ્ય... એક ધ્યેય...

જે દિવસે મહાવીરે મહેલ છોડ્યો એ દિવસે મહાવીરે એક સંકલ્પ કર્યો હતો...

જ્યાં સુધી નિર્વાણને ન પામું ત્યાં સુધી ચેનથી બેસીશ નહીં અને ખરેખર, જે દિવસે મહાવીરે દીક્ષા લીધી ત્યારથી જે દિવસે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું ત્યાં સુધી એટલે કે સાડાબાર વર્ષમાં મહાવીરે માત્ર 48 મિનિટની જ ઊંઘ લીધી. એ પણ એક-એક second જરાક વાર માટે આંખ મીંચાણી હોય એ બધું ભેગું કરીને!

યુદ્ધનો સેનાની ક્યારેય યુદ્ધના મેદાનમાં સૂવે નહીં.

ધર્મના ક્ષેત્રમાં કેટલી વાર તમને ઊંઘ આવી હશે? કંટાળો આવ્યો હશે? હમણાં નહીં ને પછી કરીશનો વિચાર આવ્યો હશે.

મહાવીર કંઈ એમ ને એમ પૂજાયા નથી. પીડા, વેદના, કષ્ટો, પરિષહો, આપત્તિઓ અને પ્રતિકૂળતાઓ જાણે મહાવીરના મિત્રો બની ગયાં હતાં!

આપણે અનુકૂળતાને આવકારવાવાળા છીએ, જ્યારે મહાવીર પ્રતિકૂળતાને આવકારવાવાળા હતા.

જેને મહાવીર બનવું હોય, જેને પરમાત્માના પગલે-પગલે આગળ વધવું હોય, તેનો સંકલ્પ હોવો જોઈએ કે મારે પ્રતિકૂળતાને, પીડાને, વેદનાને આવકારવી છે. તેનો એક નિયમ હોવો જોઈએ કે મારે મારી તકલીફ, મારા problems કોઈને કહેવા નથી. જે problemsને પચાવી શકે તે જ ધર્મ યુદ્ધ લડી શકે છે.

ભગવાન મહાવીરે શું ક્યારેય કોઈને કહ્યું કે આ મને પથ્થર મારે છે કે આ મને પરિષહો આપે છે? ના!

અરે! જે સાથે રહેવા તૈયાર હતા તેવા દેવોને પણ તેમણે કહી દીધું કે મારે કોઈ સહાયની જરૂર નથી.

આવી ખુમારી હતી પ્રભુ મહાવીરની!

આવું પ્રબળ સત્ત્વ હતું મહાવીરના આત્માનું!

કહેવું એ મનની નબળાઈ છે અને સહેવું એ આત્માની સબળાઈ છે.

મહાવીરે અનેક પ્રકારનાં કષ્ટો અને પરિષહો સહન કર્યાં. એમાં જ્યારે ગોવાળે કાનમાં ખીલા માર્યા ત્યારે વેદના પરાકાષ્ઠાએ પહોંચી હતી, પણ મહાવીર સહનશીલતાના પૂજારી હતા. તેમની સહનશીલતાનો કોઈ પાર

નહોતો.

પણ... એક second માટે મહાવીર હારી ગયા, જ્યારે વૈદ ખીલા બહાર કાઢતા હતા ત્યારે ભયંકર અસહ્ય વેદનાના કારણે એક ચીસ નીકળી ગઈ... પણ ફરી મહાવીર તરત જ સજાગ થઈ ગયા, જાગ્રત થઈ ગયા, ફરી યુદ્ધમાં લાગી ગયા કે જે થાય છે એ મને નથી થતું.

તમને જ્યારે તકલીફ, પીડા, વેદના થાય ત્યારે મહાવીરને યાદ કરવા જોઈએ. મારી તકલીફ, મારી વેદના મહાવીર જેટલી તો નથી જ ને!

સંકલ્પ કરો,

'મારે સહન કરવું છે!'

મારી વેદના કોઈને કહેવી એ મારી નબળાઈ છે, મારી weakness છે અને મારી વેદના મારે સહેવી એ મારી સબળાઈ છે, મારી strength છે.

મહાવીરને ખબર હતી કે ધર્મનો પથ એ કર્મોને ખપાવવાનો પથ છે, કર્મોનો ક્ષય કરવાનો પથ છે અને મહાવીર એક પછી એક કર્મોને ખપાવતા ગયા, ખપાવતા ગયા, પ્રતિકૂળતાને સહન કરતા ગયા.

કર્મોને કોણ ખપાવી શકે? સુખ કે દુઃખ?

કર્મોનો ક્ષય ક્યારે થાય? અનુકૂળતામાં કે પ્રતિકૂળતામાં?

યાદ રાખજો, પ્રતિકૂળતા જ કર્મોનો ક્ષય કરાવી શકે છે!

મહાવીર પ્રતિકૂળતાને આવકારતા અને દુઃખોને સહન કરતા હતા.

મહાવીર કરુણાના સાગર હતા. માટે જ, બધાની ના હોવા છતાં જંગલમાં ચંડકૌશિક નામનો દૃષ્ટિવિષ સર્પ હતો, મહાવીર ત્યાંથી જ પસાર થયા. મહાવીરને જોઈને ચંડકૌશિકે જ્યારે તેમને ડંખ માર્યો ત્યારે મહાવીરે શું કર્યું?

ક્રોધી સર્પની સામે સ્વયં કોપિત થયા? જેવાની સાથે તેવા થયા?

ના! મહાવીરે ક્રોધનો જવાબ પ્રેમથી આપ્યો.

મહાવીરની આંખમાંથી વરસતી પ્રેમની ધારાએ ચંડકૌશિકના ક્રોધને શાંત કરી દીધો.

જેને પરમાત્માના પગલે ચાલવું હોય, પરમાત્માના પગલે પા-પા પગલી ભરવી હોય તે ક્યારેય જેવા સાથે તેવા ન થાય!

કષ્ટો અને પરિષહોને સમભાવે સહન કરતાં-કરતાં મહાવીરની જીવનયાત્રા આગળ વધે છે અને સાડાબાર વર્ષ પછી એક દિવસ ઋજુવાલિકા નદીના કિનારે, શાલ વૃક્ષની નીચે, ગોદુહિકા આસને મહાવીર કેવળજ્ઞાન અને કેવળદર્શનને પામે છે.

જે લક્ષ... જે હેતુથી ધર્મયુદ્ધ શરૂ કર્યું હતું એ લક્ષ સિદ્ધ થઈ ગયું. મહાવીરનો આત્મા યુદ્ધમાં જીતી ગયો, યુદ્ધ પર પૂર્ણવિરામ થઈ ગયું. જે પામવું હતું એ પમાઈ ગયું. વર્ધમાન મહાવીર, ભગવાન મહાવીર બની ગયા.

ધર્મયુદ્ધમાં વીરનો વિજય થયો. શું મેળવવો છે તમને પણ ધર્મયુદ્ધમાં વિજય? કરવો છે આ મનુષ્યભવને ધર્મની અનુભૂતિથી સાર્થક? તો ચાલો જાણીએ કયાં શસ્ત્રોના સહારે આપણે ધર્મયુદ્ધમાં વિજયી બની શકશું!

જે આત્મા લપસતો નથી એ આત્મા યુદ્ધમાં જીતી જાય છે.

જે પીડાને આમંત્રણપત્રિકા લખી શકે છે, જે વેદનાને આવકાર આપી શકે છે, જે કષ્ટોનું સ્વાગત કરી શકે છે તે મહાપુરુષ બની શકે છે અને એવા મહાપુરુષ હતા પ્રભુ મહાવીર!

જેને મહાવીર બનવું હોય, જેને પરમાત્માના પગલે-પગલે આગળ વધવું હોય તેનો સંકલ્પ હોવો જોઈએ કે મારે પ્રતિકૂળતાને, પીડાને, વેદનાને આવકારવી છે.

મારી વેદના કોઈને કહેવી એ મારી નબળાઈ છે, weakness છે અને મારી વેદના મારે સહેવી એ મારી સબળાઈ છે, મારી strength છે.



03

ધર્મ – એક યુદ્ધ

ધર્મયુદ્ધનાં શસ્ત્રો

પ્રભુ મહાવીર, ધર્મયુદ્ધના વિજેતા, સાડાબાર વર્ષ સુધી લડ્યા અને અંતે વિજયી બન્યા. જે લક્ષ્ય સાથે આત્મયુદ્ધ શરૂ કર્યું હતું એ લક્ષ્ય સિદ્ધ થઈ ગયું અને પ્રભુ મહાવીરની પરમ પ્રજ્ઞાનું પ્રાગટ્ય થયું. કેવળજ્ઞાની પ્રભુ વીરને જ્ઞાત જ હતું કે હવે તેમના નિર્વાણનો સમય થવાનો છે અને માટે નિર્વાણ પહેલાં પ્રભુએ જગતનાં હિત, શ્રેય અને કલ્યાણ માટે વિશ્વના સમસ્ત જીવો પર અનંતી કરુણા વરસાવી.

જગતના જીવોને પણ પ્રભુના નિર્વાણની ખબર પડી ગઈ હતી. આખા નગરને, આખા દેશને ખબર પડી ગઈ હતી, 'પ્રભુ મહાવીર હવે મોક્ષમાં પધારવાના છે, પ્રભુ મહાવીર હવે આપણી વચ્ચેથી વિદાય લેવાના છે.'

'પ્રભુ! તમે નહીં હો તો?

તો પ્રભુ! અમે યુદ્ધમાં હારી જઈશું! અમે ધર્મયુદ્ધમાં હારી જઈશું.'

પ્રભુની એક અમીદૃષ્ટિથી અનેક જીવોનાં હૃદયપરિવર્તન થતાં હતાં, પ્રભુની વાણીના પ્રભાવથી અનેક આત્મા સંસારસાગર તરવા તૈયાર થતા હતા. પ્રભુના સ્નેહમાં ભીંજાઈને અનેક જીવો સરળ બની જતા હતા. પ્રભુના પ્રેમે સમર્પિત થઈને અનેક આત્માઓએ આત્મવિજયી બનવા અંતરયુદ્ધ, ધર્મયુદ્ધ શરૂ કર્યાં હતાં અને મુક્તિ મંજિલે જવા તત્પર બન્યા હતા.

પણ 'અંતિમ બે દિવસ, 48 કલાક અને વીર પ્રભુ આપણી આંખોથી દૂર થઈ જશે? આપણી દૃષ્ટિથી દૂર થઈ જશે? કોણ આપશે આપણને જ્ઞાન અને કોણ આપશે સમજ? કોણ વહાવશે પ્રેમની પાવન ગંગા અને કોનું મળશે શરણ?'

સમવસરણમાં ઉપસ્થિત દરેકની આંખોમાંથી અશ્રુની ધાર વહી રહી હતી. મૌન ભાવે સૌની આંખો જાણે વારંવાર પ્રભુને અરજી કરી રહી હતી.

'હે પ્રભુ! તમારા વિના અમારું કોણ? હે પ્રભુ! તમે નહીં જાઓ. તમે નહીં હો તો અમે આ યુદ્ધમાં હારી જઈશું! હે પ્રભુ! સતની છત્રછાયા વિના અસતની અસર અમને યુદ્ધમાં હરાવી દેશે!'

પણ તેઓ ભગવાન મહાવીર હતા, કરુણાનિધાન પ્રભુ મહાવીરે આપણે ધર્મયુદ્ધમાં હારી ન જઈએ એ માટે વિદાય લેતાં-લેતાં પણ અંતિમ ક્ષણ સુધી આપણને યુદ્ધમાં લડવા માટે આગમરૂપી શસ્ત્રો આપ્યાં, કેટલાય પ્રકારનાં સમજનાં શસ્ત્રો આપ્યાં અને કેટલાય પ્રકારનું પ્રેરકબળ પૂરવાના પ્રયત્નો કર્યા.

ત્રિકાળજ્ઞાની પરમાત્મા મહાવીર પણ જાણતા હતા કે પ્રત્યક્ષ પરમાત્મા વિના પૃથ્વીના જીવોની પરિસ્થિતિ કેવી થઈ જશે! પણ જે નિયત હોય છે એને તીર્થંકર પણ ક્યારેય બદલી શકતા નથી!

જગતના જીવોની ચિંતા અને વ્યથા દૂર કરવા પ્રભુ વીરે કહ્યું, હે આત્મન્! તને ચિંતા થાય છે ને કે હું નહીં હોઉં તો તારું શું થશે?

હે વત્સ! તું ચિંતા ન કર, તને ધર્મયુદ્ધમાં જિતાડી શકે એવાં ભાવશસ્ત્રો હું તને આપું છું એને તું કાયમ તારી સાથે જ રાખજે, તારી પાસે જ રાખજે. પછી આ જગતની એક પણ વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ અને કર્મો તને ક્યારેય ધર્મયુદ્ધમાં હરાવી નહીં શકે. આ મારો અનુભવ છે.

અને પ્રભુ મહાવીરે મોક્ષમાં પધારતાં-પધારતાં... પાંચમા આરાના અંત સુધી, આ વિષમકાળના અંત સુધી લોકોને કામ લાગે, જેના આધારે લોકો સંસારસાગર તરી શકે, જેના આધારે લોકો યુદ્ધમાં જીતી શકે એવી અંતિમ દેશના આપી, જ્ઞાન આપ્યું, સમજ આપી, ઉપદેશ આપ્યો, અરે! જેટલું આપી શકાય એટલું બધું જ આપી દીધું. અનેક પ્રકારની પ્રેરણા આપી અને ધર્મયુદ્ધમાં જીતી શકાય એવાં ભાવશસ્ત્રો આપ્યાં.

પ્રભુ વીરે આપેલાં ભાવશસ્ત્રોમાંથી **પ્રથમ પ્રેરક શસ્ત્ર આપ્યું 'વિનય'નું!**

પ્રભુએ કહ્યું, હે સાધક! તારા આ ધર્મયુદ્ધમાં તને સૌથી વધારે ટકાવી રાખે, જાગ્રત રાખે, તને યુદ્ધમાં જિતાડી દે અને ક્યારેય હારવા ન દે એવું અમોઘ એક શસ્ત્ર છે અને એ શસ્ત્રનું નામ છે વિનય!

જેમ એક પિતા તેની વિદાયની ક્ષણે, અંતિમ ક્ષણે પોતાના વહાલસોયા પુત્રને છેલ્લી શિખામણ આપે એમ વીર પ્રભુ મહાવીરે તેમના વહાલા વારસદારોને, તેમને અનુસરતા ધર્મયુદ્ધના સેનાનીઓને વિદાયની અંતિમ ક્ષણે અનુભવનાં અમૃત વચનો આપ્યાં.

ધર્મયુદ્ધના સેનાનીને છેલ્લું બળ પૂરું પાડતાં-પાડતાં કહ્યું : હે આત્મન્! તારામાં જો વિનયભાવનું શસ્ત્ર હશે તો સંસારની કોઈ તાકાત તને હરાવી નહીં શકે, તારામાં જો વિનય અને નમ્રતાના ગુણ હશે તો જગતનો એક પણ અવગુણ તને અસર નહીં કરે... તારો વિનય જ તારી ઢાલ બની જશે.

તારામાં જો ઉત્કૃષ્ટ વિનય હશે તો તારો ક્રોધ ક્ષણમાં શાંત થઈ જશે, તારો ego એક પળમાં zero થઈ જશે અને તું અવગુણો પર જીત મેળવી શકીશ.

નિર્વાણની અંતિમ ઘડીઓમાં પ્રભુ વીરે આત્મયુદ્ધના સાધકને બીજું અણમોલ શસ્ત્ર આપ્યું 'સહનશીલતા'નું!

પ્રભુ વીરે કહ્યું, હે સિદ્ધિના સાધક! હે ધર્મયોદ્ધા!

તું પરિષહોને સહન કરજે... પરિષહો પર તું વિજય મેળવજે. ગમે તેવી તકલીફ આવે, ગમે તેવી વેદના આવે, ગમે તેવાં કષ્ટો આવે, ગમે તેવી મુશ્કેલી આવે, તું સહન કરજે.

જે સહન કરે છે તે જ આ યુદ્ધમાં વિજયી બને છે,

જે સહન કરે છે તે જ સિદ્ધત્વને પામે છે,

જે સહન કરે છે તે જ દરેક ક્ષેત્રમાં સફળ થાય છે.

જે સહન નથી કરતા તે ધર્મયુદ્ધમાં હારી જાય છે, કર્મયુદ્ધમાં પણ હારી જાય છે.

હે ધર્મયોદ્ધા! જેમ મેં દેવ દ્વારા અપાયેલા પરિષહોને સમતાભાવે, ભેદજ્ઞાનની અનુભૂતિ સાથે સહન કર્યા, જેમ ગોવાળે કાનમાં ખીલા માર્યા અને મેં સમભાવે સહન કર્યું એમ તું પણ તારાં કષ્ટોને, તારી વિકટમાં વિકટ પરિસ્થિતિને સમભાવે સહન કરજે.

સમભાવે સહન કરવું એટલે અનંતા કર્મોનો ક્ષય કરવો અને જ્યારે કર્મોનો ક્ષય થાય છે ત્યારે જ ધર્મયુદ્ધમાં વિજય મેળવી શકાય છે. માટે જ, મુશ્કેલીઓ વખતે યાદ રાખવું... આ મુશ્કેલી નથી, આ તો મારાં કર્મોને ખપાવવાનું પરમ નિમિત્ત છે. આ સૂત્ર તમને સહન કરવાની શક્તિ આપશે અને યુદ્ધમાં જીત અપાવશે.

પ્રભુ મહાવીરે તેમની અંતિમ દેશનામાં ધર્મયુદ્ધના સેનાનીને યુદ્ધમાં જીતવા માટે ભાવશસ્ત્રોની પ્રેરણામાં તૃતીય શસ્ત્ર આપ્યું 'વફાદારી'નું!

પ્રભુ વીરે કહ્યું,

હે ધર્મયુદ્ધના સેનાની!

તું સદાય તારા પદને વફાદાર રહેજે. જ્યાં તારું જે પદ હોય એ પદને વફાદાર રહીને નિષ્ઠાપૂર્વક નિભાવીશ તો તું અવશ્ય વિજયને પ્રાપ્ત કરીશ.

જો તને પતિનું પદ મળ્યું છે તો તારે પતિના પદમાં વફાદાર રહેવું પડશે. જો તને સાધકનું પદ મળ્યું છે તો તારે સાધકદશાને નિષ્ઠાપૂર્વક નિભાવવી પડશે. જો તને શિષ્યનું પદ મળ્યું છે તો તારે એમાં વફાદાર રહેવું પડશે. નહીં

તો તું હારી જઈશ.

જો તને મનુષ્યનું પદ મળ્યું છે તો તારે મનુષ્યના પદમાં વફાદાર રહેવું પડશે. મનુષ્યનું પદ પ્રાપ્ત કરીને તું પ્રાણી જેવી style કે પ્રાણી જેવો વ્યવહાર ન કરી શકે. જો તારા વર્તનમાં ક્યાંય પ્રાણીનો અંશ પણ આવી જશે તો તું યુદ્ધ હારી જઈશ.

તું check કર તારી અને પ્રાણીની lifeને! અને તું check કર તારા selfને! તારી કઈ actionમાં, તારા ક્યાં વર્તનમાં પ્રાણીની અસર છે, તો પહેલા તેને દૂર કર. નહીં તો તું ધર્મયુદ્ધમાં ક્યારેય જીતી નહીં શકે.

જે પોતાને પ્રાપ્ત પદને વફાદાર રહીને યુદ્ધ કરે છે તે જ ધર્મયુદ્ધમાં વિજયની પતાકા લહેરાવી શકે છે.

પ્રભુ વીરે પોતાના અંતિમ સમયે અંતરયુદ્ધના યોદ્ધાને ચતુર્થ ચિંતનલક્ષી શસ્ત્ર આપ્યું 'સમજ'નું!

પ્રભુ વીરે કહ્યું,

હે વીર યોદ્ધા! હે આત્મન્! તું સમજી જા!

समयं गोयम मा पमायए।

હે આત્મન્! તું સમજી જા, તારી પાસે અંતરયુદ્ધ માટે સમય બહુ ઓછો છે એટલે તારા પુરુષાર્થને, તારા શૂરાતનને જરા પણ મંદ પડવા દેતો નહીં! જરા પણ પ્રમાદ કરતો નહીં.

તને ખબર છે, યુદ્ધમાં જેમ-જેમ સમય ઓછો થતો જાય તેમ-તેમ વ્યક્તિનું શૂરાતન વધતું જાય. એમ તું પણ સમયને અલ્પ માનીને તારા શૂરાતનને પ્રગટાવજે, તો જ તું યુદ્ધમાં જીતી શકીશ.

અને જો એકવાર યુદ્ધમાં હારી જઈશ તો તારી પાસે જીતવાનો કોઈ chance, કોઈ તક નહીં રહે.

ચિંતન કર, શું ગાયને સમજ હોય કે મારા માટે શું યોગ્ય છે અને શું અયોગ્ય? ના!

શું કોઈ પક્ષીને વિચાર આવે કે મારે મારા 'સ્વ' સાથે યુદ્ધ કરીને 'સર્વજ્ઞ' બનવું છે? ના!

શું કોઈ દેવલોકના દેવો ધર્મયુદ્ધ લડી શકે? ના! કેમ કે દેવો ધારે તો પણ ધર્મ ન કરી શકે.

શું નારકીના જીવને ધર્મયુદ્ધનો વિચાર આવે? ના!

માત્ર ને માત્ર એક મનુષ્ય જ એવો છે જે 'સ્વ' થકી, 'સ્વ' વડે, 'સ્વ' માટે યુદ્ધ લડી 'સર્વસ્વ'ને પામી 'સર્વજ્ઞ' બની શકે છે, ધર્મયુદ્ધ દ્વારા સકળ કર્મોની નિર્જરા કરી આત્માને શુદ્ધ, વિશુદ્ધ અને પરિશુદ્ધ બનાવી શકે છે, ઇન્દ્રિયો પર control રાખીને આત્માને પરમાત્મા બનાવી શકે છે, ધર્મયુદ્ધમાં વિજયી બનીને મહાવીરમાંથી 'ભગવાન મહાવીર' બની શકે છે.

જ્યારે આ ધર્મશાસ્ત્રોના આધારે યુદ્ધ થાય છે ત્યારે જ યુદ્ધમાં વિજયી બની શકાય છે!

પ્રભુએ કહ્યું, હે સાધક! તારા આ ધર્મયુદ્ધમાં તને સૌથી વધારે ટકાવી રાખે, જાગ્રત રાખે, તને યુદ્ધમાં જિતાડી દે અને ક્યારેય હારવા ન દે એવું અમોઘ એક શસ્ત્ર છે અને એ શસ્ત્રનું નામ છે વિનય!

જે સહન કરે છે તે જ આ યુદ્ધમાં વિજયી બને છે, જે સહન કરે છે તે જ સિદ્ધત્વને પામે છે, જે સહન કરે છે તે જ દરેક ક્ષેત્રમાં સફળ થાય છે.

મુશ્કેલીઓ વખતે યાદ રાખવું... આ મુશ્કેલી નથી, આ તો મારાં કર્મોને ખપાવવાનું પરમ નિમિત્ત છે. આ સૂત્ર તમને સહન કરવાની શક્તિ આપશે અને યુદ્ધમાં જીત અપાવશે.

જે પોતાને પ્રાપ્ત પદને વફાદાર રહીને યુદ્ધ કરે છે તે જ ધર્મયુદ્ધમાં વિજયની પતાકા લહેરાવી શકે છે.

માત્ર ને માત્ર એક મનુષ્ય જ એવો છે જે 'સ્વ' થકી, 'સ્વ' વડે, 'સ્વ' માટે યુદ્ધ લડી 'સર્વસ્વ'ને પામી 'સર્વજ્ઞ' બની શકે છે, ધર્મયુદ્ધ દ્વારા સકળ કર્મોની નિર્જરા કરી આત્માને શુદ્ધ, વિશુદ્ધ અને પરિશુદ્ધ બનાવી શકે છે, ઇન્દ્રિયો પર control રાખીને આત્માને પરમાત્મા બનાવી શકે છે, ધર્મયુદ્ધમાં વિજયી બનીને મહાવીરમાંથી 'ભગવાન મહાવીર' બની શકે છે.



04

ધર્મ – એક યુદ્ધ

ધર્મયુદ્ધનાં શત્રુઓ

ધર્મયુદ્ધમાં જીતવા માટેનાં ભાવશસ્ત્રોની સમજ તો મળી ગઈ. હવે જોઈએ ધર્મયુદ્ધમાં આપણા આત્માને અનાદિ અનંતકાળથી હરાવનારા શત્રુઓ કોણ છે?

આપણા આત્માને હરાવનારા શત્રુઓ છે આપણી સંજ્ઞાઓ, ચાર પ્રકારની સંજ્ઞાઓ...

આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા!

શું ક્યારેય વિચાર આવ્યો છે કે મારી સંજ્ઞાઓ જ મારા મોક્ષમાર્ગમાં અવરોધક છે, મારી મુક્તિ મંજિલમાં બાધક છે?

આહાર સંજ્ઞામાં જીવતા હોય એવા લગભગ જીવો આપણી નજર સામે દેખાતા હોય છે, પછી એ મનુષ્ય હોય, પશુ હોય, પક્ષી હોય કે જીવજંતુ હોય.

ભય સંજ્ઞા પણ લગભગ દરેક જીવો વારંવાર અનુભવતા હોય છે. મનુષ્યને કોઈ ભૂતનો ભય હોય તો કોઈ પ્રાણીનો અથવા સમાજનો અને સંબંધીઓનો પણ ભય હોય! મારાથી કંઈ અયોગ્ય થઈ જશે તો? હું આમ કરીશ તો સમાજ શું કહેશે? આ પણ એક પ્રકારનો ભય છે.

મૈથુન સંજ્ઞા અર્થાત્ વિકાર, વાસના પણ લગભગ દરેક જીવોમાં દશ્યમાન થતાં જ હોય છે.

પરિગ્રહ સંજ્ઞા એટલે વસ્તુઓનો સંગ્રહ કરવાની વૃત્તિ, સંબંધોને વધારવાની વૃત્તિ.

સંજ્ઞા એ છે જે અંદરમાંથી જ આવે છે, એને નથી કોઈ શીખવતું કે નથી એના કોઈ class હોતા!

માનવનું બાળક હોય કે પશુનું, એને જન્મતાંની સાથે જ ખબર પડી જાય છે કે ભૂખ લાગે ત્યારે દૂધ ક્યાંથી અને કેમ પિવાય. નાનપણથી જ એ મોટો અવાજ કે ધડાકો સાંભળે તો ડરી જાય. બિલાડી કૂતરાને જુએ કે ત્યાંથી ભાગી જાય.

આમાંથી કોઈપણ વસ્તુ કોઈને શીખવવી નથી પડતી, કેમ કે અનંતકાળથી એ જ કર્યું છે એટલે ભવોભવ એ જ સંસ્કારરૂપે સાથે આવે છે.

જ્યારે જગતના મોટા ભાગના લોકો આ ચાર સંજ્ઞામાં જીવતા હોય છે ત્યારે બહુ જ અલ્પ મહાપુરુષો અને સત્પુરુષો આ સંજ્ઞા સામે યુદ્ધ કરવાની પ્રજ્ઞામાં જીવતા હોય છે. જે આ ચાર પર વિજય પ્રાપ્ત કરે તેઓ જ ભગવાન મહાવીર સમાન વિજયી બની શકે.

પણ ઘણાબધા ભાવિકો એવા હોય જેમને આત્મયુદ્ધ કરવાના ઉત્કૃષ્ટ ભાવ હોય છે, પણ ઘણો પુરુષાર્થ કરવા છતાં તેઓ ધર્મયુદ્ધમાં શત્રુ સામે જીતી નથી શકતા, કારણ કે, તેઓ શત્રુઓને પારખી નથી શકતા.

જેમ બાહ્ય યુદ્ધમાં શત્રુઓ માત્ર હથિયારોથી જ યુદ્ધ ન કરે, પણ કાવાદાવા અને પેંતરા પણ કરે, એમ સંજ્ઞાઓ પણ આપણી સાથે પેંતરાબાજી કરે. આપણા મનની અંદર ઘૂસી જાય અને મન આપણને નબળા બનાવી દે.

(1) આહાર સંજ્ઞારૂપી શત્રુ :

આહાર સંજ્ઞા કેવી રીતે આપણી શત્રુ બની શકે ?

આહાર પ્રત્યેનો આસક્તિનો ભાવ તેને કહેવાય છે આહાર સંજ્ઞા.

માનો કે તમે આહાર સંજ્ઞા પર વિજય મેળવવા, આહાર પ્રત્યેની આસક્તિ પર વિજય મેળવવા ઉપવાસ કર્યો. ઉપવાસ પણ એક પ્રકારનું યુદ્ધ જ છે. ઉપવાસ એટલે 24 કલાક સુધી આહારનો ત્યાગ, એક પણ અન્નનો દાણો ન વાપરવો.

તો ઉપવાસમાં શું થયું?

એક તરફ ભૂખ લાગી હોય, પણ એક તરફ આહાર ન વાપરવાના પચ્ચક્ખાણ હોય.

એક તરફ ભોગના બધા જ પદાર્થો હોય, પણ એક તરફ ત્યાગનો સંકલ્પ હોય.

આવા સમયે જ્યારે મન ખાવા તરફ પ્રેરે ત્યારે આત્મા પચ્ચક્ખાણ યાદ કરાવે અને આત્મબળને strong બનાવવાનો પ્રયત્ન કરે. પણ આવા જ સમયે મન એની પેંતરાબાજી શરૂ કરે, Emotional blackmailing શરૂ કરે.

હે જીવ! જમી લે! ભૂખ્યા પેટે ભગવાનનું નામ પણ લેવાનું મન નહીં થાય. શરીરમાં શક્તિ હશે, શરીર સક્ષમ હશે તો સાધના પણ શ્રેષ્ઠ થઈ શકશે. તારે ક્યાં શોખ માટે ખાવું છે? તારે તો સાધના માટે, શરીરને ટકાવવા માટે ખાવું છે.

અને તમારું જ મન તમને પાછો જવાબ આપે : હા, વાત તો સાચી છે, જોને! અત્યારે પણ ભૂખ લાગી જ છે, નબળાઈ પણ લાગે છે. એમાં માળા કરવાની, પરમાત્માનું સ્મરણ કરવાનું મન જ ક્યાં થાય છે? એના કરતાં એકવાર જમી લઉં. પછી શાંતિથી સામાયિક પણ કરીશ અને પ્રતિક્રમણ પણ કરીશ.

તમારા જ મને તમને નબળા બનાવી દીધા, તમને ઢીલા બનાવી દીધા. તમે એના દાવપેચમાં, એની ચાલમાં ફસાઈ ગયા અને તમે ધર્મયુદ્ધમાં હારી ગયા!

તમે આહાર સામે હારી ગયા અને તમારી આહાર સંજ્ઞા જીતી ગઈ. આવું આજ સુધી કેટલીવાર બન્યું હશે?

પણ એ સમયે જો તમે તમારા 'સહનશીલતા' નામના શસ્ત્ર સાથે યુદ્ધના મેદાનમાં ગયા હોત તો?

તો ગમે તેવી ભૂખ, ગમે તેવી નબળાઈને પણ સહન કરી શકત અને તમારી ધર્મસાધનાને નિર્વિઘ્ન પરિપૂર્ણ કરી શકત!

તમારી 'સહનશીલતા' તમને આહાર સંજ્ઞા સામે જરૂર જિતાડી દેત અને એ જ સહનશીલતા તમને ધર્મયુદ્ધમાં વિજયી બનાવી તમને સિદ્ધત્વ સુધી લઈ જાત!

(2) ભય સંજ્ઞારૂપી શત્રુ :

આખા દિવસમાં ચાર સંજ્ઞામાંથી સૌથી વધારે અસર કરતી હોય એવી સંજ્ઞા છે ભય સંજ્ઞા!

મને કંઈ થશે તો નહીંને, મારા પ્રત્યેની તેની લાગણી ઓછી તો નહીં થઈ જાયને, તે મારાથી નારાજ તો નહીં થઈ જાયને, મારાં સંતાનો અવળે માર્ગે તો નહીં જાયને, મારું કંઈ ખરાબ તો નહીં થાયને, મારું કંઈ ચાલ્યું તો નહીં જાયને! - ભય સંજ્ઞા જીતી ગઈ અને તમે હારી ગયા.

મોટા ભાગની વ્યક્તિઓ આવી કલ્પનાના ભયમાં જીવતી હોય છે.

જેની અંદરમાં ભય હોય તે નબળો હોય અને જે ભય જીતવાનો પુરુષાર્થ કરતો હોય તે વીરયોદ્ધા હોય અને જેમણે ભયને જીતી લીધો હોય તે સિદ્ધ પુરુષ મહાવીર હોય!

તમારા મનમાં સતત એક ભય હોય છે જે તમને સતત સતાવતો હોય છે. તમે કંઈ પણ કરો છો, કોઈપણ કાર્ય કરો છો ત્યારે મનમાં કોઈ ને કોઈ પ્રકારનો ભય હોય જ છે. મારું કામ મારા bossને ગમશેને? મારો વ્યવહાર સમાજમાં યોગ્ય તો હશેને? મારાં બાળકોને મારાથી સંતોષ તો હશેને? મારી

પત્ની મને વફાદાર તો હશેને? ભય સંજ્ઞા જીતી ગઈ, તમે હારી ગયા.

એક કાલ્પનિક ભય તમને શાંતિથી જીવવા જ ન દે! પણ જો તમારો આત્મા strong હોય, તમારા વિચારો positive હોય તો તમારામાં એક આત્મવિશ્વાસ હોય, તમારી સમજદારીનું ગૌરવ હોય.

તમારો inner voice તમને કહેતો હોય, જોજે! તારા આ કામથી તારા boss કેટલા ખુશ થઈ જશે! તારા વ્યવહારની સમાજ જરૂર નોંધ લેશે. તારાં સંતાનો માટે તો તું આદર્શ પિતા છે અને તારી પત્નીને તું એટલો પ્રેમ કરે છે કે તેને બીજાનો વિચાર સ્વપ્નમાં પણ નહીં આવી શકે. - ભયસંજ્ઞા હારી ગઈ, તમે જીતી ગયા!

તમારાં સમજદારીનાં શસ્ત્રોએ ભયસંજ્ઞાને ઘાયલ કરી દીધી.

ધર્મયુદ્ધમાં જે પરમાત્માએ આપેલાં શસ્ત્રોને સાથે રાખે છે તે અવશ્ય જીતે છે.

ધર્મયુદ્ધમાં જે પરમાત્માનો હોય એને 'પર'ની પરવા જ ન હોય!

(3) મૈથુન સંજ્ઞારૂપી શત્રુ :

કોઈ સુંદર, આકર્ષક, વ્યક્તિને જોઈ તમારું મન તેના તરફ આકર્ષાયું. મન એકદમ ધીમે-ધીમે છળકપટથી તેને જીતવાનો પ્રયત્ન કરે છે. એટલે પહેલા તમે એની સાથે Hi-hello કરીને વાતની શરૂઆત કરો છો, પણ તમારો આત્મા તમને રોકે છે કે આ તારા માટે યોગ્ય નથી. આવા સમયે, યાદ કરો, તમારા વફાદારીના પદને! ઘરમાં પત્ની હોય અને અન્ય નારી પર નજર ન કરાય. વફાદારીનું શસ્ત્ર તો તમે કાઢ્યું, પણ મને પાછું કહ્યું, તારે ક્યાં તેની સાથે સંબંધ બાંધવો છે? બે ઘડી વાતચીત કરવામાં શું વાંધો છે?

ખલાસ! યુદ્ધમાં મૈથુન નામના શત્રુએ તારી સેનામાં પ્રવેશ કરી લીધો. ધીમે-ધીમે એ એક પછી એક step આગળ વધે છે. આજે વાતચીત કરી, કાલે સાથે coffee પીધી, પરમ દિવસે movie જોવા ગયા અને અંતે! પરિણામ શું આવ્યું?

તમારા આકર્ષણે, મૈથુન નામના શત્રુએ તમને હરાવી દીધા!

માટે ભગવાને 'વફાદારી' નામનું શસ્ત્ર આપ્યું છે અને કહ્યું છે, આ શસ્ત્રથી તું તારા વિકાર અને વાસના નામના શત્રુઓને હરાવજે અને ધર્મયુદ્ધમાં વિજય પ્રાપ્ત કરજે.

(4) પરિગ્રહ સંજ્ઞારૂપી શત્રુ :

તમારા કબાટમાં અનેક shirt અને T-shirt હશે. કેટલાંય તો કપડાં એવાં પણ હશે જે હજી એકવાર પણ પહેર્યાં નહીં હોય. છતાં Mallની બહાર 'New arrival'નું board જુઓ અને તમારા પગ એ Showroom તરફ વળી જાય. કેમ?

કેમ કે પરિગ્રહ નામની સંજ્ઞાએ તમારા આત્મા પર કબજો જમાવી દીધો છે.

ચાર પેઢી ખાય એટલું તમારી તિજોરીમાં ભર્યું હોય છતાંય વધુ કમાવા માટે તમે Businessમાં કેટલુંય સાચું-ખોટું કરો?

શા માટે?

કેમ કે, તમે તમારા વિનય અને વિવેક નામનાં શસ્ત્રોને ભૂલી જાવ છો.

તમારા પરિગ્રહે તમારી અનુકંપા પર, તમારા સહાયધર્મ પર, તમારા માનવતાના ગુણ પર વિજય મેળવી લીધો છે.

માટે જ, ભગવાને ભાવશસ્ત્રો આપતાંની સાથે જ કહ્યું હતું કે એને કાયમ તારી પાસે અને તારી સાથે જ રાખજે, તો જ તું ધર્મયુદ્ધમાં જીતી શકીશ.

ધર્મયુદ્ધમાં ક્યારેય નબળા ન પડાય. જરાક નબળા પડ્યા તો સંજ્ઞાઓ તો આક્રમણ કરવા હંમેશાં તૈયાર જ હોય છે.

ધર્મની એક વ્યાખ્યા...

સંજ્ઞા ઘટે એનું નામ ધર્મ!

જેમને પોતાની Lifeમાં ધર્મ વધારવો હોય તેમણે આ ચાર સંજ્ઞાઓને ઘટાડવાનો પુરુષાર્થ કરવો જોઈએ, આ ચાર સંજ્ઞા પર જીત મેળવવાની સાધના કરવી જોઈએ.

જેમ-જેમ આ ચાર સંજ્ઞા ઘટે છે તેમ-તેમ આત્માની નજીક જવાય છે.

ધર્મયુદ્ધમાં જેમ સંજ્ઞાઓ શત્રુઓ બનીને આત્માને હરાવે છે એમ ઇન્દ્રિયો પણ શત્રુ બનીને આત્માને હરવાનો પ્રયત્ન કરે છે. માટે ઇન્દ્રિયો આંખ, નાક, કાન, જીભ અને કાયાને પણ જીતવી એટલી જ જરૂરી છે.

જે ઇન્દ્રિયોને જીતી જાય છે તેનો આત્મા જીતી જાય છે. જે ઇન્દ્રિયોને જીતી જાય છે તે ઇન્દ્રિયાતીત જ્ઞાનને પ્રગટ કરી શકે છે.

માટે જ, ભગવાને તેમની કલ્યાણકારી જ્ઞાનવાણીમાં કહ્યું...

હે આત્મન્! તારા માટે તું જ નરકનું સર્જન કરી શકે છે અને તું જ મોક્ષનું સર્જન કરી શકે છે. તારી ગતિ, તારી સિદ્ધિ તારા પર જ નિર્ભર કરે છે. જો તું સંજ્ઞાઓ અને ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરે છે તો તારા માટે મોક્ષનાં દ્વાર ખૂલી જાય છે અને જો તું હારી જાય છે તો તારા માટે ચારે ગતિનાં દ્વાર ખૂલી જાય છે.

પરિભ્રમણના આ ચક્કરમાંથી મુક્ત થવા, મોક્ષને પામવા તું પ્રબળ પુરુષાર્થ કર, તું ક્ષણભરનો પણ પ્રમાદ ન કર અને તું ધર્મયુદ્ધમાં વિજયી બની જા!

ધર્મ એટલે શું? ધર્મ શું છે?

ધર્મ સાધના છે? ધર્મ પૂજા છે? ધર્મ આરાધના છે?

ધર્મ ઉપાસના છે? ધર્મ ક્રિયા છે?

ના! ધર્મ એક યુદ્ધ છે!

ધર્મ એક એવું યુદ્ધ છે, જેમાં જે વિજય પામે છે તેના નામની આગળ 'ભગવાન' શબ્દ લાગી જાય છે.

ભગવાન બનવું છે? તો આજથી શરૂ કરો ધર્મયુદ્ધ!

જેમને પોતાની lifeમાં ધર્મ વધારવો હોય તેમણે ચાર સંજ્ઞાઓને ઘટાડવાનો પુરુષાર્થ કરવો જોઈએ, ચાર સંજ્ઞા પર જીત મેળવવાની સાધના કરવી જોઈએ.

જે ઇન્દ્રિયોને જીતી જાય છે તેનો આત્મા જીતી જાય છે. જે ઇન્દ્રિયોને જીતી જાય છે તે ઇન્દ્રિયાતીત જ્ઞાનને પ્રગટ કરી શકે છે.

જગતના મોટાભાગના લોકો આ ચાર સંજ્ઞામાં જીવતા હોય છે ત્યારે બહુ જ અલ્પ મહાપુરુષો અને સત્પુરુષો આ સંજ્ઞા સામે યુદ્ધ કરવાની પ્રજ્ઞામાં જીવતા હોય છે. જે આ ચાર પર વિજય પ્રાપ્ત કરે તેઓ જ મહાવીર સમાન વિજયી બની શકે.





ધર્મયુદ્ધનો વિજય તિલક

05

ધર્મયુદ્ધનો વિજય તિલક

ધર્મ-Lifeને આપે Turn!

આપણો અહીં જન્મ થયો, આપણે અહીં આવ્યા અને હવે આપણી life પૂરી થઈ જશે અને આપણે જશું... તો પછી જેવા આવ્યા હતા તેવા જ return થશું કે આપણી lifeમાં કોઈ turn હશે?

ચિંતન કરો,

આપણી lifeનો કેટલો સમય બાકી છે? ખબર નથી. આવતીકાલ આવશે? ખબર નથી. છતાં ઘણા એમ માનતા હોય છે કે હજી તો આપણી ઉંમર ક્યાં થઈ છે? હજી તો ઘણો સમય બાકી છે.

સમય તમને લાંબો લાગે છે, પણ એકવાર તમારા અનંતકાળ પર દૃષ્ટિ કરો... ભૂતકાળમાં જે અનંત સમય ગયો છે એની સામે આ ભવનાં, આ જીવનનાં જેટલાં વર્ષો મળ્યાં છે, એમાંથી return થવાનું એ નક્કી છે તો turn સાથે return થવાનું કે એમ ને એમ જ return થવાનું?

શું ક્યારેય વિચાર્યું છે કે અહીંથી return થયા પછી આપણી દશા, આપણી દિશા, આપણી ગતિ કઈ હશે, ક્યાં હશે, કેવી હશે? શું અમૂલ્ય એવો માનવભવ મળ્યા પછી... આટલાં વર્ષો ધર્મધ્યાન કર્યા પછી પણ અંદરમાં અનંતકાળથી પડેલાં ઈર્ષ્યા, અદેખાઈ, ego, નિંદા, ટીકા, ક્રોધ આદિ ગયાં ખરા? અને મનુષ્યના માનવતા, ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ જેવા ગુણો આવ્યા ખરા?

Check કરશો તો ખબર પડશે કે બહારથી ધાર્મિકતાનો dress પહેર્યો છે, પણ અંદરનું address તો કંઈક અલગ જ છે.

તમારી અંદરની વૃત્તિ અને બહારની પ્રવૃત્તિને check કરો. બહારનું ખોળિયું મનુષ્યનું છે, પણ અંદરથી? જ્યાં સુધી કોઈ નડતું નથી ત્યાં સુધી એક સારા મનુષ્ય તરીકે રહી શકો, પણ જેવા કોઈ નડે એટલે તરત જ બધા જ સંસ્કાર બહાર આવી જાય.

આ ભવમાં શું કરવાનું છે? બીજું કંઈ જ કરવાની જરૂર નથી. જરૂર છે માત્ર એક 'turn' લેવાની... માણસ બનવાની, turn લેવાની! કેમ કે, મૃત્યુ પછી આપણે ક્યાં return થવાના છીએ? **જે સંસ્કાર અહીં હશે એ જ સંસ્કાર આવતા જન્મમાં સાથે આવશે.** એટલે કોઈપણ પ્રવૃત્તિ કરતી વખતે કોઈપણ વૃત્તિ પ્રગટે ત્યારે યાદ રાખવાનું કે 'હું માણસ છું' અને માણસ તરીકે મારી પ્રવૃત્તિ અને વૃત્તિ કેવી હોવી જોઈએ.

તમારી જાતને check કરો. તમારી પાસે તમારા કબાટમાં 25-50 જોડી dress, સાડીઓ વગેરે પડ્યાં છે. એમાંથી કેટલીયે સાડી એવી છે જે છેલ્લાં 6 વર્ષથી ક્યારેય પહેરી નથી, કેટલાય dress એવા છે જેની fashion પણ જૂની થઈ ગઈ છે.

છતાં તમારી સામે કોઈ ફાટેલાં-તૂટેલાં કપડાંવાળી વ્યક્તિ આવે ત્યારે કબાટ ખોલવાનું મન થાય છે? એમાંથી એકાદ સાડી કે dress આપવાનું મન થાય છે?

ના... ના... હજી આ સાડી ક્યાં ફાટી છે? હજી તો આ dressનો રંગ ક્યાં fade થયો છે?

આને શું કહેવાય? સંગ્રહ કરેલી વસ્તુઓનો પરિગ્રહ.

આવી વૃત્તિ કોની હોય? કીડીની.

કીડી પણ પોતાની જરૂરિયાત કરતાં મોટો કણિયો લઈને જતી હોય ત્યારે તેને ખબર હોય કે એ ક્યાં જાય છે?

જ્યારે આવી કોઈ વૃત્તિ પ્રગટે ત્યારે યાદ આવી જવું જોઈએ કે **આ મારા ભૂતકાળના સંસ્કાર બહાર આવી રહ્યા છે અને હવે મારે પાછા એ જ ભવમાં return નથી થવું એટલે મારે અહીંથી turn લેવો છે.**

કદાચ બહુ ઊંચી કક્ષાના ધાર્મિક ન બનાય, બહુ ઊંચી કક્ષાના સાધક ન બનાય તો no problem! એના પહેલાં આપણે માણસ બની જઈએ, lifeમાં એક turn લઈ લઈએ.

KGના પાઠ શીખ્યા વિના collegeનો અભ્યાસ કરવા જઈએ તો શું થાય?

KG વગરની college એ knowledgeનું નહીં... No knowledgeનું પ્રતીક છે. માણસ બન્યા વિના જ જો ધાર્મિક બની ગયા તો શું થાય? પરમાત્માની કૃપાથી આ ભવ, ધર્મ, ગુરુના જે સંયોગો મળ્યા છે એને પણ ભવિષ્યમાં અનંતકાળ માટે ગુમાવી દેશું.

એટલે નક્કી કરો કે lifeમાં turn લેવો છે કે એમ જ return થવું છે?

ધર્મ lifeને એક turn આપે છે.

યાદ રાખજો, જેની lifeમાં ધર્મ નામનો turn આવે છે એ ક્યારેય એમનેમ return નથી થતા.

પણ keroseneના ડબ્બાને ધોયા વિના જ એમાં ઘી ભરીએ તો શું થાય? Keroseneની વાસ આવ્યા વિના રહે જ નહીં.

તેમ તમારી જાતને check કરો.

બહારથી ભલે ઉચ્ચ કક્ષાના ધાર્મિક ગણાતા હશો, પણ અંદરમાં ક્યાંક ને ક્યાંક kerosene જેવા ભૂતકાળના સંસ્કારો તો પડ્યા જ હશે.

માટે જ શુદ્ધ ઘી જેવો માનવભવ ભૂતકાળની kerosene જેવી વૃત્તિઓને કારણે બગડી જાય છે.

તમારી આસપાસના એક-એક પ્રાણી, પક્ષી અને જંતુઓને જુઓ અને તમારી વૃત્તિ અને પ્રવૃત્તિને check કરો, ઘણુંબધું સમજાઈ જશે.

ઘણા બહારથી શાંત દેખાતા હોય, પણ અંદરથી તરાપ મારવાની તૈયારીમાં હોય. ગરોળીનો ભવ છોડ્યો, પણ ગરોળીની વૃત્તિ નથી ગઈ.

ઘણાને વારે-વારે બીજાને ટોકવાની અને ડંખ મારવાની આદત હોય છે. મચ્છરનું ખોળિયું છોડ્યું, પણ મચ્છરની વૃત્તિ ન ગઈ.

આ મારું ઘર છે, આ મારી family છે, આ મારી વસ્તુ છે. એ શું છે? રસ્તાનો કૂતરો પણ એના areaમાં બીજાને જોઈને ભસવા લાગે અને જાણે કહેતો હોય... 'આ તો મારો જ area છે.'

આવા કોઈ પણ અવગુણ બહાર આવે ત્યારે પહેલા પોતાની જાતને સમજાવો... 'હું માણસ છું, મારાથી આવું ન થાય.'

વિચાર કરો કે મારી આ વૃત્તિ કોના જેવી છે? અને જો હું આજે પણ આ જ વૃત્તિ રાખીશ તો મારું આવતા ભવનું reservation પણ ક્યાં થશે? જો આટલું યાદ રહેશે તો lifeમાં Turn લેવો નહીં પડે, 'turn' લેવાઈ જશે.

માનો કે તમે રોડ પરથી પસાર થતા હો ત્યારે કોઈ bikeવાળી વ્યક્તિ જતાં-જતાં તમારી ઉપર છાંટા ઉડાડીને જતી રહે ત્યારે તમે શું કરો? કેટલાંય સરસ્વતી વચનો કહી દો. પણ એ સમયે યાદ રાખવાનું કે "હું માણસ છું" આટલું વિચારવા માત્રથી તે road પર ઊભા-ઊભા તમારો ધર્મ થઈ ગયો.

Let go કર્યું, સમતા રાખી એટલે ધર્મ થઈ ગયો.

ક્રોધ ન કર્યો, ગુસ્સો આવ્યો પણ ગુસ્સાના ભાવથી પાછા ફર્યા, પાપથી પાછા ફર્યા એટલે સાધના થઈ ગઈ અને સામે જવાબ ન આપ્યો, શબ્દોના કોળિયા ન ખાધા એટલે ઉપવાસ થઈ ગયો.

ઘણીવાર બધું સમજવા છતાં, જાણવા છતાં કરી નથી શકતા, કેમ કે, ભૂતકાળના સંસ્કારોનો force એટલો બધો strong હોય છે કે લાખ સમજણ હોવા છતાં સમય આવે ત્યારે એ રાખ થઈ જાય છે અને આપણે સંયોગો સાથે ભળી જઈએ છીએ. એટલે આપણે આકૃતિથી તો માણસ છીએ, પણ પ્રકૃતિથી પણ માણસ થવા માટે lifeમાં turn લેવાની ખાસ જરૂર છે. Lifeમાં ધર્મની જરૂર છે.

જેટલા મનુષ્યો હોય એમાંથી મનુષ્ય મરીને મનુષ્ય થાય તેવા કેટલા અને મનુષ્ય મરીને પ્રાણીજગતમાં જાય એવા કેટલા?

જૈન ધર્મગ્રંથ આગમના 'શ્રી ભગવતી સૂત્ર'માં ભગવાને એનો ratio બતાવ્યો છે. અનંતા ભવ જ્યારે પ્રાણીમાં, પંખીમાં, જંતુમાં, વનસ્પતિમાં વિતાવીએ ત્યારે એક ભવ મનુષ્યનો મુશ્કેલીથી મળે.

હવે જો એ ભવમાં 'માણસ' બની ગયા એટલે કે પ્રકૃતિથી માણસ બની ગયા તો up, નહીં તો down. તમારી life upની દિશામાં છે કે downની?

અનંતા જીવોને જે નથી મળ્યું, જેમ કે માનવભવ, સારું કુળ, ધર્મ, સારો પરિવાર, ગુરુ અને સત્સંગનો યોગ, પરમાત્માની સમજ અને અનુભૂતિ કરાવનાર આ બધું જ આપણને મળ્યું છે.

એટલે કે અનંતાથી આપણે અલગ છીએ, વિશિષ્ટ છીએ, શ્રેષ્ઠ છીએ, પરંતુ એ બધું મેળવીને પણ જો 'માણસ' ન બન્યા તો?

તો એ મળ્યું તો પણ શું અને ન મળ્યું તો પણ શું?

ચાલો, કદાચ બધી જગ્યાએ માણસ ન બની શકીએ તો 'no problem', પણ ઘરમાં તો માણસ બની શકીએને?

આપણો સૌથી મોટામાં મોટો weak point એ જ છે કે ઘરની બહાર તો હજી પણ 'માણસ' જેવા દેખાઈએ છીએ, પણ ઘરમાં? ઘરમાં અસ્સલ

સ્વરૂપે આવી જઈએ છીએ.

ભગવાને કહ્યું છે,

चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो।
माणुसत्तं सुई सद्धा, संजमम्मि य वीरियं॥

(श्री उत्तराध्ययन सूत्र 3/1)

વાસ્તવિકતા તો એ છે કે દુર્લભમાં દુર્લભ કંઈ હોય તો એ છે મનુષ્યભવ અને મનુષ્યપણાનાં લક્ષણો.

જેનામાં પ્રાણીપણાનું એક પણ લક્ષણ ન હોય તેનું નામ મનુષ્ય.

જે એકવાર મનુષ્ય બની જાય છે તેની દરેક ક્ષણ ધર્મમય બની જાય છે એટલે તેને ભગવાન બનતાં વાર નથી લાગતી, કેમ કે, માણસ એને જ કહેવાય જે બીજાને સમજી શકે, બીજાને સાંભળી શકે, બીજાને સાચવી શકે, બીજાને ઓળખી શકે, પોતાનું છોડીને બીજાને કંઈક આપી શકે, જાતને ઘસીને પણ બીજાને ચમક આપી શકે.

માણસ એને જ કહેવાય જેનામાં ભગવાનના અંશ હોય અને જે ભગવાનનો વંશ હોય.

જ્યારે તે ભગવાનનો વંશ હોય ત્યારે તેને ધર્મ કરવો નથી પડતો, ધર્મ તેનાથી સહજતાથી થઈ જતો હોય છે.

જો ધર્મ કરશું તો lifeથી turn થશું, તો જ કદાચ ભવિષ્યમાં માણસ થઈ શકશું અને turn થયા વિના return થશું તો પાછા તિર્યંચ બની જશું.

આપણો આવતો ભવ ભગવાનના હાથમાં નથી, આપણા જ હાથમાં છે. આપણે સ્વયં જ આપણા ઈશ્વર છીએ.

'જેવા આપણા ભાવ, એવું આપણું ભવિષ્ય.'

આપણી સ્વયંની ઇચ્છા અને ભાવ એ જ આપણો આવતો ભવ નક્કી કરે છે.

જો બળતણિયા, ચીડિયા, ડરપોક, અભિમાની, ક્રોધી, કપટી રહીશું તો ક્યાં જઈશું અને શાંત, પ્રશાંત, ઉપશાંત બનીશું તો ક્યાં જઈશું? તે આપણે વિચારવાનું છે.

આપણે કોઈને નડીએ નહીં, કોઈને રડાવીએ નહીં, કોઈને ફસાવીએ નહીં, કોઈને છેતરીએ નહીં, ખોટું બોલીએ નહીં, જરૂરથી વધારે રાખીએ નહીં એ જ આપણો ધર્મ છે, એ જ સાચો ધર્મ છે.

આવી ધર્મની આરાધના કરતાં જો આપણને આવડી જાય તો જીવનની દરેક પળ ધન્ય બની જાય છે અને આવી ધર્મ-આરાધના જ lifeને 'turn' કરવાની 'master key' છે. ખોટ માત્ર એટલી છે કે ધર્મના સાચા સ્વરૂપ સુધી આપણે પહોંચી શકતા નથી, ધર્મના મર્મને જાણી શકતા નથી.

ધર્મના સાચા અર્થને સમજવાનો ચાલો કરીએ પુરુષાર્થ.

જૈન ધર્મગ્રંથ આગમના 'શ્રી ભગવતી સૂત્ર'માં ભગવાને ratio બતાવ્યો છે. અનંતા ભવ જ્યારે પ્રાણીમાં, પંખીમાં, જંતુમાં, વનસ્પતિમાં વિતાવીએ ત્યારે એક ભવ મનુષ્યનો મુશ્કેલીથી મળે.

માણસ એને જ કહેવાય જે બીજાને સમજી શકે, બીજાને સાંભળી શકે, બીજાને સાચવી શકે, બીજાને ઓળખી શકે, પોતાનું છોડીને બીજાને કંઈક આપી શકે, જાતને ઘસીને પણ બીજાને ચમક આપી શકે.

આપણો આવતો ભવ ભગવાનના હાથમાં નથી, આપણા જ હાથમાં છે. આપણે સ્વયં જ આપણા ઈશ્વર છીએ.

જેવા આપણા ભાવ, એવું આપણું ભવિષ્ય.

માણસ એને જ કહેવાય જેનામાં ભગવાનના અંશ હોય અને જે ભગવાનનો વંશ હોય.



06

ધર્મયુદ્ધનો વિજય તિલક

ધર્મ-ભાવોનો Watchman

પાણીમાં જો કચરો ભળે તો ગટર બની જાય અને એ જ પાણીને જો filter કરવામાં આવે તો ગંગાના પાણી સમાન બની જાય. આત્માના ભાવો પણ પાણી જેવા હોય છે.

તમારા ભાવોને ગટરનું પાણી બનાવવું કે ગંગાનું પાણી એ તમારા જ હાથમાં છે. **તમારા ભાવોનો remote control તમારા જ હાથમાં છે. ભાવશુદ્ધિ એ જ ધર્મ છે.**

એક દિવસ શ્રેણિક નામના એક મહારાજા ભગવાન મહાવીરનાં દર્શન કરવા જાય છે ત્યારે ત્યાં ધ્યાનસ્થ મુદ્રામાં લીન થઈને ઊભેલા પ્રસન્નચંદ્રમુનિને જુએ છે. તેઓ ભાવથી તેમનાં દર્શન કરે છે અને તેમની શ્રેષ્ઠ ધ્યાનસ્થ અવસ્થાને જોઈને તેઓ ભગવાન પાસે જઈને ભગવાનને પ્રશ્ન પૂછે છે :

શ્રેણિક રાજા : હે ભગવાન! ધ્યાનસ્થ મુદ્રામાં ઊભેલા મુનિ પ્રસન્નચંદ્રનો આત્મા કેટલો ઉત્તમ છે? ભગવાન! તેઓને આવતા ભવમાં કઈ ગતિ મળશે?

ભગવાન : રાજન! જો અત્યારે તેમનું મૃત્યુ થશે તો તેઓ સાતમી નરકમાં જશે.

શ્રેણિક રાજા : ભગવાન! એવું કેમ? એ તો મુનિ છે અને ધ્યાનસાધનામાં મગ્ન છે.

ભગવાન : તેઓના ભાવોના કારણે. તેમનું દ્રવ્ય શરીર અત્યારે મુનિના વેશમાં ધ્યાનમુદ્રામાં છે, પણ ભાવશરીર છે, યુદ્ધના મેદાનમાં!

શ્રેણિક રાજા : ભગવાન! એ કેવી રીતે?

ભગવાન : ધ્યાનસ્થ મુદ્રામાં ઊભેલા મુનિ પ્રસન્નચંદ્રએ હમણાં તેમની પાસેથી પસાર થતી પ્રજાની વાતો સાંભળી કે આ રાજા તો અહીં મુનિ બનીને ઊભા છે અને ત્યાં તેમના દીકરા પાસેથી રાજ છીનવી લેવા આસપાસના

રાજાઓ એક થઈને યુદ્ધની તૈયારી કરી રહ્યા છે.

પ્રસન્નચંદ્ર રાજાએ સંસારત્યાગ કર્યો, મુનિત્વ ધારણ કર્યું, પણ હજી ક્યાંક પુત્ર-પરિવાર સાથે connection રહી ગયું છે. એ relationના કારણે reaction આવ્યું.

રાજ છીનવી લેવાની વાત સાંભળતાં મુનિ પ્રસન્નચંદ્ર ક્રોધિત થયા અને એ ભૂલી ગયા કે હું મુનિ છું, હું સાધુ છું, હું રાજપાટ ત્યાગીને આવ્યો છું અને તેઓ ભાવથી અત્યારે શત્રુ રાજાઓ સાથે યુદ્ધ કરી રહ્યા છે.

તેમનું દ્રવ્ય શરીર અત્યારે મુનિનું છે, પણ તેમનું ભાવ શરીર અત્યારે રાજાનું છે, એક પિતાનું છે, એક શત્રુનું છે. તેમના ભાવ અત્યારે મારવાના છે. માટે જો તે અત્યારે મૃત્યુ પામે તો સાતમી નરકમાં જાય.

શા માટે આવું થયું? તેના સ્વયંના ભાવોના કારણે...

કેમ કે, પ્રસન્નચંદ્ર રાજર્ષિનો સ્વયંના ભાવો પર control ન રહ્યો!

થોડી ક્ષણો પસાર થઈ. ફરી શ્રેણિક રાજા ભગવાનને પૂછે છે,

શ્રેણિક રાજા : ભગવાન! પ્રસન્નચંદ્રમુનિ અત્યારે મૃત્યુ પામશે તો પણ નરકમાં જ જશે?

ભગવાન : ના રાજન! જો અત્યારે તે મૃત્યુ પામશે તો બારમા દેવલોકમાં જશે.

ભગવાનનાં આ વચનો સાંભળી શ્રેણિક રાજા આશ્ચર્યથી બોલ્યા,

શ્રેણિક રાજા : હે ભગવાન! સાતમી નરકમાંથી સીધા બારમા દેવલોકમાં? એ પણ આટલી થોડી ક્ષણોમાં? ભગવાન એવું શું થયું?

ભગવાન : રાજન! પ્રસન્નચંદ્રમુનિ ભાવથી યુદ્ધના મેદાનમાં યુદ્ધ કરી

રહ્યા હતા. શત્રુને મારવા તેમનો હાથ ઊંચો થયો અને મસ્તક પાસે આવ્યો અને વિચાર આવ્યો કે અરે! મારો મુગટ ક્યાં? રાજમુગટ વિનાનું આ મારું મસ્તક?

મસ્તક પર હાથ ફરતાં જ તેમને યાદ આવ્યું કે હું તો મુનિ છું, આ મારું મુનિત્વના આભૂષણરૂપ મૂંડિત મસ્તક છે. આવા વિચારોની સ્મૃતિ થતાં તેમના ભાવો બદલાવા લાગ્યા. પસ્તાવાના નીરમાં તે મુનિ ભીંજાવા લાગ્યા.

અરેરેરે! જેનો ત્યાગ કરીને, જે રાજપાટ-મહેલ, પત્ની, પુત્રને છોડીને નીકળ્યો છું તેની સાથે પાછો connect કેવી રીતે થઈ ગયો? મારાથી આવી ભૂલ કેવી રીતે થઈ ગઈ?

સાચા હૃદયથી થતા પસ્તાવાના ભાવ હવે તેમને બારમા દેવલોકમાં લઈ જવા જેટલા શુભ થઈ ગયા છે. જો આ ક્ષણે તેમનું મૃત્યુ થાય તો તેમનો આત્મા બારમા દેવલોક તરફ ગતિ કરે.

ફરી થોડી ક્ષણો પસાર થઈ. આશ્ચર્યમિશ્રિત ભાવો સાથે જિજ્ઞાસુ શ્રેણિક રાજા ભગવાનને પૂછે છે.

શ્રેણિક રાજા : ભગવાન! પ્રસન્નચંદ્રમુનિ ખરેખર બારમા દેવલોકમાં જશે?

ભગવાન : રાજન! પ્રસન્નચંદ્રમુનિ મોક્ષમાં જશે. શ્રેણિક રાજાનું આશ્ચર્ય double થઈ જાય છે.

શ્રેણિક રાજા : ભગવાન! કંઈ સમજાતું નથી. બારમા દેવલોકથી આટલી જ ક્ષણોમાં સીધા મોક્ષમાં.

ભગવાન : હા રાજન! પ્રસન્નચંદ્રમુનિએ પ્રાયશ્ચિત્ત અને પ્રતિક્રમણ કરતાં-કરતાં તેમના ભાવોને શુદ્ધ, વિશુદ્ધ અને પરિશુદ્ધ કરી દીધા. આત્મશુદ્ધિના ભાવોમાં ત્યાં ને ત્યાં કર્મોને ક્ષય કરી દીધા અને તેઓ

કેવળજ્ઞાન અને કેવળદર્શનને પામ્યા છે.

થોડી ક્ષણ પહેલાંનો પુત્રપ્રેમમાં રાગી બનેલો આત્મા ભાવશુદ્ધિ કરીને વીતરાગી બની ગયો. જુઓ, દેવલોકના દેવો પણ એમનો કેવળજ્ઞાન મહોત્સવ ઊજવવા પધારી રહ્યા છે.

થોડીવાર પહેલાં સાતમી નરક... થોડી ક્ષણો પહેલાં બારમું દેવલોક અને પળમાં મોક્ષ!

પળ માટે કરેલા ભાવ પણ અનંત ભવોને બગાડી શકે છે અને પળ માટે કરેલા ભાવ અનંત ભવોને સુધારી શકે છે. તેથી જ ભાવના watchman બનવાનું છે, પળે-પળે ઊઠતા ભાવોને watch કરવાના છે. ભાવોને watch કરવા તેને જ ધર્મ કહેવાય છે.

અત્યારે ઊઠેલા ભાવ શુભ છે કે અશુભ? રાગના છે કે વિરાગના? સ્વભાવના છે કે વિભાવના? તે માટે always alert રહેવું. વિભાવના છે તો તરત જ change કરી નાખો.

કેમકે, જેના ભાવ બગડ્યા એનો ભવ બગડ્યો.

જેનો આ ભવ બગડ્યો એનું ભવિષ્ય બગડી ગયું.

જેના ભાવોમાં ક્રોધ આવી ગયો એનું ભવિષ્ય ક્રોધમય બની ગયું.

જેના ભાવોમાં ક્ષમા આવી ગઈ એનું ભવિષ્ય ક્ષમામય બની ગયું.

સ્વયંના ભાવોની ઉપર સંયમ રાખવો તેને ધર્મ કહેવાય છે.

આપણા ભાવ જ આપણને ભગવાન બનાવી શકે છે અને આપણા ભાવ જ આપણને શેતાન બનાવી શકે છે.

કોઈપણ ધર્મ-આરાધના 'સ્વ'ના ભાવથી હોય છે, 'સ્વ' આત્માથી હોય છે.

આપણા ભાવ જ આપણા આત્માને શુદ્ધ કરી સદ્‌ગતિ અપાવી શકે છે અને માટે જ ધર્મ આપણી સદ્‌ગતિનું કારણ બને છે.

ભાવથી ધર્મ છે અને ધર્મથી જ ભાવોની વિશુદ્ધિ થાય છે.

આરાધના, સાધના કરવાની સાથે ભાવોની વિશુદ્ધિ જ્યારે ભળે છે ત્યારે જ સાચા અર્થમાં ધર્મ થાય છે.

Check કરો તમારી selfને.

શું તમારી ધર્મક્રિયાઓ, તમારી ભાવ વિશુદ્ધિનું કારણ બને છે?

જે ક્ષણેક્ષણ ભાવ વિશુદ્ધિનું યુદ્ધ કરી શકે તે જ ક્ષણેક્ષણ ધર્મ-આરાધના કરી શકે.

શું તમે ધર્મ-આરાધક છો?

પળ માટે કરેલા ભાવ પણ અનંત ભવોને બગાડી શકે છે અને પળ માટે કરેલા ભાવ અનંત ભવોને સુધારી શકે છે. એથી જ ભાવના watchman બનવાનું છે, પળે-પળે ઊઠતા ભાવોને watch કરવાના છે. ભાવોને watch કરવા એને જ ધર્મ કહેવાય છે.

જેના ભાવ બગડ્યા એનો ભવ બગડ્યો. જેનો આ ભવ બગડ્યો એનું ભવિષ્ય બગડી ગયું.

આપણા ભાવ જ આપણને ભગવાન બનાવી શકે છે અને આપણા ભાવ જ આપણને શેતાન બનાવી શકે છે.

આપણા ભાવ જ આપણા આત્માને શુદ્ધ કરી સદ્‌ગતિ અપાવી શકે છે અને માટે જ ધર્મ આપણી સદ્‌ગતિનું કારણ બને છે.

જે ક્ષણેક્ષણ ભાવ વિશુદ્ધિનું યુદ્ધ કરી શકે તે જ ક્ષણેક્ષણ ધર્મ-આરાધના કરી શકે.





ધર્મયુદ્ધનો શંખનાદ

07

ધર્મયુદ્ધનો શંખનાદ-

સંવેદન

અનંતા જીવોમાં એકાદ જીવને પુણ્યના ઉદયે આત્માને જોવાનું મન થાય છે, જેને મન થાય છે તેને જ એ દિશામાં આગળ વધવા અને સાધના કરવાની પ્રેરણા થાય છે અને તેનો પ્રવેશ સાધનાના ક્ષેત્રમાં થાય છે.

સાધનાના ક્ષેત્રમાં પ્રવેશ પામવા ઇચ્છતી વ્યક્તિ, આત્મસાધના કરવા ઇચ્છુક વ્યક્તિ અને સાધના દ્વારા આત્માને સુધારવા ઇચ્છતી વ્યક્તિ માટે આ છે અનિવાર્ય માર્ગદર્શન.

થોડી ક્ષણો માટે આંખ બંધ કરીને કલ્પના કરો. પ્રભુ મહાવીરને કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ થયા પછી, દેવો નિર્મિત ભવ્ય સંકુલમાં એક-એક પગલું ભરીને અતિ ભવ્ય સિંહાસન પર બિરાજમાન થયા હશે એ દૃશ્ય કેવું હશે? નગરની મધ્યમાં રાતોરાત ઊભું થઈ ગયેલું, સોના-ચાંદી અને રત્નો અને મણિરત્નોથી શોભતું આ દિવ્ય સંકુલ જોઈને ત્યાંના લોકોના મનમાં શું થતું હશે?

શું તેમને ખબર હશે કે આ સંકુલને 'સમવસરણ' કહેવાય? શું તેમને ખબર હશે કે આ દેવોએ બનાવ્યું છે?

શું તેમને ખબર હશે કે એમાં બિરાજમાન 'મહાવીર'ને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયું છે?

ના, લોકોને કંઈ જ ખબર નથી.

પણ હા, human psychology પ્રમાણે દરેક વ્યક્તિમાં જ્યારે એ કંઈક નવું જુએ, નવું સાંભળે ત્યારે તેના વિશે જોવા અને જાણવાની જિજ્ઞાસા જરૂર હોય.

જો એ સમયે તમે ત્યાં હો તો સમવસરણની ભવ્યતા જોઈને તમારી આંખો અંજાઈ જાય કે પરમાત્માનાં દર્શન કરીને તમારી દૃષ્ટિ નિર્મળ થાય?

પરમાત્માનાં દર્શન કરીને દૃષ્ટિને એ જ નિર્મળ બનાવી શકે જેના અંતરમાં પરમાત્માની મુખાકૃતિ જોતાં જ સંવેદનાના સૂર નીકળવા લાગે.

'જેનામાં સંવેદના છે તે જ ધર્મ-આરાધના કરી શકે છે અને ધર્મ કરવા માટે અંતરની સંવેદના બહુ જરૂરી છે.'

'સંવેદન જ ધર્મ કરવા ઉત્સાહિત કરે છે.'

અજ્ઞાનીને આકર્ષણ ગમે છે, જ્યારે જ્ઞાનીને અધ્યાત્મ ગમે છે. અજ્ઞાનીને બહારનું આકર્ષણ આકર્ષે છે, જ્યારે જ્ઞાની પરમાત્માનાં કે ગુરુનાં દર્શન કરે ત્યારે તેનું હૃદય સ્પંદિત થવા લાગે અને તેના અંતરમાંથી જ્ઞાનનાં ઝરણાં ફૂટવા લાગે.

આપણે કેવા છીએ? જ્ઞાની કે અજ્ઞાની? નથી આપણે સંપૂર્ણ જ્ઞાની કે નથી આપણે સંપૂર્ણ અજ્ઞાની. આપણે છીએ બંનેની વચ્ચેના 'બુદ્ધિશાળી'.

અજ્ઞાનીને કોઈ સમજ ન હોય અને જ્ઞાની ક્યારેય એના જ્ઞાનનું પ્રદર્શન ન કરે. જ્યારે બુદ્ધિશાળી? તે એની બુદ્ધિનો ઉપયોગ કર્યા વિના રહી જ ન શકે.

એ માણવા કરતાં માપવામાં વધારે સમય બગાડે. પરમાત્માનાં દર્શનની અમૂલ્ય ક્ષણો એ સમવસરણનાં હીરા અને રત્નોનું મૂલ્ય આંકવામાં બગાડે.

જ્યારે સંવેદનશીલ વ્યક્તિ જ્યાં એકવાર પરમાત્મા કે ગુરુની સૌમ્ય મુખાકૃતિ નિહાળે, પ્રભુની અત્યંત ઉપકારક વાણી સાંભળે ત્યારે તેમનાં દર્શન માત્રથી તેનો આત્મા સ્પંદિત થવા લાગે. તેમના સાંનિધ્યમાં, તેમનાં Positive vibrationsના સ્પર્શ માત્રથી તેના હૃદયની ધડકન તીવ્ર ગતિએ ધડકવા લાગે.

'જ્યાં જવા પર આપણી જાત ઓગળવા લાગે, આપણો અહમ્ ઓગળવા લાગે, આપણું અસ્તિત્વ ઓગળવા લાગે ત્યારે માનવું કે આ 'ધર્મનું સ્થાન' છે.'

જ્યારે આવું થાય ત્યારે જ તમારો ધર્મક્ષેત્રમાં પ્રવેશ સાર્થક થાય.

ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ પામવાની પ્રથમ શરત એટલે મન, વિચાર, બુદ્ધિ, માન્યતાઓ અને અહમ્‌ને છોડીને માત્ર હૃદયને ભાવ અને ભક્તિથી સંવેદનશીલ બનાવવું.

જો એકવાર તમારા હૃદયમાં પરમાત્માનો કે ગુરુભક્તિનો ભાવ જાગી ગયો તો તમારું હૃદય કંઈક અલગ પ્રકારની જ અનુભૂતિ કરવા લાગશે. ભક્તિ જ ભક્તના હૃદયને સ્પંદિત કરીને સંવેદનાને જગાડે. ભક્તિ ભક્તના હૃદયને સદાય ઢંઢોળે છે, જાગ્રત કરે છે, સાધના કરવા ઉત્સાહિત કરે છે, આરાધનામાં આનંદનો અનુભવ કરાવે છે અને સાધના કર્યાનો સંતોષ આપે છે.

જો તમને ધર્મથી સંતોષની અનુભૂતિ કરવી હોય તો પ્રભુ અને ગુરુ પ્રત્યે અહોભાવને જન્માવો. અહોભાવથી જ સંવેદના જન્મે, સાધના કરવાનું મન થાય, સાધના કરતાં-કરતાં ભવ સાર્થક થાય.

શું પરમાત્મા મહાવીરના સમવસરણમાં આવનારા બધા જ જ્ઞાની હતા? બધા જ સમજુ હતા?

બધા જ દીક્ષા લેવાની તૈયારી કરીને આવ્યા હતા?

ના, આવ્યા ત્યારે અલગ હતા અને પરમાત્માનાં દર્શન કરીને, પરમાત્માની વાણી સાંભળ્યા પછી અલગ હતા.

શું આવું આપણી સાથે થાય છે?

જ્યાં આવ્યા પછી પણ જો આપણે બદલાતા નથી તો સમજવું કે ત્યાં આપણે જતા જ નથી.

નાહવા માટે બાથરૂમમાં ગયા પછી જો એવા જ બહાર આવીએ તો સમજવું કે આપણે અંદર જઈને નાહ્યા જ નથી.

એવી જ રીતે જો ધર્મના ક્ષેત્રમાં ગયા પછી પણ જો જાતને બદલી ન શકીએ, હૃદયનું પરિવર્તન કરી ન શકીએ તો માનવું કે આપણે નથી જતા, આપણું માળખું માત્ર જ જાય છે, બહારનું શરીર ધર્મના ક્ષેત્રમાં જાય છે અને અંદરનું મન બીજે ક્યાંક.

ધર્મના ક્ષેત્રમાં જડ જાય છે, ચેતન નથી જતું અને જ્યાં સુધી ચેતન ન જાય ત્યાં સુધી સંવેદન ન જન્મે. ચેતન જાય તો ચિંતન થાય.

વર્ષોનાં વર્ષો સુધી, કલાકોના કલાકો સુધી પરમાત્માની વાણી સાંભળ્યા પછી પણ જો માંહ્યલો ન સુધરે તો માનવું કે બહારથી તમે ધર્મક્ષેત્રમાં છો પણ અંદરથી બીજે ક્યાંક.

કલાકોના કલાકો સંતોના સાંનિધ્યમાં જિનવાણી સાંભળ્યા પછી, પરમાત્માના ભાવોને સાંભળ્યા પછી, પણ અંતર અહોભાવથી સ્પંદિત ન થાય તો એક વાત નક્કી જ છે કે શરીર અહીં હોય છે અને મન...

આવું શા માટે થાય?

શું દુનિયાના અવાજની જેમ પરમાત્માનો અવાજ પણ કાનને જ અથડાઈને બહાર નીકળી જાય છે?

શું આપણે પણ પેલા ઝાડ જેવા જ છીએ જે એક બાજુથી સુકાઈને રૂક્ષ થઈ ગયું છે અને બીજી તરફ એમાં નવી-નવી કૂંપળો ફૂટી રહી છે.

નથી એને રૂક્ષતાનું વેદન કે નથી એને નવી કૂંપળોનો આનંદ! તેને કોઈ પ્રકારનું સંવેદન જ નથી.

તેને તો એ પણ ખબર નથી કે એ શા માટે અહીં વર્ષોથી એક જ જગ્યાએ ઊભું છે? શા માટે જન્મે છે?

શા માટે સુકાઈ જાય છે? એને કંઈ જ ખબર નથી.

કદાચ આપણે પણ એના જેવા નથીને? સંવેદન વિનાનું જીવન એટલે મૌનપણે વેદનરહિત, ભાવવિહીન ઊભેલા વૃક્ષ જેવું જીવન.

ધર્મક્ષેત્રમાં પ્રવેશ્યા પછી, ધર્મરૂપી positive vibrationsના areaમાં પહોંચ્યા પછી પણ જો તમારી negativity દૂર ન થાય, તમારા negative ભાવો positive ન થાય, તમારા અંતરાત્મામાંથી અવાજ ન નીકળે કે અહીં કંઈક અદ્‌ભુત છે, અનન્ય છે, શ્રેષ્ઠ છે, અનુપમ છે કેમ કે અહીં મારું હૈયું ઠરે છે, મનને શાંતિ મળે છે, વિચારો વિરામ પામે છે, અંતર આનંદ અનુભવે છે, અહીં વગર માગ્યે મૂંઝવણનું સમાધાન મળે છે.

અને કહ્યા વગર જ બધું સમજાઈ જાય છે તો ચોક્કસ માનજો કે તમે આવ્યા છો, પણ તમારું ચેતન નથી આવ્યું. ચેતન એટલે તમારો આત્મા.

જો આત્મા આવે તો જ આત્માને સ્પર્શે, આત્માને અસર કરે. તો જ આત્મા vibrate થાય, આત્મા સ્પંદિત થાય. આત્મા સ્પંદિત થાય તો જ સંવેદન જન્મે.

કુતૂહલવશ ગયેલા ચૌદ પૂર્વના જ્ઞાની અને 500 શિષ્યોના ઘમંડી ગુરુ ગૌતમ જ્યારે સમવસરણનાં પગથિયાં ચડ્યા હશે ત્યારે કેવળજ્ઞાની પરમાત્મા મહાવીરે ગૌતમને આવતા નિહાળ્યા હશે, ગૌતમના મનને જાણ્યું હશે, તેના ભાવને જાણ્યા હશે, તેના વિચારોને જાણ્યા હશે, તેના હૃદયને, તેના આત્માને

જાણ્યા હશે અને તેમના મુખમાંથી અત્યંત વહાલથી ભરપૂર શબ્દ નીકળ્યો હશે... 'ગોયમા'.

યાદ રાખજો, સાધનાની શરૂઆત હંમેશાં આકર્ષણથી, પ્રભાવથી અથવા તો Miraclesથી થતી હોય છે. જ્યારે કોઈક અદ્‌ભુત ક્ષણે કંઈક અલગ, કંઈક અનોખી, બધાથી જુદી એવી અનુભૂતિ થાય ત્યારે વ્યક્તિને feel થાય કે આજે હું આટલાં વર્ષોમાં હતો એના કરતાં અલગ છું, મારામાં કંઈક અલગ જ શક્તિ છે, આજે મારા હૃદયનાં સ્પંદનો કંઈક અલગ જ છે.

જ્યારે આપણું અંતર હલબલી જાય છે ત્યારે હૃદય સ્પંદિત થાય છે.

જ્યારે આપણું હૃદય સ્પંદિત થાય છે ત્યારે આપણો આત્મા vibrate થાય છે અને જ્યારે આપણો આત્મા vibrate થાય છે ત્યારે આપણામાંથી અલગ પ્રકારનાં સંવેદનો થવા લાગે છે.

બસ, એ જ સંવેદનો ધર્મસાધના માટેનાં જરૂરી સંવેદનો હોય છે. એ ક્ષણથી, એ ધન્ય ઘડીથી, એ દિવ્ય પળથી આત્મા ધર્મસાધનાના ક્ષેત્રમાં પ્રવેશ કરે છે અને આત્માની સુધરવાની શરૂઆત થાય છે.

પણ આપણી ખોટ એ જ છે કે આપણા કાન સાંભળે છે, આપણી આંખ જુએ છે અને ક્રિયા આપણું શરીર કરે છે.

પરમાત્માની એ શબ્દગંગા ગૌતમના heartને touch કરી ગઈ, તેના આત્માને સ્પંદિત કરી ગઈ અને ગૌતમે સાધનાના ક્ષેત્રમાં પ્રવેશ કરી લીધો અને સાધનાને સિદ્ધ કરીને સિદ્ધત્વને પામ્યા.

સામાન્ય માનવીને કદાચ આ વાત સામાન્ય લાગે, પણ તમને ખબર નથી કે આવી ઘટના અનંતકાળ પછી આત્મા સાથે ઘટતી એક અદ્‌ભુત ઘટના છે.

Problems, ઘર, સંસાર, ધંધો, કારોબાર, રૂપિયા, પરિવાર, પરિવારને લગતા, દીકરા-દીકરી, એમાં ને એમાં જન્મ, જીવન, મૃત્યુ, ક્યારેક વૃક્ષમાં, ક્યારેક વનસ્પતિમાં, ક્યારેક પશુ-પક્ષીમાં, ક્યારેક મનુષ્યમાં.

શા માટે આવું? શા માટે જન્મ લેવાનો? શા માટે મૃત્યુ પામવાનું? કંઈ જ ખબર ન હોય એવા અનંતકાળની વચ્ચે એક ભવમાં એક ક્ષણ, એક પળ એવી આવે જ્યારે ધર્મને સાંભળવાની સુવર્ણ તક મળે અને એ ધન્ય ક્ષણે 'જો આત્મા સ્પંદિત થઈ ગયો તો?', 'આત્માનુભૂતિ થઈ ગઈ તો?'

'આત્મસ્પંદન એ સિદ્ધિના સર્જન માટેનું પ્રથમ પગલું છે.'

ધર્મક્ષેત્રમાં ઘણીવાર આવ્યા, પણ ધર્મયુદ્ધની તૈયારી ત્યારે જ કરી શકીએ જો આપણામાં સ્પંદનનો જન્મ થાય. ચાલો, અહોભાવ થકી સ્પંદનોને જન્માવી ધર્મયુદ્ધનો શંખનાદ ફૂંકીએ.

જેનામાં સંવેદના છે તે જ ધર્મ-આરાધના કરી શકે છે અને ધર્મ કરવા માટે અંતરની સંવેદના બહુ જરૂરી છે.

ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ પામવાની પ્રથમ શરત એટલે મન, વિચાર, બુદ્ધિ, માન્યતાઓ અને અહમ્‌ને છોડીને માત્ર હૃદયને ભાવ અને ભક્તિથી સંવેદનશીલ બનાવવું.

ભક્તિ જ ભક્તના હૃદયને સ્પંદિત કરીને સંવેદનાને જગાડે. ભક્તિ ભક્તના હૃદયને સદાય ઢંઢોળે છે, જાગ્રત કરે છે, સાધના કરવા ઉત્સાહિત કરે છે, આરાધનામાં આનંદનો અનુભવ કરાવે છે અને સાધના કર્યાનો સંતોષ આપે છે.

ધર્મથી સંતોષની અનુભૂતિ કરવી હોય તો પ્રભુ અને ગુરુ પ્રત્યે અહોભાવને જન્માવો. અહોભાવથી જ સંવેદના જન્મે, સાધના કરવાનું મન થાય, સાધના કરતાં-કરતાં ભવ સાર્થક થાય.

સંવેદન વિનાનું જીવન એટલે મૌનપણે વેદનરહિત, ભાવવિહીન ઊભેલા વૃક્ષ જેવું જીવન.



08

ધર્મયુદ્ધનો શંખનાદ-

Programmingને Delete કરો

આત્મકલ્યાણની ભાવના સાથે ધર્મસાધનાના ક્ષેત્રમાં જ્યારે એક આત્મા પ્રવેશ પામે છે ત્યારે પ્રવેશ પામ્યા પછી દિન-પ્રતિદિન તેને પોતાના આત્મા માટે કંઈક પામવાના, કંઈક મેળવવાના, કંઈક પ્રાપ્ત કરી લેવાના ભાવ અંતરમાંથી પ્રગટ થાય છે.

પરમાત્મા કહે છે, 'જ્યાં સુધી તું તારા ભૂતકાળને ભૂંસતો નથી ત્યાં સુધી તારા ઊજળા ભવિષ્યની તારી કલ્પના માત્ર કલ્પના બનીને જ રહે છે. એ ક્યારેય વાસ્તવિકતા બની શકતી નથી.'

પણ આપણી મોટામાં મોટી કચાશ કહો કે ખામી કહો, આપણને આપણા ભૂતકાળનો સંગ્રહ કરવાનો ખૂબ જ શોખ છે. આપણે આપણા કડવા ભૂતકાળને, કડવા પ્રસંગોને, કડવી ઘટનાઓને ક્યારેય ભૂલતા નથી અને ક્યારેય ભૂલવાનો પ્રયત્ન પણ કરતા નથી.

એ બધું જ આપણી memoryમાં fit & mix જ કરતા જઈએ છીએ અને જેવું કોઈ નિમિત્ત મળ્યું, જેવી કોઈ ઘટના બની કે જેવો એ પ્રકારનો પ્રસંગ આવ્યો એટલે બધું જ દબાયેલી springની જેમ ઊછળીને બહાર આવશે, પછી એ સાંસારિક પ્રસંગો હોય કે ધાર્મિક માન્યતાઓ હોય.

ગૌતમસ્વામી જ્યારે પ્રભુ મહાવીરનાં ચરણોમાં આવીને પ્રભુના આચરણને અનુસરવાનો પ્રયત્ન કરે છે ત્યારે તે સ્વયંના ભૂતકાળને ભૂલવા લાગે છે. ભૂતકાળની ઘટનાઓ, ભૂતકાળના પ્રસંગો અને સ્વયંની માન્યતાઓને ભૂલવા લાગે છે.

ભૂતકાળની દરેક પરિસ્થિતિને ધીરે... ધીરે... ધીરે... ધીરે delete કરતાં-કરતાં એક નવા ભાવમાં, નવી ભક્તિમાં, નવા વાતાવરણમાં અને એક નવી જ ધર્મસાધનામાં પોતાના આત્માને જોડતા જાય છે.

પરમાત્મા કહે છે, 'જ્યારે કંઈ પણ નવું પ્રાપ્ત કરવું હોય ત્યારે પ્રથમ જૂનું છોડવું જ પડે છે અને છોડ્યા વગર કંઈ પણ મેળવી શકાતું નથી.'

જ્યાં સુધી આપણે આપણા કડવા ભૂતકાળને, ભૂતકાળના એ સંસ્કારોને, એ સ્મરણોને ભૂલતા નથી ત્યાં સુધી કદાચ નવું કંઈક મળી જાય, શ્રેષ્ઠ કંઈક પ્રાપ્ત થઈ જાય તો પણ એ પચતું નથી, કેમ કે, **કડવા ભૂતકાળની સાથે મીઠો વર્તમાન mix થાય તો મીઠો વર્તમાન પણ કડવો બની જાય છે.**

વિચાર કરો કે આવા ધર્મના ક્ષેત્રમાં સાધના-આરાધનામાં આપણે કંઈ પહેલીવાર નથી આવ્યા. અનેક ભવોમાં અનેકવાર આપણે આનાથી પણ ઉત્તમ આરાધના કરી છે, ઉપાસના કરી છે અને અનંતવાર કરવા છતાં આપણો અહમ્, આપણું કપટ, આપણો લોભ, આપણી માયા, આપણામાં રહેલાં રાગ-દ્વેષ, ઈર્ષ્યા-અદેખાઈ, આપણા અવગુણો ગયાં કે રહ્યાં?

Bathroomમાં જઈ નાહીને નીકળતી વ્યક્તિ કેવી હોય? ચોખ્ખી હોય કે મેલી હોય?

તે સ્વચ્છ અને ઊજળી થઈને બહાર નીકળે.

એમ ધર્મના ક્ષેત્રમાં, ધર્મની આરાધનામાં, ધર્મનાં અનુષ્ઠાનોમાં જોડાયા પછી આપણો આત્મા દિવસે-દિવસે પાવન, પવિત્ર અને પ્રસન્ન થવો જોઈએ કે પછી?

આપણે તો વર્ષોની સાધના પછી, ભવોની ઉપાસના પછી પણ એમ જ કહીએ છીએ કે ના, હજી સુધી મારામાં ફેરફાર થયો નથી, હજી ઘણી ખામીઓ અંદરમાં પડી છે, હજી પણ વાતે-વાતે ગુસ્સો આવી જાય છે, રાગ-દ્વેષ થઈ જાય છે અને પછી અશાંતિ, અશાંતિનો પાર નથી.

તો પછી એની પાછળનું મુખ્ય કારણ શું છે?

પરમાત્મા કહે છે, **'બહારથી ગમે એટલું સારું ભરતા રહો, પણ જ્યાં**

સુધી અંદરની ખરાબીઓ નીકળતી નથી ત્યાં સુધી સારું ભરેલું પણ ખરાબ થયા વિના રહેતું નથી.'

ધર્મસાધનાના ક્ષેત્રમાં આગળ વધવું હોય તો તમારામાં જેટલો ભૂતકાળ પડેલો છે, યા તો તમે એને ભૂલતાં શીખી જાવ, યા એને ભૂંસતાં શીખી જાવ અથવા એને નગણ્ય કરતા જાવ.

આજે રસ્તે જતાં તમને તમારી કોઈ જૂની પરિચિત વ્યક્તિ મળી જાય તો તમે તેને કઈ રીતે જોશો?

તમે તેને ભૂતકાળમાં ક્યારેય મળેલા હશો અને તમારો તેની સાથેનો જેવો અનુભવ હશે એ અનુભવ ફરી પાછો અત્યારે memoryમાં આવી જશે.

આપણે દરેક વસ્તુને, દરેક વ્યક્તિને એના ભૂતકાળના આધારે જ માપતા થઈ ગયા છીએ અને માટે જ આપણે પોતે પણ વર્તમાનને સુધારવાની જગ્યાએ વર્તમાનમાં પણ ભૂતકાળની અસરને કારણે આપણા શ્રેષ્ઠ વર્તમાનને બગાડીએ છીએ.

પરમાત્મા કહે છે, ધર્મસાધનાના ક્ષેત્રમાં પ્રવેશ પામવાની શરત માત્ર એ જ છે કે તું તારા ભૂતકાળને ખંખેરતાં શીખી જા.

જ્યાં સુધી ભૂતકાળ આપણા આત્મામાંથી દૂર થતો નથી ત્યાં સુધી આપણો આત્મા શુદ્ધ થતો નથી અને જ્યાં સુધી આત્મા શુદ્ધ થતો નથી ત્યાં સુધી મળેલું શ્રેષ્ઠ પણ અશુદ્ધ થઈ જાય છે.

ભૂતકાળ જ્યાં સુધી અંતરાત્મામાં પડેલો છે ત્યાં સુધી વર્તમાનનાં બધાં કાર્યો, વર્તમાનની બધી સાધનાઓ, વર્તમાનની બધી સ્થિતિઓ ભૂતકાળની અસર નીચે આવી જાય છે અને એ અસર નીચે આવવાને કારણે વર્તમાનમાં કરેલું બધું પણ વ્યર્થ જાય છે.

આપણા વર્તમાનના જે કંઈ પણ વ્યવહારો છે એ દરેક વ્યવહારમાં આપણા ભૂતકાળના જન્મોની અસર, ભૂતકાળના વ્યવહારોની અસર, ભૂતકાળના જીવનની અસર અને ભૂતકાળની પ્રવૃત્તિઓની અસર રહેલી હોય છે.

બહારનું શરીર બદલાય છે, પણ આત્મા તો એનો એ જ હોય છે. એટલે આત્મા પર પડેલા સંસ્કારો પણ એના એ જ રહે છે. બહારનું શરીર બળીને રાખ થઈ જાય છે, પણ આત્મા તો જે ગયા ભવમાં હતો, જે એના આગલા ભવમાં હતો, જે એના આગળના ભવમાં હતો એનો એ જ રહે છે.

પરમાત્મા કહે છે, આત્મા એકનો એક જ છે, શરીર બદલાતાં રહે છે, જન્મો બદલાતા રહે છે, ગતિઓ બદલાતી રહે છે, પરિસ્થિતિઓ બદલાતી રહે છે, મનઃસ્થિતિઓ બદલાતી રહે છે. બધું જ બદલાતાની વચ્ચે એકમાત્ર આત્મા એનો એ જ હોય છે.

આત્મા જ્યારે શરીર છોડે છે ત્યારે માત્ર શરીરના ગુણધર્મ જ છૂટે છે. બાકી સંસ્કાર તો સંકળાયેલા જ રહે છે.

માટે જ તાજા જન્મેલા બાળક કે તાજા જન્મેલા ગલૂડિયાને ક્યારેય શીખવવું નથી પડતું કે દૂધ આમ પિવાય, આમ સૂઈ જવાય, આમ રડાય, આમ હસાય. આ મમ્મીનો ખોળો છે એટલે હસવાનું અને આ બીજી વ્યક્તિનો ખોળો છે એટલે રડવાનું.

શું આ બધું એને શીખવવું પડ્યું? આ બધું આવ્યું ક્યાંથી?

તમને કદાચ ખબર નહીં હોય કે તમારા આત્મામાં આની પહેલાંના અનેક ભવ પહેલાં કઈ તારીખે શું ખાધું હતું અને કયા દિવસે કોને મળ્યા હતા એની પણ memory પડેલી હોય છે.

માત્ર આ પહેલાંના અમુક ભવોની જ નહીં, પણ જ્યારથી અને જ્યાં સુધી તમારી પાસે મન હતું એવા 900 ભવની memories લઈને આપણે આ ભવમાં અત્યારે આવ્યા છીએ. એટલે કે એ 900 ભવમાં જે કંઈ પણ કર્યું હશે એ બધા જ સંસ્કારો આ ભવમાં લઈને આવ્યા છીએ. એટલે જેવું એક નિમિત્ત મળે છે કે જેવો યોગ થાય છે એટલે એ સંસ્કાર બહાર આવે છે.

એટલે કદાચ ધર્મના સંસ્કારો, ધર્મના સિદ્ધાંતો, ધર્મનાં અનુષ્ઠાનો અને ધર્મના વ્યવહારો થોડાક સમય માટે કે કલાક-બે કલાક માટે આપણને change કરે છે, આપણા ભાવોને સુધારવાનો પ્રયત્ન કરે છે, પણ ક્યાં આજનો કલાક-બે કલાકનો ધર્મ અને ક્યાં અનંતકાળના, જન્મ-જન્માંતરના સંસ્કારો?

ક્યાં જન્મોજન્મની અને ક્યાં વર્તમાનની અમુક ક્ષણોની સાધના અને આરાધના?

હવે તમે કહો કે આટલો ધર્મ કર્યો, પણ મનને ક્યાંય શાંતિ ન મળી, હૃદયમાં કંઈ પરિવર્તન ન આવ્યું અને ઉદ્વેગ પણ ઓછો ન થયો.

ક્યાંથી થાય? તમે જે હતા તે અનંતકાળથી હતા અને તમે જે કર્યું એ અલ્પકાળથી કર્યું. ધર્મધ્યાન તો આ ભવનાં 5-10 કે પચીસ વર્ષોથી કરતા હશો અને એમાં પણ દિવસના કલાક-બે કલાક.

હવે તમે જ વિચારો કે તમારા ધર્મ કરવાના કલાકોની સામે તમે કરેલા અધર્મના કલાકો કેટલા?

ક્યાં એ અનંતકાળના કુસંસ્કારોના કલાકો અને ક્યાં વર્તમાનના સુસંસ્કારોના કલાકો?

પરમાત્મા કહે છે, **programming કરેલા robotની જેમ જો ધર્મધ્યાન કરતા રહેશો તો જેવા હતા તેવા ને તેવા જ રહેશો.**

જ્યારથી જન્મ લીધો ત્યારથી મનના robotમાં programming થઈ ગયું. આપણે ધાર્મિક છીએ એટલે આપણે આ પ્રમાણે જીવાય, આવી રીતે માળા કરાય, આ પ્રમાણે ધર્મના ઉત્સવો ઊજવાય, આ દિવસોમાં વ્રત-ઉપવાસ કરાય, આ પ્રમાણે પરમાત્માને પ્રાર્થના કરાય. નાનપણથી જ આપણામાં આ પ્રકારનું programming થઈ ગયું છે એટલે આપણે એ પ્રકારનું કરતા આવ્યા છીએ.

માનો કે આપણું programming આનાથી વિપરીત થયું હોત તો? તો આપણે તે પ્રકારનું વર્તન કરતા હોત, બરાબરને?

હવે શું થયું? અત્યારે તો આપણે નવા programming પ્રમાણે જીવતા થઈ ગયા, પણ જૂના જે programming કરેલા હતા તેને delete કર્યા?

ના.

એટલે શું થયું? જૂનું અને નવું બંને mix-up થઈ ગયું. એટલે જ્યાં સુધી ધર્મસ્થાનકમાં હતા ત્યાં સુધી ધર્મના ભાવમાં, અહોભાવ સાથે શાંત અને આદર્શ શ્રાવક બની ગયા.

પણ જેવું આ કલાક-બે કલાકનું programming પૂરું થયું, અહીંથી બહાર નીકળ્યા એટલે તરત જ અનંતકાળનું જૂનું programming બહાર આવી ગયું અને આપણી વૃત્તિ, પ્રવૃત્તિ અને આપણો વ્યવહાર પણ એવાં જ થઈ ગયાં.

પરમાત્મા કહે છે,

જ્યાં સુધી તું તારા અનંતકાળના programmingને delete નહીં કરે ત્યાં સુધી અહીંથી ગમે તેટલું શ્રેષ્ઠ પ્રાપ્ત કરીશ, ગમે તેટલી સાધના કરીશ, તે તારામાં પરિવર્તન નહીં લાવી શકે.

જેમ 'કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી'. તેને છ મહિના સુધી જમીનમાં સીધી દબાવીને રાખો, પણ જેવી બહાર કાઢો એટલે પાછી હતી તેવી ને તેવી જ.

તેમ આપણા અનંતકાળના વાંકા થયેલા સંસ્કારો માત્ર આ ભવની અમુક કલાકોની આરાધનાથી ક્યાંથી અને કેવી રીતે સીધા થાય?

જ્યાં સુધી 900 ભવોથી આત્મા સાથે સંકળાયેલા અને આપણી memoryમાં પડેલા એ સંસ્કારો ભૂંસાતા નથી, ભૂલાતા નથી ત્યાં સુધી એ વારંવાર-વારંવાર બહાર આવ્યા જ કરવાના.

એટલે જ ધર્મ-આરાધના કર્યા પછી ઘરે જતી વખતે જો એકાદ ગાડીવાળાથી ખાબોચિયાના પાણીના છાંટા તમારાં કપડાં પર પડી જાય તો શું થાય?

જેવા છાંટા ઊડ્યા એટલે મગજના આંટા loose થઈ જવાના.

આ તો એક દિવસનું programming હતું, જ્યારે ગુસ્સો તો અનંતકાળથી programmingમાં પડ્યો જ છે. પરમાત્મા કહે છે, પહેલા તું એ ગુસ્સાને, એ રાગ-દ્વેષને, એ ઈર્ષ્યા-અદેખાઈને દૂર કર. જો એ delete થશે તો જ તને આરાધનાની અસર થશે. નહીં તો ધર્મસભા, આવાં પ્રવચનો, આવી પરમાત્માની વાણી તો તેં અનંતવાર સાંભળી છે, પણ તેની અસર થતી નથી.

એટલે નક્કી કરો કે આજથી મારે મારા ભૂતકાળની memoriesનું નિરીક્ષણ કરવું છે. મારે એકવાર એ બધી જ memoriesને જોવી છે, તેને ઓળખવી છે.

મારી પ્રત્યેક પ્રવૃત્તિમાંથી મારે મંથન કરવું છે કે આ મારી ભૂતકાળની

વૃત્તિ હતી? આ મારું ભૂતકાળનું વલણ હતું?

ખરેખર, અત્યારે તો મને આ કરવું ગમતું નથી તો પછી મારાથી આવું કેમ થઈ ગયું?

મને સમજાય છે કે ક્રોધ અને ઈર્ષ્યા અવગુણો છે, છતાં મારાથી કેમ થઈ જાય છે?

તેની પાછળનું કારણ શું છે અને જે કારણ છે એનું નિરાકરણ શું છે?

પ્રવૃત્તિ કર્યા પછીના આ વિચારો, આ ભાવો કદાચ તમને જાગ્રત કરતા રહેશે અને ધીમે-ધીમે તમારા એ ભૂતકાળના સંસ્કારો ભૂલાતા જશે.

અવગુણો ઓળખતાં-ઓળખતાં જો થોડી ઘણી memories પણ delete થઈ ગઈ તો પણ આ ભવ સાર્થક છે અને જો એ ન થઈ શક્યું તો આપણી સાધના ક્યારેય સાર્થક થવાની નથી.

ધર્મયુદ્ધમાં programmingની memoriesને delete કરવાની જે process કરે છે તે જ વિજયી બની શકે છે.

'જ્યાં સુધી તું તારા ભૂતકાળને ભૂંસતો નથી ત્યાં સુધી તારા ઊજળા ભવિષ્યની તારી કલ્પના માત્ર કલ્પના બનીને જ રહે છે. એ ક્યારેય વાસ્તવિકતા બની શકતી નથી.'

જ્યાં સુધી આપણે આપણા કડવા ભૂતકાળને, ભૂતકાળના એ સંસ્કારોને, એ સ્મરણોને ભૂલતા નથી ત્યાં સુધી કદાચ નવું કંઈક મળી જાય, શ્રેષ્ઠ કંઈક પ્રાપ્ત થઈ જાય તો પણ એ પચતું નથી, કેમ કે કડવા ભૂતકાળની સાથે મીઠો વર્તમાન mix થાય તો મીઠો વર્તમાન પણ કડવો બની જાય છે.

ભૂતકાળ જ્યાં સુધી અંતરાત્મામાં પડેલો છે ત્યાં સુધી વર્તમાનનાં બધાં કાર્યો, વર્તમાનની બધી સાધનાઓ, વર્તમાનની બધી સ્થિતિઓ ભૂતકાળની અસર નીચે આવી જાય છે અને એ અસર નીચે આવવાને કારણે વર્તમાનમાં કરેલું બધું પણ વ્યર્થ જાય છે.

ધર્મયુદ્ધમાં programmingની memoriesને delete કરવાની જે process કરે છે તે જ વિજયી બની શકે છે.



09

ધર્મયુદ્ધનો શંખનાદ–

ભવિષ્યની ભવ્યતા

જ્યારે એક આત્મા ધર્મને સમર્પિત થાય છે ત્યારે સૌપ્રથમ પોતાના અનંત ભૂતકાળ તરફ દૃષ્ટિ કરતાં-કરતાં એને સ્વયંનો ભવિષ્યકાળ પણ દેખાવા લાગે છે.

'જે ભૂતકાળને નિહાળે છે તે જ ભવિષ્યને ઉજ્જ્વળ બનાવી શકે છે.'

ભવિષ્યને ભવ્ય અને ઉજ્જ્વળ બનાવવા માટે પહેલા ભૂતકાળના ભારને ભૂલવો પડશે, ભૂતકાળનાં સ્મરણો, ભૂતકાળની memoryને ભૂંસવી પડશે.

જ્યાં સુધી ભૂતકાળની memory અંદરમાં પડેલી હશે ત્યાં સુધી તે આત્માને અધર્મના માર્ગે પ્રેરિત કરતી જ રહેશે અને વ્યક્તિના વર્તમાનને પણ બગાડી દેશે.

આપણે અત્યારે એટલું તો ચોક્કસ જ કહી શકીશું કે આપણો ભૂતકાળ ભગવાન જેવો તો નહીં જ હોય, કેમ કે આપણે વર્તમાનમાં ભગવાન નથી. જો આપણે ભૂતકાળ ભગવાન જેવો વિતાવ્યો હોત તો આજે આપણો વર્તમાન પણ ભગવાન જેવો હોત, પણ આપણો વર્તમાન ભગવાન જેવો નથી એ જ બતાવે છે કે આપણો ભૂતકાળ ભૂલ ભરેલો છે.

આપણો ભૂતકાળ જો સારો હોત, શ્રેષ્ઠ હોત તો અત્યારે આપણે ભગવાનના સ્થાને હોત, પણ આજે જ્યારે ભગવાનના સ્થાને નથી એ જ બતાવે છે કે ભૂતકાળ આપણો સારો નહોતો. હા, કદાચ આપણો વર્તમાન સારો બની શકે છે ખરો અને એના આધારે આપણું ભવિષ્ય પણ શ્રેષ્ઠ બની શકે છે.

જે સમયે ગૌતમ સ્વામી ભગવાન મહાવીરનાં દર્શન કરે, હૃદય સ્પંદિત થાય, ભગવાનને નમી જાય, ઝૂકી જાય અને ભગવાનનાં ચરણ અને શરણમાં સમર્પિત થાય. સંવેદન, પાત્રતા, વિનય અને સમર્પણતા પછી શું થાય?

શું માત્ર પગે લાગવાથી કે પગમાં પડવા માત્રથી પરિવર્તન આવી જાય? પુદ્ગલ પદાર્થના બનેલા પગમાં માથું મૂકી દેવા માત્રથી શું કંઈ પરિવર્તન આવી જાય?

એવા તો આપણે કેટલાય જન્મોમાં કેટલાયના પગમાં કેટલીયે વખત માથાં મૂક્યાં હશે અને અત્યારે પણ મૂકીએ છીએ અને ભવિષ્યમાં પણ મૂકતા હોઈશું.

ડોલ કૂવાની અંદર જાય એનું કોઈ મહત્ત્વ નથી. ડોલમાં ભરાયેલું બહાર નીકળે અને કૂવામાં રહેલું પાણી ડોલમાં ભરાય એનું મહત્ત્વ છે.

'જ્યાં સુધી ડોલ ખાલી થતી નથી ત્યાં સુધી ડોલમાં કંઈ ભરાતું નથી.'

એમ પરમાત્મા કહે છે કે **ધર્મના ક્ષેત્રમાં આવીને જો તમારે કંઈક પામવું છે, કંઈક મેળવવું છે અને ખરેખર ભવને સુધારવો છે, ભવોભવ સુધારવા છે તો સૌથી પહેલા તમારે તમારી અંદર જે ભરેલું પડ્યું છે એને બહાર કાઢવું પડશે, અંદરમાં જેટલું ભરેલું છે એ બધું ખાલી કરવું પડશે.**

ધર્મસાધનાના ક્ષેત્રમાં પ્રવેશવાની એક આ પણ શરત છે. સોંપવા માત્રથી સુધારો નથી. સમર્પિત થયા પછી, તારી અંદર જે પડેલું છે એ બધું બહાર કાઢી દે.

વિચાર કરો. આટલાં વર્ષોથી, વર્ષોનાં વર્ષોથી ધર્મના ક્ષેત્રમાં આવીએ છીએ ત્યારે આપણે અહીંથી કંઈ લઈને જઈએ છીએ કે અહીં આપણું કંઈ સોંપીને જઈએ છીએ? કેટલાયનાં પ્રવચનો સાંભળ્યા પછી અને કેટલાંય સત્યને જાણ્યા પછી પણ આપણી જાત હંમેશને માટે એક અસંતોષ અનુભવે

છે કે આટલાં વર્ષો ધર્મધ્યાન, સાધના-આરાધના અને ઉપાસના કરવા છતાં પણ કોને ખબર કેમ હજુ પણ જોઈએ એવો સુધારો થતો નથી, જોઈએ એવું પરિવર્તન આવતું નથી, જોઈએ એવો આત્મસંતોષ થતો નથી.

શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ માનવભવ, ઉત્તમ કુળ, પરમાત્માની વાણી, ધર્મનું ક્ષેત્ર અને સાધના કરવાની સાનુકૂળતા બધું જ મળ્યા પછી તને એમાંથી શું મળ્યું? તને શું પ્રાપ્ત થયું? તારામાં કેટલું પરિવર્તન આવ્યું? તારા આત્માની કેટલી શુદ્ધિ થઈ?

વિચારો તો ખરા. જે ગૌતમે પ્રભુ મહાવીરને ક્યારેય જોયા નહોતા, જે ગૌતમે ક્યારેય પ્રભુ મહાવીરનું નામ સાંભળ્યું નહોતું, જે ગૌતમને આપણી જેમ જન્મથી નમસ્કાર મંત્ર મળ્યો નહોતો, જે ગૌતમે ક્યારેય મહારાજ સાહેબ-મહાસતીજીનાં દર્શન કર્યાં નહોતાં, જે ગૌતમને સામાયિકની કોઈ સમજ નહોતી, જેને મુહપત્તી એટલે શું ? એની પણ ખબર નહોતી, જે ગૌતમ બ્રાહ્મણ હતા, યજ્ઞ-હવન કરવાવાળા હતા એ જ ગૌતમ પ્રભુ મહાવીરનાં ચરણ પકડે છે. ના, માત્ર 'ચરણ' જ નથી પકડતા, પરંતુ પ્રભુ મહાવીરનું 'આચરણ' પણ પકડે છે.

ચરણ પકડવા માત્રથી કે પગે લાગવા માત્રથી કંઈ ફરક પડતો નથી. આચરણ પકડવાથી આત્માની શુદ્ધિ થાય છે.

ધર્મથી આત્માના શુદ્ધીકરણનો પહેલો પ્રયોગ છે, જે અંદરમાં પડેલું છે એને પહેલા બહાર કાઢો.

'જ્યાં સુધી બહાર નહીં કાઢો ત્યાં સુધી અંદરમાં કંઈ ઊતરવાનું નથી.'

ગૌતમ પ્રભુ મહાવીરને માત્ર નમતા જ નથી, ગૌતમ પરિવર્તિત થઈ જાય છે.

ગૌતમ આખેઆખા change થઈ જાય છે. ગૌતમમાં પરિવર્તન આવી જાય છે. ગૌતમનું હૃદયપરિવર્તન થઈ જાય છે.

ગૌતમનો ભૂતકાળ ભૂંસાઈ જાય છે. ગૌતમની memory delete થઈ જાય છે.

જેમને સાધના કરવી છે, ઉપાસના કરવી છે, જેમને ખરેખર આત્મકલ્યાણ સાધવું છે અને જેમને show કરતાં સ્વસ્થ થવામાં રસ છે તેમણે આ વાત યાદ રાખવા જેવી છે.

ગૌતમ આપણને મહાબોધ આપી રહ્યા છે. ગૌતમ જેવા પ્રભુ મહાવીરના સાંનિધ્યમાં ગયા, પોતાનું મગજ બંધ કરી દીધું. ગૌતમ જેવા પ્રભુ મહાવીરના શરણમાં ગયા, પોતાના ભૂતકાળને ભૂંસી નાખ્યો. જેવો ભૂતકાળ ભૂંસ્યો એટલે વર્તમાન સુધરી ગયો અને ભવિષ્યકાળ ભવ્ય બની ગયો.

જે વ્યક્તિએ જિંદગીભર શાસ્ત્રોનું વાંચન કર્યું હોય, 500 જેટલા શિષ્યો બનાવ્યા હોય અને પોતે ભગવાન તરીકે પૂજાયા હોય તે જ વ્યક્તિ પ્રભુ મહાવીરનાં ચરણોમાં મૌન થઈને, એક સાવ સામાન્ય માનવ તરીકે બેઠી હોય. આવું થાય ક્યારે ? આવી અવસ્થા આવે ક્યારે ?

ગૌતમ પ્રભુ મહાવીરનાં દર્શન કરવા નહોતા આવ્યા. એ તો માત્ર જિજ્ઞાસાવશ જોવા આવ્યા હતા. છતાં દર્શન કરવા લાગ્યા અને દર્શન કરતાં-કરતાં દર્શનીય બની ગયા. અને આપણે ખાસ દર્શન કરવા જઈએ અને દર્શન કરતાં-કરતાં જોતા રહીએ. આટલું કરવા માત્રથી શું પરિવર્તન આવે ખરું ?

ગૌતમ પ્રભુ મહાવીરનું, ધર્મનું શરણ સ્વીકાર્યા પછી પોતાના ભૂતકાળને અંદરમાંથી ખોતરી-ખોતરીને બહાર કાઢવા લાગે છે, કારણ કે પામવાનો એક જ નિયમ છે કે પહેલા પાત્રનું શુદ્ધીકરણ થવું જોઈએ. જ્યાં સુધી પાત્રની શુદ્ધિ

ન થાય ત્યાં સુધી પ્રાપ્તિ સફળ ન થાય.

ગૌતમે પ્રભુ મહાવીર સાથે પોતાનું હૃદય તો જોડી દીધું, પોતાના હૈયામાં પ્રભુ મહાવીરને સ્થાન તો આપી દીધું. પ્રભુ સાથે બે હાથ અને હૈયું જોડ્યા પછી પણ શું એ યજ્ઞ-હવન કરવાનું ચાલુ રાખશે?

ગૌતમ સૌથી પહેલા પોતાની એ બધી ભૂતકાળની પ્રવૃત્તિઓ છોડશે અને પછી ધીરે-ધીરે ભૂતકાળની વૃત્તિઓને છોડશે.

ધર્મસાધનાના ક્ષેત્રમાં પ્રવેશ પામવાની આ પણ એક શરત છે કે જો આત્મશુદ્ધિ કરીને આત્મકલ્યાણ કરવું હોય, પરમાત્માના ભાવોને સમજવા હોય તો સૌથી પહેલા તમારી પ્રવૃત્તિમાંથી તમારા ભૂતકાળને છોડો અને પછી તમારી વૃત્તિમાંથી ભૂતકાળને છોડો.

પ્રવૃત્તિનો અને વૃત્તિનો ભૂતકાળ વર્તમાનને બગાડે છે.

પ્રવૃત્તિનો ભૂતકાળ અને વૃત્તિનો ભૂતકાળ આ બંનેમાં ફરક શું?

પ્રવૃત્તિ એટલે જે આપણે અત્યારે આ ભવમાં કરી રહ્યા છીએ અને વૃત્તિ એટલે ભવોભવના જે સંસ્કાર આપણા આત્માની સાથે જોડાઈ ગયા છે અને અત્યારે પણ એવું કરવાની પ્રેરણા કરે છે.

પ્રવૃત્તિ સુધરે છે ત્યારે આખો ભવિષ્યકાળ અને ભવોભવ સુધરી જાય છે, જ્યારે વૃત્તિ સુધરે છે ત્યારે આખો વર્તમાનકાળ સુધરી જાય છે.

એક બહેન દરરોજ ધર્મસ્થાનકમાં આવે. Honda city carમાં driver મૂકી જાય. બહેન ગાડીમાંથી ઊતરે એટલે ખુલ્લા પગે ઊતરે. કદાચ ધર્મસ્થાનકમાં ચંપલ ચોરાઈ જવાના ભયથી carમાં જ કાઢીને ઊતરતાં હશે. પછી ધર્મસ્થાનકમાં આરાધના કરે, જાપ કરે અને પ્રવચન સાંભળે. બધી ક્રિયાઓ પૂરી કરી ઘરે જવાનો સમય થાય ત્યારે ફરી એ જ car લેવા આવે અને carમાં બેસતી વખતે એ બહેનના પગમાં નવેનવાં ચંપલ હોય.

એ બહેન કરોડપતિ હતાં, એકસાથે દસ જોડી ચંપલ ખરીદી શકે તેવાં સમૃદ્ધ હતાં, પણ છતાંય 'ચંપલ ન ચોરે ત્યાં સુધી ચેન ન પડે.' આ તેમની વૃત્તિ હતી.

કોઈ મજબૂરીના કારણે, નોકરી ન મળવાના કારણે, પેટનો ખાડો પૂરવાના કારણે કે ભૂખ્યાં બાળકો માટે ચોરી કરે તે એની પ્રવૃત્તિ કહેવાય, પણ તે બહેન જેમની પાસે Honda city જેવી car હોય, પોતાનો bungalow હોય, ધર્મધ્યાન કરતાં હોય, સમજ હોય છતાં પણ ધર્મના સ્થાનકમાંથી જ ચોરી કરે? અને એ પણ ચંપલની?

તે બહેનને પૂછવામાં આવ્યું કે તમે શા માટે આવી ચોરી કરીને પાપકર્મ બાંધો છો? તો કહે, હું બધું સમજું છું કે હું ખોટું કામ કરું છું, પાપ બાંધું છું. હું બધું જ જાણું છું, પણ કોણ જાણે કેમ મારી આ આદત છૂટતી જ નથી. બધા ગુસ્સો કરે છે, પ્રેમથી સમજાવે પણ છે. હું પ્રયત્ન કરવાની કોશિશ પણ કરું છું, પણ કરી શકતી નથી. જે દિવસે ચંપલ ન ચોર્યાં હોય એ દિવસે ક્યાંય ગમે નહીં. ચેન ન પડે, ખાવાનું ન ભાવે, કોઈની સાથે બોલવું ન ગમે અને જાણે અધૂરું-અધૂરું લાગ્યા કરે, મન અને મગજ પર ભાર રહે અને મુશ્કેલીથી બીજા દિવસની રાહ જોઉં. અને જ્યારે બીજા દિવસે ચંપલ ચોરી લઉં પછી જ 'હાશ' થાય, પછી જ 'શાંતિ' થાય છે.

તે બહેન સાથે આવું કેમ થતું હશે? તેમણે ભૂતકાળમાં ચોરી કરી હશે અને એમાં એવાં ઓતપ્રોત થઈ ગયાં હશે, ચોરી કરી-કરીને ખૂબ જ ખુશ થતાં હશે, ખુશી મનાવતાં હશે અને એમાં ને એમાં રચ્યાંપચ્યાં રહેતાં હશે એના કારણે ચોરી કરવાના દઢ સંસ્કાર આત્મા સાથે એવા જોડાઈ ગયા કે આ ભવે પણ પીછો છોડતા નથી. આ ભવમાં ચંપલનો આખો શોરૂમ ખરીદી શકે એટલી ધનસંપત્તિ હોવા છતાં ભૂતકાળની વૃત્તિ ચંપલ ચોરવાની પ્રેરણા કર્યા કરે છે. એને બદલે જો કોઈ સારા સંસ્કાર આત્મા સાથે દઢ રીતે જોડાઈ ગયા હોત તો? તો તેમનો વર્તમાન કેટલો ભવ્ય હોત?

આપણા દરેકમાં આપણા ભૂતકાળની અનંતી વૃત્તિઓ પડેલી છે. જ્યાં સુધી આપણે આપણી એ વૃત્તિઓને સુધારીશું નહીં, અંદરમાં પડેલા એ સંસ્કારોને સુધારીશું નહીં ત્યાં સુધી ગમે તેટલું ધર્મધ્યાન કરીશું, સાધના-આરાધના કરીશું, પણ અંતે તો પાછા હતા ત્યાં ને ત્યાં જ આવી જઈશું.

ભૂતકાળને delete કરવો, ભૂતકાળના સંસ્કારને delete કરવા અને ભૂતકાળની વૃત્તિ delete કરવી એ જ સાચી સાધના છે, એ ધર્મસાધનાના ક્ષેત્રમાં પ્રવેશવાનું પગથિયું છે.

યુદ્ધની શરૂઆત જ્યારે શંખનાદથી થાય ત્યારે એ ધર્મયુદ્ધ વિજયધજા ફરકાવે છે. તમારા ધર્મયુદ્ધને વિજય સુધી પહોંચાડવા ભૂતકાળને ભૂંસવાના પુરુષાર્થનો શંખનાદ તમારે ફૂંકવો પડશે.

જે ભૂતકાળને નિહાળે છે તે જ ભવિષ્યને ઉજ્જ્વળ બનાવી શકે છે.

જો આપણે ભૂતકાળ ભગવાન જેવો વિતાવ્યો હોત તો આજે આપણો વર્તમાન પણ ભગવાન જેવો હોત, પણ આપણો વર્તમાન ભગવાન જેવો નથી એ જ બતાવે છે કે આપણો ભૂતકાળ ભૂલ ભરેલો છે.

પ્રવૃત્તિનો અને વૃત્તિનો ભૂતકાળ વર્તમાનને બગાડે છે.

પ્રવૃત્તિ એટલે જે આપણે અત્યારે આ ભવમાં કરી રહ્યા છીએ અને વૃત્તિ એટલે ભવોભવના જે સંસ્કાર આપણા આત્માની સાથે જોડાઈ ગયા છે અને અત્યારે પણ એવું કરવાની પ્રેરણા કરે છે.

પ્રવૃત્તિ સુધરે છે ત્યારે આખો ભવિષ્યકાળ અને ભવોભવ સુધરી જાય છે, જ્યારે વૃત્તિ સુધરે છે ત્યારે આખો વર્તમાનકાળ સુધરી જાય છે.





ધર્મયુદ્ધમાં શત્રુ

10

ધર્મયુદ્ધમાં શત્રુ-

સ્વાર્થ

એક વ્યક્તિ તેના ઘરે એક ગાયને લઈ આવે છે. તે રોજ એની પાસેથી દૂધ મેળવે, પણ સામે તેને કંઈ જ ખાવાનું આપતો નથી. જો આવું જ ચાલતું રહે તો એ ગાય કેટલા દિવસ દૂધ આપશે? કદાચ બે-ચાર દિવસ દૂધ આપે, પણ પછી? પછી ગાય દૂધ આપવાનું જ બંધ કરી દેશે.

એવી જ રીતે તમે વર્ષોથી ધર્મ કરો છો, ધર્મક્ષેત્રમાં આવીને સાધના-આરાધના કરો છો. તમે મેળવ્યું તો ઘણું, પરંતુ ક્યારેય કંઈ અર્પણ કરવાનો તો વિચાર જ નથી કર્યો. તમને કેટલું સુખ મળ્યું? કેટલી શાંતિ મળી? કેટલા problems solve થયા? કેટલી સમાધિ મળી?

યાદ કરો, વિચાર કરો.

કોઈ જવાબ નહીં મળે.

કેમ કે, ધર્મ કર્યો છે, પણ જાણે-અજાણે એમાં સ્વાર્થ ભળી ગયો છે.

જ્યાં સુધી ધર્મક્ષેત્રમાં આવીને કંઈ અર્પણ નથી કરતાં ત્યાં સુધી તમે ધર્મક્ષેત્રમાંથી ઘણું લઈ જાવ છો, પણ સ્વાર્થ સાથેની આરાધનાના કારણે સાચા અર્થમાં કંઈ પામી શકતા નથી.

પરંતુ ધર્મક્ષેત્રમાં સ્વાર્થ એટલે શું?

હું માળા કરીશ તો મારું મન શાંત થઈ જશે, હું સામાયિક કરીશ તો મને સદ્‌ગતિ મળશે, હું પ્રતિક્રમણ કરીશ તો મારાં પાપ ધોવાઈ જશે, હું ઉપવાસ કરીશ તો મારાં કર્મોની નિર્જરા થશે.

'હું કંઈ મેળવું' ધર્મક્ષેત્રમાંથી માત્ર મેળવવાનો જ વિચાર કર્યો છે.

મોટાભાગે ધર્મક્ષેત્રમાં આવનારી વ્યક્તિનું ધર્મ કરવા પાછળનું લક્ષ્ય આ જ હોય છે અને આ બધું કર્યા પછી પણ ભાવ તો એ જ હોય, મારા આત્માનું સારું થાય અને મને મોક્ષ મળે.

જેમાં પોતાનું 'સારું' થાય એ ભાવ હોય એને સ્વાર્થ કહેવાય.

આપણી આ સ્વાર્થવૃત્તિની આપણને એક આદત પડી ગઈ છે.

કંઈ પણ કરો, પહેલો વિચાર આવશે કે મને આમાંથી શું મળશે? આમ કરીશ તો મને શું લાભ થશે?

સ્વાર્થ, સ્વાર્થ અને માત્ર સ્વાર્થ.

સ્વાર્થ સાથેની ધર્મ-આરાધનાથી પુણ્ય બંધ થાય છે, પણ કર્મોનો ક્ષય નથી થતો અને જ્યાં સુધી કર્મોનો ક્ષય ન થાય ત્યાં સુધી સમ્યક સુખ કે શાંતિ ન મળે. કર્મોનો ક્ષય થાય એટલે luck, good luck બની જાય અને જ્યાં good luck હોય ત્યાં કોઈ problems કે અસમાધિ ન હોય. ધર્મ કર્યા છતાં problems અને અસમાધિ આવે છે એનો અર્થ એ છે કે ક્યાંક સ્વાર્થ ઘર કરીને બેઠો છે.

સંસારમાં સ્વાર્થ કદાચ સો પાપનું કારણ હોય, પણ ધર્મમાં સ્વાર્થ તો લાખો પાપોનું કારણ હોય છે. એટલે ધર્મક્ષેત્રમાં ધર્મ કરતાં પહેલા, સાધનાની શરૂઆત કરતાં પહેલા 'સેવા' કરવી જોઈએ, કારણ કે સ્વાર્થનું એકમાત્ર મારણ સેવા છે.

જ્યાં સુધી સ્વાર્થ હોય ત્યાં સુધી ધર્મથી સુખ ન હોય. ધર્મની સાધનામાં જ્યારે સેવા ભળે છે ત્યારે કર્મોની નિર્જરા થાય છે અને જ્યાં સુધી સ્વાર્થ ભળેલો હોય છે ત્યાં સુધી માત્ર પુણ્યની પ્રાપ્તિ થાય છે.

સેવા કર્યા વિનાની સાધનાને સ્વાર્થ કહેવાય અને એમાં માત્ર સ્વયંના જ લાભની વાત હોય. જ્યાં સ્વાર્થ હોય ત્યાં પરમાત્મા ક્યારેય ન હોય, પછી તે ધર્મનું ક્ષેત્ર હોય કે સંસારનું ક્ષેત્ર હોય.

ધર્મમાં સ્વાર્થ ન ભેળવવો હોય તો 'સેવા' કરો.

પણ સાચા અર્થમાં સેવા એટલે શું? શું સંપત્તિના દાનને સેવા કહેવાય?

ના, માત્ર સંપત્તિનું દાન આપવું એ સેવા નથી.

તમારી પાસે જે કંઈ હોય તમારો સમય, તમારી શક્તિ, તમારી આવડત, તમારી સલાહ, તમારી કલા એનો ઉપયોગ ધર્મક્ષેત્રમાં કરવો, પરમાત્માના કાર્યમાં કરવો, પરમાત્માના missionsમાં કરવો એ 'સેવા' છે.

પોતાની સમજનો ઉપયોગ કરવો એ પણ સેવા છે. તમે જે પ્રભુજ્ઞાનને પામ્યા છો એની સમજ અન્યને આપવી એ પણ સેવા છે.

સેવા કરવામાં શું કરવું પડે?

સેવા કરવામાં મનને મારવું પડે, સેવા કરવામાં ઇચ્છાઓનું મૃત્યુ કરવું પડે, સેવા કરવામાં સ્વાર્થને છોડવો પડે, સેવા કરવામાં મોજશોખને ભૂલવા પડે.

નિઃસ્વાર્થ સેવા તમારી સાધનાને સાર્થક અને સફળ બનાવશે. પરમાત્માના સ્થાનકમાંથી કંઈક મેળવો છો તો પરમાત્મા માટે 'સેવા' દ્વારા કંઈક આપો. પરમાત્માનો ધર્મ પામીને કેટલીયે હિંસા અને કેટલાય પાપથી બચી રહ્યા છો, કેટલાંય પુણ્યનો stock જમા કરી રહ્યા છો તો પરમાત્મા માટે શું કરો છો?

આખી જિંદગી ભગવાનનું નામ લેવું એ તમારો સ્વાર્થ છે, પણ ભગવાનનું કંઈક કામ કરવું એને જ પરમાર્થ કહેવાય અને આ પરમાર્થ જ તમને ધર્મનો અનુભવ કરાવશે.

પરમાત્માનો ઉપકાર વ્યક્ત કરવા માટે છે સેવા.

પરમાત્માનું ઋણ ચૂકવવા માટે છે સેવા.

પરમાત્મા માટે કંઈક કરવા માટે છે સેવા.

સેવાની અનુભૂતિ જ અનન્ય હોય છે. એકવાર અનુભવ કરી જુઓ. છેલ્લા શ્વાસ સુધી સેવા છોડવાનું મન નહીં થાય.

સેવા કરીને ક્યારેય સેવાનો show કે સેવાનું પ્રદર્શન ન કરાય. સેવાનો એક અનુભવ કરી જોજો. તમારા સ્વભાવમાં પરિવર્તન પોતાની મેળે આવી જશે. તમારો અહમ્ અને ગુસ્સો ઘટવા લાગશે. તમારી અંદરથી શુભ auraનો સ્રોત વહેવા લાગશે. તમારી આસપાસ પ્રેમમય, પ્રીતિમય વાતાવરણ સર્જાઈ જશે.

ઘણા લોકો કહેતા હોય છે કે અમને ખબર છે કે ગુસ્સો ન કરાય, ગુસ્સો ખરાબ છે, પણ શું થાય, ગુસ્સો આવી જ જાય છે, કંઈ ફરક પડતો નથી.

એક પ્રયત્ન સેવાનો કરી જુઓ. ફરક લાવવો નહીં પડે, ફરક આવી જશે. ગુસ્સો ઘટાડવો નહીં પડે, ગુસ્સો ગાયબ જ થઈ જશે.

એક પ્રયોગ કરી જુઓ.

જેમ-જેમ સેવા વધતી જશે તેમ-તેમ પ્રકૃષ્ટ શાતા વેદનીય કર્મનો બંધ થતો જશે.

જે વ્યક્તિ નિઃસ્વાર્થ સેવા કરતી હોય તે ભાગ્યે જ બીમાર પડતી હોય. જે વ્યક્તિ સેવા કરીને પણ વારંવાર બીમાર પડતી હોય તો સમજવું કે સેવામાં કંઈક કચાશ છે, સેવામાં ક્યાંક સ્વાર્થ ભળી ગયો છે. ધર્મયુદ્ધમાં જીત મેળવવા મારે મારા સ્વાર્થ નામના શત્રુનો પરાજય કરવો છે.

સંસારમાં સ્વાર્થ કદાચ સો પાપનું કારણ હોય, પણ ધર્મમાં સ્વાર્થ તો લાખો પાપોનું કારણ હોય છે. એટલે ધર્મક્ષેત્રમાં ધર્મ કરતાં પહેલાં, સાધનાની શરૂઆત કરતાં પહેલાં 'સેવા' કરવી જોઈએ, કારણ કે સ્વાર્થનું એકમાત્ર મારણ સેવા છે.

સેવા કર્યા વિનાની સાધનાને સ્વાર્થ કહેવાય અને એમાં માત્ર સ્વયંના જ લાભની વાત હોય. જ્યાં સ્વાર્થ હોય ત્યાં પરમાત્મા ક્યારેય ન હોય, પછી એ ધર્મનું ક્ષેત્ર હોય કે સંસારનું ક્ષેત્ર હોય.

પોતાની સમજનો ઉપયોગ કરવો એ પણ સેવા છે. તમે જે પ્રભુજ્ઞાનને પામ્યા છો એની સમજ અન્યને આપવી એ પણ સેવા છે.

આખી જિંદગી ભગવાનનું નામ લેવું એ તમારો સ્વાર્થ છે, પણ ભગવાનનું કંઈક કામ કરવું એને જ પરમાર્થ કહેવાય અને આ પરમાર્થ જ તમને ધર્મનો અનુભવ કરાવશે.

જે વ્યક્તિ નિઃસ્વાર્થ સેવા કરતી હોય તે ભાગ્યે જ બીમાર પડતી હોય. જે વ્યક્તિ સેવા કરીને પણ વારંવાર બીમાર પડતી હોય તો સમજવું કે સેવામાં કંઈક કચાશ છે, સેવામાં ક્યાંક સ્વાર્થ ભળી ગયો છે.



11

ધર્મયુદ્ધમાં શત્રુ-

ઈચ્છા

અનંતા જીવોમાં કોઈક એક જીવને ધર્મ મળે છે અને ધર્મક્ષેત્રમાં જવાનું મન થાય છે, ધર્મ કરવાના ભાવ થાય છે. એમાં પણ ઘણાને ધર્મ કર્યા પછી ધર્મની અનુભૂતિ થતી નથી, ધર્મ કરવાથી જે શાંતિ અને સમાધિ મળવી જોઈએ એ મળતી નથી.

કીડી ન મરાય અને કંદમૂળ ન ખવાય એ અધર્મને તો બધા અધર્મ માને છે, પણ ક્યારેક ધર્મ પછી અધર્મ થઈ જતો હોય છે.

ધર્મયુદ્ધના એ શત્રુનું નામ છે અહમ્!

વ્યક્તિ સંસારની અધર્મ પ્રવૃત્તિને છોડીને ધર્મના ક્ષેત્રમાં તો આવી જાય છે, પણ ધર્મની સાધનાઓના અહમ્‌ને પકડી લે છે.

હું તો આખો દિવસ ધ્યાન, સાધના, સ્વાધ્યાય જ કરું છું, આખો દિવસ ધર્મમાં જ પસાર કરું છું, આને કહેવાય ધર્મનો અહમ્!

મારે શિબિરમાં જવું જ છે, હું તો સત્સંગમાં જઈશ જ! આ છે ધર્મ માટેની ઇચ્છા અને આગ્રહ.

ઇચ્છાથી કરેલો ધર્મ અધર્મ બની જતો હોય છે, કેમ કે, ઇચ્છા આગ્રહ બને છે અને આગ્રહ અંતે અહમ્ બની જાય છે અને અહમ્ અધર્મ છે.

ધર્મનું ક્ષેત્ર ઇચ્છાઓથી મુક્ત થવાનું ક્ષેત્ર છે અને ધર્મ ઇચ્છાઓને છોડવાનું શીખવે છે, પણ મોટાભાગના લોકો ઇચ્છાને છોડી શકતા નથી. કેમ કે, ધર્મને અંદરનો કર્તૃત્વભાવ બનાવી દીધો છે.

મોટાભાગના લોકો ધર્મક્ષેત્રમાં સ્વાર્થથી આવે છે, જ્યારે પ્રેમથી આવનારા બહુ જ ઓછા હોય છે.

જે સ્વાર્થ માટે ધર્મ કરે છે તે ધર્મ કરીને પણ અહમ્ કરે છે.

માટે જ ધર્મયુદ્ધમાં જીત મેળવવા વિચારોને filter કરવાની જરૂર છે.

'હું માળા ન કરું તો મને ચેન ન પડે, હું ઉપવાસ ન કરું તો મને ચાલે જ નહીં, હું દર્શન કરવા ન જાઉં તો મને ગમે જ નહીં.' આ છે ધર્મ પ્રત્યેનો રાગ, ધર્મ પ્રત્યેનું આકર્ષણ!

ધર્મ પ્રત્યે રાગ ન હોય અને ધર્મનું આકર્ષણ ન કરવાનું હોય, કેમ કે ધર્મ પ્રત્યેનો રાગ અંતે દ્વેષ બની જાય છે અને ધર્મ પ્રત્યેનું આકર્ષણ અંતે આવેશમાં પરિણમે છે.

ધર્મમાં જ્યારે action અને emotions બંને pure હોય ત્યારે જ આત્માની શુદ્ધિ થાય અને ત્યારે જ ધર્મની અનુભૂતિ થાય.

સાધનાની સાથે શુભ ભાવ ભળે તો આત્મશુદ્ધિ થાય અને સાધનાની સાથે ઇચ્છા ભળે તો આત્મા અશુદ્ધ થાય.

સાધના કરવાને કારણે action ધર્મની થાય છે, એ જ સાધનમાં જ્યારે ઇચ્છા mix થાય છે ત્યારે ભાવ અધર્મ થઈ જાય છે.

યાદ રાખજો, ઇચ્છાને જ્યારે પોષણ મળે છે ત્યારે અહમ્‌નો જન્મ થાય છે.

આ એક એવું secret છે જેને બધા સમજી શકતા નથી, તો ધર્મમાં ઇચ્છાને જીતવા શું કરવું જોઈએ?

ધર્મમાં રાગ, ઇચ્છા, આગ્રહ કે અપેક્ષા ન હોય, પણ સમર્પણતા હોય.

સમર્પણતા આવે એટલે ઇચ્છાનું, રાગનું સહજતાથી મૃત્યુ થઈ જાય.

ભગવાન કહે છે :

જ્યારે ધર્મક્ષેત્રમાં પ્રવેશ કરો ત્યારે પહેલા ગુરુશરણે સમર્પિત થઈ જવું જોઈએ, કેમ કે, જે સમર્પિત હોય છે તેની સ્વયંની કોઈ ઇચ્છા હોતી નથી.

માનો કે બે વ્યક્તિ છે. બંને ધર્મસાધના કરે છે. એમાં એક સમર્પિત છે અને એક ઇચ્છાથી સાધના કરનાર છે.

બંનેને પ્રશ્ન પૂછવામાં આવે છે...

તમે શું કરો છો?

એક કહે છે, હું તો આખો દિવસ ધ્યાન, સાધના કરું છું. સાત કલાક તો સ્વાધ્યાય કરું છું, માળા કરું છું વગેરે.

તે વ્યક્તિએ અધર્મ તો છોડ્યો, પણ ધર્મની સાધનાઓના અહમ્‌ને પકડી લીધો એટલે ધર્મનો અહમ્ કરીને ધર્મને અધર્મ બનાવી દીધો.

જ્યારે સમર્પિત વ્યક્તિ કહે છે, ગુરુદેવની જે પ્રેરણા છે એ થાય છે.

બીજો પ્રશ્ન પૂછવામાં આવે છે... શું તમે શિબિરમાં જવાના છો?

હા, હા... હું તો જવાનો જ છું. ગમે તે થાય, businessને પણ બાજુમાં મૂકીને હું તો શિબિરમાં જઈશ જ. શિબિરમાં તો જવું જ જોઈએને!

આવો જવાબ આપીને તે વ્યક્તિએ ધર્મના નામે અહંકારનું પ્રદર્શન કર્યું કહેવાય.

જ્યારે સમર્પિત વ્યક્તિ કહે છે : એ સમયે જેવા યોગ અને સંયોગ હશે અને જે પ્રમાણે ગુરુની પ્રેરણા આવશે એ પ્રમાણે ગોઠવાઈ જશે.

ત્રીજો પ્રશ્ન પૂછવામાં આવે છે... શું વાત છે, તમે તો આઠ ઉપવાસ કર્યા. કાલે પારણું છે?

હા, અટ્ઠાઈ તો મારાથી આમ રમતાં-રમતાં થઈ જાય. આ વખતે તો સોળ પૂરા કરવા છે.

એટલે કર્મોની નિર્જરા કરાવતી તપસાધના પછી પણ ભાવ કર્તૃત્વનો કર્યો. 'હું કરું છું, મારાથી થાય છે' એ કર્તૃત્વભાવને કારણે ધર્મ અધર્મ બની જાય છે!

એટલે તેની actionમાં તપસાધના છે અને emotionમાં કર્તૃત્વભાવ છે.

જ્યારે સમર્પિત વ્યક્તિ કહે છે, કૃપા છે દેવ-ગુરુની, તે જે કરાવે છે તે થાય છે.

કેટલા ઉપવાસ કરવાના છે? કાલે પારણું છે?

મને ખબર નથી. ગુરુદેવ કરાવશે ત્યાં સુધી કરીશ અને ગુરુદેવ કહેશે તો પારણું કરી લઈશ.

મારું શરીર મારાથી જોડાયેલું છે, પણ મારો આત્મા તો મારા ગુરુદેવ સાથે connected છે. તે જે કરાવે છે એ થઈ જાય છે. કૃપા છે ગુરુદેવની! એટલે તેની actionમાં સાધના છે અને emotionમાં નમ્રતા અને અકર્તૃત્વભાવ.

ચોથો પ્રશ્ન પૂછવામાં આવે છે...

આજકાલ તમારો business વધ્યો લાગે છે?

હા, હમણાં ઉપાશ્રય જાઉં છું, થોડો ઘણો ધર્મ કરું છું એની અસર છે! આ છે egoનું દર્શન!

જ્યારે સમર્પિત વ્યક્તિ કહે છે, હા, ગુરુદેવની કૃપા છે, તેમના સાંનિધ્યમાં મારાં પાપ પુણ્યમાં convert થઈ રહ્યાં છે એટલે બધું સારું થઈ રહ્યું છે. આ છે શૂન્ય ભાવ!

જે Egoને zero કરે છે તે જ ધર્મનો અનુભવ કરે છે.

પાંચમો પ્રશ્ન પૂછવામાં આવે છે...

સત્સંગનો બહુ સારો લાભ લઈને આવ્યા તમે?

હા, chance મળ્યો હતો એટલે જઈ આવ્યા. આટલા મોટા અને મહાન સંતના સત્સંગમાં જઈએ એટલે આપણો પણ વટ પડેને!

ધર્મ કર્યો પણ status માટે, એટલે પામ્યા કંઈ નહીં.

જ્યારે સમર્પિત વ્યક્તિ કહે છે, હા, પરમાત્માની કૃપાનો પ્રસાદ પામવા ગયા હતા. થોડો પ્રસાદ પામ્યા છીએ. અમને અનન્ય લાગ્યો છે અને અમારી ભાવના છે બધા આ પ્રસાદને પામે.

વિચારો, જવાબ બંને વ્યક્તિ આપે છે, પણ બંનેની વાણીમાં કેવો ફરક છે!

પાણી બંને છે, છતાં એક ગંગા કહેવાય છે અને એક ગટર! ગંગા નિર્મળ છે અને ગટરમાં કચરો છે.

વાણી બંને વ્યક્તિની છે, પણ એકમાં ગંગા જેવી પાવનતા અને શુદ્ધતા છે, જ્યારે બીજામાં અહમ્, ego, ઈર્ષ્યા, આગ્રહ અને ઇચ્છારૂપી કચરો ભરેલાં છે જે ધર્મની સાધના કરી અમૂલ્ય ધર્મને પણ અધર્મ બનાવી દે છે.

પિવડાવવું જ છે તો ગટરનું પાણી શા માટે પિવડાવવું? અમૃત જ પિવડાવવું જોઈએને.

અધર્મનું તો પાપ હોય, પણ ધર્મ કરીને જે ધર્મને અધર્મ બનાવી દે તેનું પાપ અનેકગણું વધી જાય છે.

ધર્મમાં ક્યારેય show ન હોય. કોઈ કરે છે માટે હું કરું એમ નહીં, મારા માટે શ્રેષ્ઠ છે માટે મારે કરવું છે એ ભાવ હોવા જોઈએ.

જે દરેક સાધનાને ઇચ્છા, આગ્રહ અને કર્તૃત્વ બનાવી દે છે તે ક્યારેય ધર્મની અનુભૂતિ કરી શકતા નથી, ધર્મથી પ્રાપ્ત ફળને ભોગવી શકતા નથી.

ધર્મક્ષેત્રમાં વ્યક્તિ fail થાય છે એક માત્ર ઇચ્છા, આગ્રહ અને કર્તૃત્વને કારણે.

અધર્મને અધર્મ માનવો સહેલો છે, પણ ઇચ્છા, આગ્રહ અને કર્તૃત્વથી થતા ધર્મને અધર્મ માનવો, સમજવો અને સ્વીકારવો બહુ જ અઘરો છે.

ધર્મક્ષેત્રમાં આવીને સત્ય અને અનુભવને પ્રગટ કરવાં જોઈએ, કર્તૃત્વભાવ અને અહમ્‌ને નહીં.

ભગવાન કહે છે,

તમારો ધર્મ, તમારી ધર્મસાધના અધર્મ ન બની જાય એટલા માટે જ ધર્મક્ષેત્રમાં પ્રવેશ કરનાર વ્યક્તિ માટે ગુરુનું શરણ અને સાંનિધ્ય જરૂરી છે.

જેમ દહીં વિના દૂધ જામે નહીં એમ ગુરુકૃપા વિના ધર્મસાધના સાર્થક થાય નહીં.

જેમ બહારથી સરખી દેખાતી જમીનની વચ્ચે પણ જેની પાસે vision હોય તે કહી દે કે અહીં ખોદશો તો પાણી નીકળશે અને અહીં ખોદશો તો સોનું. એમ ગુરુ પાસે પણ એક vision હોય જેના દ્વારા તે આપણા અંતરના ગુણ અને અવગુણને જાણે અને આપણને એ દિશામાં પ્રગતિ કરાવે.

ગુરુ તમારા અનાદિકાળના સંસ્કારોને શુદ્ધ કરવા આજ્ઞા આપે અને આજ્ઞા દ્વારા મુક્તિના માર્ગે લઈ જાય.

ગુરુ આપણા ભાવોને જાણે અને આપણા ego, અહમ્, કર્તૃત્વભાવ જેવા અવગુણોને દૂર કરાવે.

ગુરુ આપણી ઇચ્છાનું મૃત્યુ કરાવે, જેથી આપણે ધર્મસાધનાની અનુભૂતિ કરી શકીએ.

ગુરુ આપણને ખોટા અને અસત્યના માર્ગે જતાં અટકાવે અને સત્યની રાહ પર પ્રગતિ કરાવે.

જ્યાં સુધી જીવનમાં ગુરુનો પ્રવેશ ન થાય ત્યાં સુધી થતી ધર્મસાધના ઇચ્છાથી થતી હોય છે, આજ્ઞાથી નહીં.

ઇચ્છાથી કરેલા ધર્મથી પુણ્યનો બંધ થાય, પણ કર્મોનો ક્ષય ન થાય.

ઇચ્છાથી કરેલા ધર્મમાં તૃપ્તિ હોય, પણ મુક્તિ ન હોય.

ઇચ્છામુક્તિ એ જ સાધના છે.

'મારા માટે જે સમયે જે યોગ્ય હશે તે મને કરાવશે. મારામાં કંઈ પણ કરવાનો અભાવ પણ નથી અને ભાવ પણ નથી, આગ્રહ પણ નથી અને ઇચ્છા પણ નથી. કરાવે તો કરવું છે, ન કરાવે તો અફસોસ નથી.'

આ છે સમર્પણભાવ, આ છે શૂન્યભાવ.

સમર્પણભાવ ધર્મને અધર્મ બનતાં અટકાવે છે. સમર્પણભાવ આપણને ધર્મયુદ્ધમાં ઇચ્છા અને આગ્રહ નામના શત્રુ સામે વિજયી બનાવે.

ધર્મ પ્રત્યે રાગ ન હોય અને ધર્મનું આકર્ષણ ન કરવાનું હોય, કેમ કે, ધર્મ પ્રત્યેનો રાગ અંતે દ્વેષ બની જાય છે અને ધર્મ પ્રત્યેનું આકર્ષણ અંતે આવેશમાં પરિણમે છે.

જે egoને zero કરે છે તે જ ધર્મનો અનુભવ કરે છે.

અધર્મને અધર્મ માનવો સહેલો છે, પણ ઇચ્છા, આગ્રહ અને કર્તૃત્વથી થતા ધર્મને અધર્મ માનવો, સમજવો અને સ્વીકારવો બહુ જ અઘરો છે.

જેમ દહીં વિના દૂધ જામે નહીં એમ ગુરુકૃપા વિના ધર્મસાધના સાર્થક થાય નહીં.

ઇચ્છાથી કરેલા ધર્મથી પુણ્યનો બંધ થાય, પણ કર્મોનો ક્ષય ન થાય. ઇચ્છાથી કરેલા ધર્મમાં તૃપ્તિ હોય, પણ મુક્તિ ન હોય. ઇચ્છામુક્તિ એ જ સાધના છે.

12

ધર્મયુદ્ધમાં શત્રુ-

સંબંધો

જગતમાં મોટા ભાગના ભાવિકો સમજી શકતા નથી કે ધર્મનો અનુભવ એટલે શું? ધર્મનો અનુભવ કેવી રીતે થાય? ધર્મની અનુભૂતિમાં શું થાય?

ધર્મનો અનુભવ ત્યારે જ થાય જ્યારે ધર્મને પામ્યા હોય. ધર્મને પામવા માટે જિજ્ઞાસા, ઝંખના, તરસ અને તડપ હોવાં જોઈએ.

જિજ્ઞાસા, ઝંખના, તરસ અને તડપ પામવાની ઉત્કૃષ્ટ અંતરની ઝંખના એ જ પ્રાપ્તિને સાર્થક કરે છે.

મળે છે શું એનું વધારે મહત્વ નથી, પણ મેળવવાની તરસ અને તડપ કેટલી છે, પામવાની તાલાવેલી કેવી છે એ મહત્વનું છે.

ભૂખ ન હોય અને વ્યક્તિ થાળ ભરીને જમી લે એની અસર વધારે નથી હોતી, પણ કકડીને ભૂખ લાગી હોય અને માત્ર રોટલી અને શાક જ મળે તો પણ એની તૃપ્તિ, એનો સંતોષ અને એનો ઓડકાર કંઈક અલગ જ હોય.

માટે જ પ્રભુને પામવા માટે, પ્રભુના ધર્મને પામવા માટે કાયમ એક તરસ, એક તડપ હોવી જોઈએ. જો પામવાની તડપ, તરસ અને ઝંખના હશે તો પ્રાપ્તિની એક-એક ક્ષણ અમૂલ્ય અને આનંદદાયક બની જશે. તમે ધર્મને સમજવાનો પ્રયત્ન ઘણીવાર કર્યો છતાં ધર્મનો અનુભવ થતો નથી એવું કેમ?

એનું મુખ્ય કારણ એ છે કે પ્રભુના ધર્મને સમજવાનો પ્રયત્ન કરતા હોવા છતાં વાસ્તવિકતામાં ધર્મ શું છે એ સમજી શકતા નથી. તમે શાંતિથી વિચાર કરશો તો તમને સમજાશે કે તમે જ્યારે-જ્યારે negative ભાવોમાં હશો ત્યારે-ત્યારે તમે અશાંત થતા હશો અને જ્યારે-જ્યારે તમે ધર્મની કોઈ આરાધનામાં જોડાતા હશો ત્યારે-ત્યારે તમે એક અલગ પ્રકારની શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ કરતા હશો.

આ શાંતિ, આ પ્રસન્નતા એ ધર્મની અનુભૂતિ છે. ધર્મનો અનુભવ એટલે ગુણનો અનુભવ.

ક્રોધ એ અવગુણ છે અને ક્ષમા એ ગુણ છે. તમે તમને જ check કરો.

તમે જ્યારે ક્રોધમાં, આવેશમાં, આક્રોશમાં હો છો ત્યારે તમારું મન અશાંત, બેચેન અને વ્યાકુળ હોય છે અને જ્યારે તમે કોઈને ક્ષમા આપો છો, ક્ષમાભાવમાં હો છો ત્યારે તમારું મન ન માત્ર શાંત હોય છે, પણ એક પ્રકારની પ્રસન્નતા પણ અનુભવે છે.

જ્યારે તમે એ શાંતિ અને પ્રસન્નતાના ભાવમાં હો ત્યારે સમજવું કે તમે ધર્મનો અનુભવ કરી રહ્યા છો અને જ્યારે તમે ક્રોધમાં અને આવેશમાં હો ત્યારે સમજવું કે તમે અધર્મનો અનુભવ કરી રહ્યા છો.

આખા દિવસમાં તમે ધર્મનો અનુભવ વધારે કરો છો કે અધર્મનો? શાંતિનો અનુભવ વધારે કરો છો કે અશાંતિનો?

તમે જ્યારે-જ્યારે disturb થાવ છો, અશાંત થાવ છો ત્યારે-ત્યારે તમારા આત્માના ગુણો પણ down થાય છે. અને, તમે જ્યારે ધર્મ-આરાધનામાં, સેવામાં, સત્કાર્યમાં જોડાવ છો, જ્યારે-જ્યારે શાંતિનો અનુભવ કરો છો ત્યારે-ત્યારે તમારા આત્મગુણો શ્રેષ્ઠ બની જાય છે.

તમે disturb ક્યારે થાવ છો? તમને અશાંત કોણ કરે છે? તમે disturb કોના કારણે થાવ છો?

તમને disturb કરે છે તમારી નજીકના, તમારી સાથે અને તમારી આસપાસ રહેવાવાળા. તમને disturb કરે છે તમારા સંબંધો. તમે અશાંત થાવ છો તમારા સંબંધોને સાચવવાના કારણે.

તમે જેટલા કોઈની નજીક જશો એટલા તમે ધર્મના અનુભવથી દૂર થતા જશો.

તમારી lifeમાં તમે જેટલી વ્યક્તિઓથી close હશો એટલો તમને ધર્મમાં loss થશે. જેટલા તમારી નજીક વ્યક્તિઓ વધારે એટલા તમારા રાગ-દ્વેષ અને વિકલ્પો વધારે, એટલી મનની અશાંતિ વધારે. અને જ્યાં અશાંતિ હોય ત્યાં ધર્મનો અનુભવ ન હોય.

તો શું કરવું જોઈએ?

જેટલા તમે સંબંધોથી દૂર રહેશો એટલી તમે ધર્મની અનુભૂતિ કરી શકશો. જેમને તમે તમારી આસપાસના માનો છો, નજીકના સંબંધીઓ માનો છો, તેમનાથી ધીરે–ધીરે દૂર થતા જશો તો તમારી અંદર એક અલગ પ્રકારની શાંતિનો અનુભવ થવાની શરૂઆત થઈ જશે.

Lifeમાં સંબંધો વધારવા જોઈએ કે ઘટાડવા જોઈએ? તમારા mobileમાં contact list લાંબું થવું જોઈએ કે ઘટવું જોઈએ?

પણ થાય છે શું, જરાક કોઈ વ્યક્તિ પ્રેમથી બોલાવે, બે-ચાર મીઠી-મીઠી વાતો કરે, થોડું smile આપે એટલે તમને થાય કે તેને તમારા માટે કેટલી બધી લાગણી છે. એ લાગણીના કારણે તેની સાથે connection શરૂ થઈ જાય જે શરૂઆતમાં તો ખૂબ જ સારું અને મનગમતું લાગે, પણ પછી ધીમે-ધીમે ગણતરી શરૂ થાય, અપેક્ષાઓ શરૂ થાય અને એમાંથી રાગ-દ્વેષ અને વિકલ્પો શરૂ થઈ જાય.

જેવા રાગ-દ્વેષ શરૂ થાય એટલે relationsમાં reactions આવવાનાં શરૂ થઈ જાય.

શરૂઆતમાં લાગે કે આ વ્યક્તિ ભલી છે, આપણા કામની છે, આપણને ઉપયોગી છે, પણ જો એક અપેક્ષા પૂરી ન થઈ તો કામની વ્યક્તિ ક્ષણભરમાં નકામી થઈ જાય છે.

જેમને ખરેખર ધર્મને પામવો હોય, ધર્મનો અનુભવ કરવો હોય,

આત્મપ્રાપ્તિ કરવી હોય, આત્મગુણોની અનુભૂતિ કરવી હોય અને અમૂલ્ય તથા દુર્લભ એવા આ માનવભવને સાર્થક કરવો હોય તો શું કરવું જોઈએ?

પોતાના સંબંધો વધારવા જોઈએ કે સુધારવા જોઈએ?

સંબંધોને સુધારવાનો અને લાંબા સમય સુધી ટકાવી રાખવાનો ઉપાય શું છે?

એક વાત યાદ રાખવાની.

સંબંધો દૂધ જેવા હોય છે. દૂધ જ્યારે તાજું હોય ત્યારે એકદમ proper હોય. જેમ-જેમ સમય વીતે તેમ-તેમ એ બગડવા લાગે. દૂધને બગડવા ન દેવું હોય તો શું કરવું જોઈએ?

દૂધને બગડવા ન દેવું હોય તો એમાં દહીંના મેળવણનાં થોડાં ટીપાં નાખવાં જોઈએ, જેથી એ દૂધ દહીં બની જાય. દહીંને વલોવી એમાંથી માખણ કાઢવું જોઈએ. ઘી ક્યારેય બગડતું નથી અને લાંબા સમય સુધી સારું રહે છે.

દૂધ જેવા સંબંધોને લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે સૌપ્રથમ એમાં પ્રભુની સમજનાં થોડાં ટીપાં નાખવાં જોઈએ. પ્રભુની સમજણનું મેળવણ એ સંબંધોને સ્થિર કરશે.

સ્થિર થયેલા સંબંધોને જરૂર પડશે મંથનની. મંથન દ્વારા જે ખટાશ અને કડવાશરૂપી છાશ નીકળે એને કાઢી નાખવાની અને જે માખણ વધે એને સ્નેહની, પ્રેમની હૂંફ આપી તપાવવાનું એટલે પછી એ સંબંધ ઘી જેવા બની જશે અને લાંબા સમય સુધી ટકશે.

કેટલાક સંબંધો એવા હોય જે કર્મોના ઉદયના કારણે બંધાયેલા હોય અને એ સંબંધોને life time રાખવાના હોય. એવા સંબંધોને ઘી જેવા બનાવી દેવા જોઈએ. જે સંબંધમાં ખટાશ આવવાની શરૂઆત થઈ હોય એને

લાગણી અને હૂંફ દ્વારા મીઠા બનાવી લેવા જોઈએ.

માનો કે કોઈ સંબંધ એવા છે જે બગડી જવાની તૈયારીમાં છે તો એને તરત જ સુધારી લેવા. એ બગડતા સંબંધમાં લાગણીરૂપી લીંબુના રસનાં થોડાં ટીપાં નાખી દો અને પછી એમાં સ્નેહની ઘણીબધી sugar નાખી દો. સંબંધ પેંડા જેવા મીઠા-મધુરા બની જશે.

પણ યાદ રાખો, સંબંધો વધે તો સમસ્યાઓ વધે.

સંબંધો બગડે તો સંઘર્ષ વધે.

સમસ્યા અને સંઘર્ષ વધે એટલે અશાંતિ અને અકળામણ વધે. અશાંતિ અને અકળામણ ધર્મનો અનુભવ થવા ન દે.

પ્રભુએ કહ્યું છે, ધર્મનો અનુભવ તેમને જ નથી, જેઓ સંબંધોને વધારવામાં અને સંબંધોને સાચવવામાં અટવાયેલા રહે છે.

ધર્મનો અનુભવ એટલા માટે નથી થતો, કેમ કે, જ્યાં વ્યક્તિ સંબંધભાવમાં હોય છે ત્યાં તે કર્મભાવમાં હોય છે. જેમ-જેમ સંબંધ ઘટે તેમ-તેમ કર્મો ઘટે. જેમ-જેમ કર્મો ઘટે તેમ-તેમ શાંતિ વધે. જેમ-જેમ શાંતિ વધે તેમ-તેમ ધર્મનો અનુભવ થાય.

પ્રભુએ કહ્યું છે,

હે બાળ! જો તારે ધર્મનો અનુભવ કરવો હોય તો,

તું સંબંધોથી મુક્ત થઈ જા. એ શ્રેષ્ઠ માર્ગ છે.

તું જરૂરિયાત વગરના સંબંધોને ઘટાડી દે.

જે સંબંધો કર્મોના ઉદય પ્રમાણે ટકાવવાના છે,

તે સંબંધોને ઘી જેવા બનાવી દે.

જે સંબંધો સાચવવા પડે એવા છે,

તે સંબંધોને પેંડા જેવા બનાવી દે.

શાંતિની પ્રાપ્તિ માટે આ જ માર્ગ છે.

શાંતિની પ્રાપ્તિ જ ધર્મનો અનુભવ કરાવશે.

ધર્મના અનુભવનું બીજું નામ છે, શાંતિ અને સમાધિ.

ધર્મ કરવા માટે ધર્મસ્થાનકમાં - ઉપાશ્રય, દેરાસર કે મંદિરમાં જવું જોઈએ એવું જરૂરી નથી. તમે જ્યાં રહો છો એ ઘર જ ધર્મસ્થાનક બની જવું જોઈએ.

ધર્મસ્થાનકમાં ધર્મ-આરાધના કરવા જવું એ શ્રેષ્ઠ છે, પણ ઘરને જ ધર્મસ્થાનક બનાવવું અતિશ્રેષ્ઠ છે, કેમ કે, ધર્મસ્થાનકમાં તમે કલાક, 2 કલાક કે 3 કલાક જાવ, 2-3 કલાક ધર્મ-આરાધના કરો, 2-3 કલાક શાંતિનો અનુભવ કરો, અર્થાત્ 2-3 કલાક ધર્મની અનુભૂતિ થાય, પણ જ્યાં તમે 24 કલાક રહો છો એ ઘર જ જો ધર્મસ્થાનક બની જાય તો...

તો 24 કલાકની ધર્મ-આરાધના, 24 કલાકની શાંતિ અને 24 કલાક ધર્મની અનુભૂતિ.

જ્યાં વધારે સમય રહેવાનું છે ત્યાં જો ધર્મ કરતાં આવડી જાય તો પળ-પળ ધર્મનો અનુભવ થાય.

ઘર એક એવું સ્થાન છે જ્યાં સાથે રહેતી વ્યક્તિઓ સાથે સૌથી વધારે communications થાય છે. એ communicationsમાં ક્યાંક ને ક્યાંક કોઈ correctionની વાત આવી જતી હોય છે. એ સમયે જો સામેવાળી

વ્યક્તિમાં ego હોય તો complications શરૂ થઈ જાય છે, પણ એ જ ઘરમાં જો સંબંધોમાં પ્રભુની સમજણ હોય તો... તો તે ઘર, ઘર ન હોય પણ ધર્મસ્થાનક હોય.

તે ઘરમાં દરેકની દરેક વાતનો સ્વીકાર હોય. મોટા નાનાની વાતને સમજતા હોય અને નાના મોટાનો આદર કરતા હોય એટલે સમસ્યા કે સંઘર્ષને કોઈ સ્થાન ન હોય અને શાંતિ-સમાધિ પારાવાર હોય.

ધર્મનો અનુભવ કરવા પ્રભુ સાથેનું connection strong કરવું જોઈએ.પ્રભુ સાથેનું connection ત્યારે જ strong થાય જ્યારે પળ-પળ પ્રભુની સમજ હોય, 24 કલાક પ્રભુનો અહેસાસ હોય, 24 કલાક ધર્મ થતો હોય અર્થાત્ દરેક પ્રવૃત્તિને સાધના બનાવતાં આવડતું હોય.

ઘર જો ધર્મસ્થાનક બની જાય તો સંબંધો અને સંબંધો આધારિત દરેક પ્રવૃત્તિ અને દરેક વ્યવહાર એક સાધના બની જાય છે. અન્યથા સમસ્યાનું સર્જન થાય છે.

Lifeમાં સૌથી વધારે સમય સંબંધોની પાછળ વીતે છે, માટે જો સંબંધો જ ધર્મમય થઈ જાય તો ધર્મના અનુભવની સાથે મળેલો આ માનવભવ પણ સાર્થક થઈ જાય.

જ્યારે તમે એ શાંતિ અને પ્રસન્નતાના ભાવમાં હો ત્યારે સમજવું કે તમે ધર્મનો અનુભવ કરી રહ્યા છો અને જ્યારે તમે ક્રોધમાં અને આવેશમાં હો ત્યારે સમજવું કે તમે અધર્મનો અનુભવ કરી રહ્યા છો.

તમે જ્યારે-જ્યારે disturb થાવ છો, અશાંત થાવ છો ત્યારે-ત્યારે તમારા આત્માના ગુણો પણ down થાય છે. અને, તમે જ્યારે ધર્મ-આરાધનામાં, સેવામાં, સત્કાર્યમાં જોડાવ છો, જ્યારે-જ્યારે શાંતિનો અનુભવ કરો છો ત્યારે-ત્યારે તમારા આત્મગુણો શ્રેષ્ઠ બની જાય છે.

તમે જેટલા કોઈની નજીક જશો એટલા તમે ધર્મના અનુભવથી દૂર થતા જશો.

ધર્મનો અનુભવ તેમને જ નથી, જેઓ સંબંધોને વધારવામાં અને સંબંધોને સાચવવામાં અટવાયેલા રહે છે.

ધર્મનો અનુભવ કરવા પ્રભુ સાથેનું connection strong કરવું જોઈએ. પ્રભુ સાથેનું connection ત્યારે જ strong થાય જ્યારે પળ-પળ પ્રભુની સમજ હોય, 24 કલાક પ્રભુનો અહેસાસ હોય, 24 કલાક ધર્મ થતો હોય અર્થાત્ દરેક પ્રવૃત્તિને સાધના બનાવતાં આવડતું હોય.

13

ધર્મયુદ્ધમાં શત્રુ–

આગ્રહ

એક શેઠે તેમના નોકરને સૂચના આપી હતી કે તારે દરરોજ સવારે છ વાગે એટલે gardenમાં જઈને બધાં ઝાડને પાણી નાખવાનું.

એક દિવસ શેઠ surprise checking કરવા માટે ગયા. છના સવા છ થયા, પણ નોકર gardenમાં ઝાડને પાણી પાવા ન આવ્યો. શેઠને ગુસ્સો આવ્યો અને જોરથી બૂમ મારી. નોકર આવ્યો એટલે પૂછ્યું, ઝાડને પાણી નાખવા કેમ નથી ગયો?

પણ શેઠ, બહાર વરસાદ આવે છે.

ભલે વરસાદ આવે, તું છત્રી લઈને પાણી નાખવા જા.

આને કહેવાય છે આગ્રહ, પકડ. ઘણીવાર ધર્મક્ષેત્રમાં આવનારા કેટલાક લોકોના મનમાં, વિચારોમાં કેટલીક માન્યતાઓ, કેટલાક સિદ્ધાંતો ક્યાંક ને ક્યાંક પકડ કરીને બેઠાં હોય છે. ધર્મક્ષેત્રમાં આવે તો ત્યાં પણ પોતાની પકડનો જ આગ્રહ રાખે.

જ્યાં પકડ છે, જ્યાં આગ્રહ છે ત્યાં અહમ્ હોય છે, ત્યાં problems વધારે હોય છે. જ્યાં સરળતા હોય છે ત્યાં દરેક problemનું solution સહજ હોય છે. પણ જે વ્યક્તિ સાચા અર્થમાં ધર્મને પામે છે, ધર્મનો અનુભવ કરે છે તેના આત્મામાં 'અજ્જવે' ગુણ પ્રગટ થાય છે. અજ્જવે એટલે સરળતા.

સરળતા એટલે પોતાની કોઈ પકડ નહીં, પોતાનો કોઈ આગ્રહ નહીં. બધું જ સ્વીકાર્ય.

એ જ ઘરમાં problems વધે છે, જેના ઘરમાં સરળતાનો અભાવ હોય છે.

ઘણા એવા લોકો હોય છે જેઓ રોજ ધર્મસ્થાનકમાં જતા હોય, ધર્મનું knowledge પણ હોય અને ધાર્મિક ક્રિયાઓ પણ કરતા હોય, પણ ઘરમાં

તેમનો વ્યવહાર અને વર્તન કંઈક અલગ જ હોય. તેમનો વ્યવહાર જોઈને આસપાસવાળા કહેતા હોય કે આના કરતાં તો અમે ધર્મક્ષેત્રમાં નથી જતા એ વધારે સારું છે.

પણ તમારો વ્યવહાર જોઈને બીજા કોઈને ધર્મક્ષેત્રમાં આવવાનું મન થાય તો તમારી ધાર્મિકતા સાચી કહેવાય. જેને સાચા અર્થમાં ધર્મ સમજાયો હોય તેનામાં સહજતાથી સરળતા પ્રગટ થાય. તેના ચહેરા પર એક અલૌકિક પ્રસન્નતા હોય.

જેના ચહેરા પર ધર્મની પ્રસન્નતા ન દેખાય તે ક્યારેય ધાર્મિક ન કહેવાય. જેને ધર્મની અનુભૂતિ હોય તેની અસર તેના અંગ-અંગમાં હોય. તેના અંગ-અંગમાં સરળતા પ્રસરતી હોય.

પણ મોટાભાગના લોકો ધર્મ પણ routine અને પરંપરાગત કરે છે, જેના કારણે ધર્મના આગ્રહો પણ આવતા જાય છે એટલે વ્યક્તિ confuse થઈ જાય છે કે ધર્મ કેવી રીતે કરવો? અને એમાં ને એમાં એનો અમૂલ્ય સમય વીતી જાય છે.

પણ સરળ વ્યક્તિના ચહેરા પર સંતોષ અને પ્રસન્નતા હોય. જે સરળ હોય એ વિચારતો હોય કે હું કેવો પરમ ભાગ્યશાળી છું કે મને ભગવાન મળ્યા, ભગવાનનો ધર્મ મળ્યો અને કેટલાંય પાપથી બચી રહ્યો છું. ભગવાનનો ઉપકાર છે મારા પર.

જે સરળ હોય તે જ પરમાત્મા સાથે બાળક બનીને વાત કરી શકે.

જ્યાં સુધી આગ્રહ અને પકડ હોય ત્યાં સુધી ક્ષમાપના પણ હોઠની હોય, heartની ન હોય.

જે વ્યક્તિ સરળ બને છે તે શુદ્ધ બને છે. નહીં તો અગિયાર લાખ સાઠ હજાર માસક્ષમણ કર્યા પછી પણ તીર્થંકર નથી બનાતું.

ભગવાન મહાવીર પણ કહે છે કે હું માસક્ષમણના કારણે તીર્થંકર નથી બન્યો, પણ આત્માને સરળ બનાવવાના કારણે તીર્થંકર બન્યો છું.

જેટલાં કર્મો ઉગ્ર તપસ્યા કરવાથી ન ખપે તેનાથી અનેકગણા સાચા હૃદયથી, સરળ અને નિખાલસ બનીને 'sorry' કહેવાથી ખપી જાય છે. જો સરળતા આવી ગઈ તો માસખમણ વિના પણ મોક્ષ થઈ શકે છે.

માનવીનું સૂત્ર છે, smart હોય તે successful હોય.

પણ પ્રભુ મહાવીરનું સૂત્ર છે, સરળ હોય તે જ successful થાય.

જે સરળ હોય તેની aura શુભ અને positive હોય. જે positive હોય તે દરેક ક્ષેત્રમાં સફળ થાય.

સરળ વ્યક્તિ વ્યવહારિક હોય. વ્યવહારિક વ્યક્તિ જ્યારે ધર્મક્ષેત્રમાં આવે ત્યારે પણ સફળ થાય અને ત્યાંથી આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ આત્મશુદ્ધિ દ્વારા આત્મસિદ્ધિ સુધી પહોંચી શકે છે.

સરળતા એ આત્માનો શ્રેષ્ઠ ગુણ છે.

જે વ્યક્તિ સરળ હોય છે તેના શબ્દો સહજ હોય છે અને તેનાં વચન સત્ય હોય છે.

સરળ થવા માટે વધારે કંઈ કરવાની જરૂર નથી.

ફક્ત પાંચ શબ્દોને જીવનમંત્ર બનાવવાના છે. એ પાંચ શબ્દો છે : જી, ok, ભલે, ઠીક છે અને sorry.

Ok શબ્દ ત્યારે જ બહાર આવશે જ્યારે ego zero થઈ ગયો હશે.

કોઈપણ પ્રશ્ન કે argument વિના 'ઠીક છે', 'ભલે' શબ્દો ક્યારે બહાર આવે?

જ્યારે અહમ્ શૂન્ય થઈ ગયો હોય અને હૃદય એકદમ સરળ બની ગયું હોય, સ્વીકારભાવવાળું બની ગયું હોય!

જે સરળ હોય છે તેનો તરત જ મોક્ષ થાય છે, જે સરળ નથી બનતા તે ભવભ્રમણ કરતા રહે છે.

સરળતાપૂર્વક આપવામાં આવતા જવાબમાં ઉચ્ચારેલો દરેક શબ્દ 'ધર્મશબ્દ' હોય છે.

સરળ વ્યક્તિનાં પુણ્ય ગજબનાં હોય, કેમ કે, તે વ્યક્તિ સમયે-સમયે પુણ્ય બાંધતી હોય.

સરળતા લાવવા શું કરવું જોઈએ?

ભગવાન કહે છે, આજ્ઞા આગ્રહને ઘટાડે છે અને સરળતાને વધારે છે. આજ્ઞા વિકલ્પને ઘટાડે છે અને સ્વીકારભાવને વધારે છે. માટે જ, સરળ બનવા ઇચ્છતી વ્યક્તિએ ગુરુ કે પરમાત્માની આજ્ઞામાં રહેવું જોઈએ.

સરળ વ્યક્તિ ક્યારેય arguments ન કરે. તે માત્ર રજૂઆત કરે, કેમ કે, argumentમાં પોતાની વાત સાચી બતાવવાની દલીલ હોય, જ્યારે સરળતામાં જે સાચું છે એ સ્વીકારવાની વાત હોય.

જેમ-જેમ વ્યક્તિ ધર્મનો અનુભવ કરે છે તેમ-તેમ સરળતાનો ગુણ તેનામાં વિકાસ પામે છે.

જે સરળ હોય તે સ્વસ્થ હોય અને તે નીરોગી રહે છે.

જેનામાં ક્રોધ, આક્રોશ, આવેગ, argument વગેરે હોય તેનો ગુસ્સો જો બહાર ન નીકળે તો અંદર ને અંદર ઘૂમરાયા કરે અને brain cellsને dead કરવા લાગે.

એટલે આરોગ્યની દૃષ્ટિએ પણ સરળ હોવું સારું છે.

સરળતા ત્યારે જ આવે છે જ્યારે આજ્ઞાનો સ્વીકાર થાય છે. સરળતા ત્યારે જ આવે છે જ્યારે મૃદુતા હોય છે. મૃદુતા એ આત્માનો એક ગુણ છે. મૃદુતા ત્યારે જ આવે જ્યારે નમ્રતા હોય, અંતરમાં નરમાશ હોય, હૃદયમાં કોમળતા હોય.

જે મૃદુ હોય તેની આંખમાં નમ્રતા હોય, તેના હોઠમાં નમ્રતા હોય, તેના વાણી, વ્યવહાર અને વર્તનમાં નમ્રતા હોય.

ભગવાન મહાવીરને દૂરથી જુએ અને ગૌતમનું અસ્તિત્વ ધીમે-ધીમે ઓગળવા લાગે. એક-એક પગલું નજીક આવે અને એનો અહમ્ ઓગળવા લાગે. ભગવાનના ચહેરા પર જે મૃદુતા હોય, સરળતા હોય અને એના કારણે તેમની આંખોમાંથી જે પ્રેમ અને વાત્સલ્ય નીતરતાં હોય એમાં ભીંજાઈને જ વ્યક્તિ ત્યાં ને ત્યાં સમર્પિત થઈ જાય.

જેવી તમારી પ્રકૃતિ હોય તેવી જ તમારી આકૃતિ હોય.

એટલે આકૃતિ જોઈને જ વ્યક્તિના સ્વભાવની ખબર પડી જાય.

મૃદુ વ્યક્તિ જ્યાં જાય ત્યાં સફળ જ થાય, કેમ કે, તેની વાણીમાં મૃદુતા અને મીઠાશ હોય. મૃદુતા સામેવાળી વ્યક્તિને પણ શાંત કરી દે છે.

મોટાભાગના લોકો ઉપાશ્રયમાં કે ધર્મસ્થાનકમાં ઉપદેશ સાંભળતા શીખ્યા છે, પણ ધર્મ-ઉપદેશને ઘરમાં લાવ્યા નથી, ઘરમાં ધર્મ કરતા શીખ્યા નથી.

ધર્મને માત્ર વર્તનમાં લાવ્યા છે, વૃત્તિમાં ધર્મને લાવ્યા નથી.

જો વૃત્તિમાં ધર્મ આવી જાય તો ઘર પણ ઉપાશ્રય બની જાય, ધર્મસ્થાનક બની જાય.

જે મૃદુ હોય તેની દરેક વૃત્તિ અને પ્રવૃત્તિ એવી હોય જેના કારણે તે વ્યક્તિ કોઈને નડે નહીં અને એના કારણે કોઈને ન દુઃખ થાય, ન કોઈ તકલીફ થાય.

મૃદુતા હોય ત્યાં વિનય હોય અને જ્યાં વિનય હોય ત્યાં સફળતા હોય. સંસારના ક્ષેત્રમાં જે સફળ હોય તે ધર્મના ક્ષેત્રમાં પણ સફળ થાય.

જે સંસારમાં નિષ્ફળ થાય તે ધર્મક્ષેત્રમાં ભાગ્યે જ સફળ થાય.

જેમને ઘરને ઉપાશ્રય બનાવતાં આવડે તે જ ઉપાશ્રયમાં શાંત-પ્રશાંત અને નિર્વિકલ્પ રહી શકે.

મૃદુતા, કોમળતા, નમ્રતા હોય તો બીજું બધું આવી જાય છે. જો આ ત્રણ ગુણો ન આવે તો બાકીનું ગમે તેટલું આવે તે ક્યારેય સાર્થક ન થાય.

એક સમયે ગૌતમ સ્વામી, અગ્નિભૂતિ આદિ ગણધરો વચ્ચે ચર્ચા ચાલતી હતી. કોઈ કહે એકેન્દ્રિયમાં આમ હોય તો કોઈ કહે આમ હોય, કોઈ કહે પંચેન્દ્રિયની આ વિશેષતા હોય તો કોઈ કહે ના, આ હોય.

ચર્ચાના અંતે ગૌતમ સ્વામી, ભગવાન મહાવીર પાસે આવે છે અને બે હાથ જોડીને ઊભા રહે છે. ત્યાં જ ભગવાન મહાવીર કહે છે, ગણધર અગ્નિભૂતિ સાચા છે, તમારે તેમની ક્ષમા માગવી જોઈએ. ગૌતમ સ્વામી - ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય અને પ્રથમ ગણધર, પ્રખર જ્ઞાની પંડિત, પાંચસો શિષ્યોના ગુરુ છતાં તેમનાથી નાના શિષ્ય પાસે જાય છે અને કહે છે, 'તમે સાચા છો.'

'તમે સાચા છો અને મારી ભૂલ હતી, મને ક્ષમા આપો' આવા શબ્દો મુખમાંથી ત્યારે જ નીકળે જ્યારે અંતરમાં અત્યંત મૃદુતા હોય અને અહમ્ જરા પણ ન હોય.

માટે જ કહ્યું છે કે **સાધના, આરાધના અને ધર્મધ્યાન જરૂરી છે, પણ એ બધાથી વિશેષ જરૂરી છે આત્મગુણોની રક્ષા અને સુરક્ષા.**

અને એના માટે જ ભગવાને કહ્યું છે કે સરળતા મોક્ષનો easy way છે.

ધર્મયુદ્ધમાં સરળતાનું શસ્ત્ર તમને સિદ્ધિ સુધી પહોંચાડે છે.

એ જ ઘરમાં problems વધે છે, જેના ઘરમાં સરળતાનો અભાવ હોય છે.

જેના ચહેરા પર ધર્મની પ્રસન્નતા ન દેખાય તે ક્યારેય ધાર્મિક ન કહેવાય. જેને ધર્મની અનુભૂતિ હોય તેની અસર એના અંગ-અંગમાં હોય, એના અંગ-અંગમાં સરળતા પ્રસરતી હોય.

માનવીનું સૂત્ર છે, smart હોય તે successful હોય. પણ પ્રભુ મહાવીરનું સૂત્ર છે, સરળ હોય તે જ successful થાય.

સરળ થવા માટે વધારે કંઈ કરવાની જરૂર નથી. ફક્ત પાંચ શબ્દોને જીવનમંત્ર બનાવવાના છે. એ પાંચ શબ્દો છે : જી, ok, ભલે, ઠીક છે અને Sorry.

ભગવાન કહે છે, આજ્ઞા આગ્રહને ઘટાડે છે અને સરળતાને વધારે છે. આજ્ઞા વિકલ્પને ઘટાડે છે અને સ્વીકારભાવને વધારે છે. માટે જ સરળ બનવા ઇચ્છતી વ્યક્તિએ ગુરુ કે પરમાત્માની આજ્ઞામાં રહેવું જોઈએ.





ધર્મયુદ્ધનો વિજયઘોષ

14

ધર્મયુદ્ધનો વિજયઘોષ

ધર્મ જ્યારે હિંસા પર વિજય મેળવે !

જ્યારે એક આત્મા ધર્મ કરવા માટે પ્રયત્ન અને પુરુષાર્થને વધારે છે ત્યારે તેના પુરુષાર્થમાં શું હોવું જોઈએ? ગુણોની વૃદ્ધિ હોવી જોઈએ કે અવગુણોની શુદ્ધિ?

ભગવાને કહ્યું છે, **ગુણવૃદ્ધિનો ઉપાય અવગુણોની શુદ્ધિ કરાવે છે અને અવગુણોની શુદ્ધિનો ઉપાય ગુણોની વૃદ્ધિ કરાવે છે.** બંને એકબીજાના સાપેક્ષ છે.

ગુણોની વૃદ્ધિ થાય એટલે automatic અવગુણોની શુદ્ધિ થઈ જાય અને અવગુણોની શુદ્ધિ થાય એટલે automatic ગુણોની વૃદ્ધિ થવા લાગે. અને એના માટે ગુણો અને અવગુણોને બન્નેને જાણવા અને ઓળખવા જરૂરી છે.

ધર્મ-આરાધનાની સાર્થકતા અહિંસા ગુણના પ્રાગટ્યથી થાય છે.

ધર્મનું ફળ જો તમને અહિંસાના ગુણની ભેટ આપે તો જ એ ધર્મ સાર્થક કહેવાય.

અનાદિકાળના આ સંસાર પરિભ્રમણનું કોઈ મૂળભૂત કારણ હોય તો એ હિંસા છે. દરેક પાપ, દરેક દોષ અને દરેક અવગુણનું મૂળ હિંસા છે. માટે જ, જેમણે હિંસાથી નિવૃત્તિ મેળવી લીધી તેણે સંસારથી નિવૃત્તિ મેળવી લીધી, કેમ કે, હિંસા એ સંસારનું કારણ છે અને અહિંસા મુક્તિનું કારણ છે.

અહિંસાના ભાવ ક્યારે પ્રગટે?

જ્યારે **मित्तिमे सव्वभूएसु** નો ભાવાર્થ સમજાય ત્યારે અહિંસાના ભાવ પ્રગટ થાય.

દરેક જીવ મારા જીવ સમાન છે, જેવો મારો આત્મા છે એવો એમનો આત્મા છે, જેમ મને સુખ-દુઃખનો અનુભવ થાય છે એમ દરેક જીવને સુખ-

દુ:ખનો અનુભવ થાય છે. જો હું એમને સુખ આપીશ તો મને સુખ મળશે અને જો હું એમને દુ:ખ આપીશ તો મને દુ:ખ મળશે. આ કર્મનો સનાતન નિયમ છે.

હવે વિચારો, જ્યારે તમે સ્નાન કરવા જાઓ છો ત્યારે શું તમને વિચાર આવે છે કે હું આ પાણીના અસંખ્ય જીવોને મારા સુખ માટે થઈને દુ:ખ આપું છું, વેદના આપું છું, એમની હિંસા કરું છું, પાપ કરું છું. જો આવો અહિંસાભાવ પ્રગટ થાય તો સ્નાન જેવું પાપનું કાર્ય કરતાં-કરતાં ભાવથી તમે ધર્મ કરી શકો છો.

પાપના ડરની સાથે જો પ્રેમ અને કરુણા આવે તો જ અહિંસા સાર્થક થાય.

આપણા મનમાં પાપ માટે ડર હોવો જોઈએ અને હૃદયમાં જીવમાત્ર પ્રત્યે પ્રેમ અને કરુણાના ભાવ હોવા જોઈએ, ત્યારે જ જીવનની ક્ષણ-ક્ષણમાં ધર્મ કરી શકાય.

જે જેને પ્રેમ કરતા હોય છે તે તેને ક્યારેય દુ:ખી નથી કરતા. જો તમે સૃષ્ટિના જીવમાત્રને પ્રેમ કરતા હો તો તમે ક્યારેય એને દુ:ખ થાય, વેદના થાય કે એની હિંસા થાય એવી પ્રવૃત્તિ ન કરી શકો. તમારી દરેક પ્રવૃત્તિમાં અહિંસાની આરાધના હોય.

તમે જ્યારે ચાલો છો, ત્યારે તમે હિંસા પણ કરી શકો છો અને અહિંસાથી પણ ચાલી શકો છો.

મોટાભાગે તમે ચાલતા હો ત્યારે જો કોઈ તમારી સાથે હોય તો તેની સાથે વાતો કરતા હો અથવા mobileમાં વાત કરતા હો અથવા આજુબાજુની દુકાનો અને showroomને જોતા હો અને પગ નીચે કેટલાંય જીવ-જંતુ અને કીડી-મકોડા કચડાઈ જતાં હોય.

ભગવાન હંમેશાં જતનાપૂર્વક અને યુગપથ જોઈને ચાલતા હોય. યુગપથ એટલે સાડા ત્રણ હાથ નીચે જોઈને ચાલવું. તમારી જેટલી height છે એટલા distance સુધી નીચે જમીન પર નજર રાખીને ચાલવું. માનો કે એટલી જગ્યામાં તમારાં 4-5 steps થાય છે એટલે પાંચમા step પર કદાચ કોઈ કીડી કે મકોડો દેખાય તો તમે પહેલાં જ સાવધાન થઈ જાવ ને ત્યાં પહોંચીને એને સુરક્ષિત સ્થાન પર મૂકીને આગળ વધી શકો.

ક્યારેય વિચાર્યું છે કે ચાલવા જેવી સામાન્ય ક્રિયા કરતાં પણ તમે ધર્મ કરી શકો છો.

આજથી સંકલ્પ કરો કે હું પણ મારા ભગવાનની copy કરીશ, મારા ભગવાનની જેમ યુગપથ જોઈને જ ચાલીશ. હું મારા પગ પર control રાખીને જતનાપૂર્વક ચાલીશ, મારા ભગવાન જેમ ચાલે છે એમ ચાલીશ.

આ એક નાનકડા સંકલ્પથી કેટલા લાભ થશે?

ભગવાનની copy કરવાના ભાવ થાય એટલે ભગવાન માટે પ્રેમ થઈ ગયો, ભગવાનની જેમ ચાલશો એટલે જીવો માટે પણ પ્રેમ થઈ ગયો, કોઈ જીવ મરી ન જાય એવી સાવધાની આવી ગઈ અને અહિંસાની આરાધના થઈ ગઈ.

જેના દિલમાં અહિંસા હોય તેના દિલમાં અરિહંત બિરાજતા હોય.

જેના દિલમાં અહિંસા ન હોય તેના દિલમાં ક્યારેય અરિહંત ન પધારે તેના દિલમાં ક્યારેય ધર્મની પ્રતિષ્ઠા ન થાય.

બહેનો દાળ-શાકનો વઘાર કરતી વખતે તેમાં રાઈ નાખતાં હોય ત્યારે શું ક્યારેય વિચાર કરતાં હોય છે કે આજે હું આટલા જીવોને તળી રહી છું, એમને કેટલી વેદના થતી હશે? મારા જીભના સ્વાદ માટે હું કેટલા જીવોની હિંસા કરી રહી છું? બની શકે છે કે ક્યારેક મારે પણ આવી રીતે ગરમ

તેલમાં તળાવું પડે.

આજથી સંકલ્પ કરો કે,

કદાચ રાઈના સ્વાદ વિના ન ચાલે તો જેટલી વાપરો છો એના કરતાં અડધી વાપરશો. જેથી તમે અડધા જીવોને શાતા અને અભયદાન આપી શકશો.

જેટલી અન્ય જીવોને શાતા પમાડશો એટલી શાતા મળશે.

જેટલી અશાતા પમાડશો એટલી અશાતા મળશે.

જેના હૃદયમાં અહિંસાની ભાવના હોય એ પળ-પળ સાવધાન હોય અને સાવધાની જ ધર્મનું મૂળ છે.

અહિંસાની આરાધના એટલા માટે કરવાની જેથી મનમાં સતત પાપનો પસ્તાવો રહે. પાપનો પસ્તાવો હિંસાની માત્રાને ઘટાડે છે. તમારી અહિંસાની ભાવનાથી કેટલાય જીવોની જતના થઈ શકે છે, કેટલાય જીવો મૃત્યુથી બચી શકે છે.

જ્યાં અહિંસાનો અંશ છે, ત્યાં મોક્ષનો વંશ છે.

આત્મયાત્રામાં આગળ વધવા તમારી સંસારની દરેક પ્રવૃત્તિ સાથે ધર્મને જોડી દો. દરેક પળનો સદુપયોગ કરીને આત્માની શુદ્ધિનો પુરુષાર્થ કરો.

સંસારની દરેક પ્રવૃત્તિને સાધના બનાવી દો.

તમે જ્યારે સ્નાન કરવા જાઓ ત્યારે પ્રથમ એક વિચાર કરો કે હું આત્મસ્વરૂપ છું, આત્મયાત્રાનો યાત્રી છું, સંસારમાં છું એટલે સંસારનાં કર્તવ્યોમાં જોડાવું પડે છે. દેહનાં સ્નાન તો અનંતા ભવોમાં અનંતી વાર કર્યાં છે અને આજે ફરી એકવાર કરી રહ્યો છું, ત્યારે હે પ્રભુ! આ દેહના અનંતવાર થતા સ્નાન સાથે આત્માના સ્નાન માટે મંત્રોચ્ચાર પણ કરું છું.

મોટાભાગે લોકો સ્નાન કરતી વખતે કોઈ ગીત ગણગણતા કરતા હોય અથવા સંસારના વિચારો કરતા હોય.

મંત્રસ્નાન કરવાથી શું થાય?

એક તરફ દેહસ્નાન અને એક તરફ મંત્રસ્નાન કરવાથી દેહસ્નાનમાં તમારી આસક્તિ ઘટી જશે. એને કારણે તમને નિકાચિતને બદલે નિદ્ધત કર્મ બંધાશે, જેનો તમે નાનકડી સાધના દ્વારા પણ ક્ષય કરી શકશો. થઈ ગયોને સ્નાન કરતાં-કરતાં પણ ધર્મ.

સંસારમાં છો, રસોઈ બનાવવી પડે છે. રસોઈ બનાવવા શાકભાજી સુધારવાં પડે છે. શાકભાજી સુધારતી વખતે એવા ભાવ કરો કે,

હે પ્રભુ! વનસ્પતિકાયના આ જીવો તો એમનાં કર્મોનાં ફળ ભોગવે છે, પણ હું મારાં નવાં કર્મોનો બંધ કરું છું, આ શાકભાજીને cut કરીને હું મારા આત્માના અહિંસા ગુણની કતલ કરું છું.

હે પ્રભુ! એવો અવસર ક્યારે આવશે જ્યારે મારે આ શાકભાજી સુધારવાં ન પડે અને મારા આત્મગુણની કતલ કરવી ન પડે.

જો અંતરમાં આ ભાવ આવી જાય તો આત્માની શુદ્ધિ થઈ જાયને.

જ્યારે તમે એક, બે કે પાંચ સામાયિક કરો છો ત્યારે તમે શું કહો છો? આજે મેં પાંચ સામાયિક કરી, આ છે કર્તૃત્વભાવ.

તમારા ભાવ એવા હોવા જોઈએ કે અત્યારે હું પૂર્ણપણે સંસારનો ત્યાગ કરવા અસમર્થ છું, પણ સામાયિક દ્વારા હું એક કલાક સંસારનો ત્યાગ કરીને સાધુત્વનો અહેસાસ કરવાનો પ્રયત્ન કરું છું. એક કલાક માટે મારી અંદરમાં સાધુત્વને પ્રગટ કરી સમતાભાવની, જીવોને અભયદાન આપવાની સાધના કરું છું.

જેમ-જેમ આવા ભાવોની વૃદ્ધિ થશે તેમ-તેમ તમારામાં સંયમના સંસ્કાર જાગ્રત થવા લાગશે.

જ્યારે સામાયિક ગ્રહણ કરતી વખતે સામાયિકના પાઠ બોલો ત્યારે ભાવ પ્રગટ થવા જોઈએ, પ્રભુ પ્રત્યે પ્રેમ પ્રગટ થવો જોઈએ.

ભાવશુદ્ધિ થશે તો જ આત્માનુભૂતિ થશે.

જેવી આત્માનુભૂતિ હશે એવી આત્માની વિશુદ્ધિ થશે.

ધર્મ-આરાધનારૂપ નમસ્કાર મંત્ર તો તમે ઘણીવાર બોલતા હશો, પણ નમો અરિહંતાણં બોલતી વખતે જો અંદરથી ભાવ થયા કે મારે માત્ર અરિહંત પરમાત્માને નમસ્કાર નથી કરવા, નમસ્કાર કરીને મારે પણ તેમની જેમ મારા આત્માના અરિ એટલે કે અવગુણોરૂપી દુશ્મનો સાથે યુદ્ધ કરી આત્મવિજયી બનવું છે.

શું તમારા ભાવ માત્ર એટલા જ હોવા જોઈએ કે જ્યાં સુધી હું સવારે પાંચ વખત નમસ્કાર મહામંત્ર ન બોલું ત્યાં સુધી પથારીમાંથી ન ઊઠું.

ના, તમારા ભાવ હોવા જોઈએ કે દરરોજ સવારે નમસ્કાર મહામંત્રના સ્મરણ સાથે હું ગુણવૃદ્ધિની પ્રતિજ્ઞા લઉં છું. સંકલ્પ કરું છું કે જેવા મારા પ્રભુ છે એવા મારે બનવું છે.

નમસ્કાર મંત્રનું સ્મરણ પ્રતિજ્ઞા ક્યારે બને?

જ્યારે એ પ્રયોગ બને અને એ દિશામાં પુરુષાર્થ થાય.

દિવસ દરમ્યાન કોઈ તમારા પર ગુસ્સો કરશે ત્યારે તમે તરત જ alert થઈ જશો કે મારે સામે ગુસ્સો નથી કરવાનો, કેમ કે, મેં સવારે નમસ્કાર મંત્રના પાઠનું સ્મરણ કરતી વખતે પ્રતિજ્ઞા કરી હતી કે મારે મારા પ્રભુ અરિહંત જેવા બનવું છે.

ધર્મ જ્યારે સ્મરણમાં આવે ત્યારે એ તમારા કુસંસ્કારોને વિસ્મૃત કરાવી શકે.

નમો સિદ્ધાણં પદનું સ્મરણ કરતી વખતે ભાવ હોવા જોઈએ કે હું શુદ્ધ થઈ રહ્યો છું, કેમ કે, મારે મારા પ્રભુ જેવું સિદ્ધ બનવું છે.

હે પ્રભુ! આપના સિદ્ધત્વ પ્રત્યે અત્યંત અહોભાવ પ્રગટ થાય છે. આપ સર્વજ્ઞ છો, સર્વશ્રેષ્ઠ છો... આ થઈ ગયો પ્રેમ.

હે પ્રભુ! આપ જેવું સિદ્ધત્વપદ હું પણ પ્રાપ્ત કરી શકું એવી મારા પર કૃપા કરો, કૃપા કરો. આ થઈ ગઈ પ્રાર્થના.

હે પ્રભુ! આજ નહીં તો કાલ... એક દિવસ મારે આપના જેવા બનવું જ છે. આ થઈ ગઈ પ્રતિજ્ઞા.

હે પ્રભુ! આપના જેવા બનવા માટે હું ક્ષણે-ક્ષણે જાગ્રત રહીશ, સાવધાન રહીશ અને મારાં મન, વચન અને કાયાને controlમાં રાખીશ. આ થયો પુરુષાર્થ.

નમસ્કાર મહામંત્રનું સ્મરણ તો અનેકવાર કરો છો, પણ નમસ્કાર મહામંત્ર પ્રેમ છે, પ્રયોગ છે, પ્રતિજ્ઞા છે અને પુરુષાર્થ છે એવા ભાવ સાથે ક્યારેય જોડાયા નથી એટલે એના ફળની પ્રાપ્તિ જણાતી નથી. એટલે ધર્મ-આરાધનાનું ફળ અનુભવાતું નથી.

નમોત્થુણંની સ્તુતિ અનેકવાર બોલ્યા છો અને એમાં તિન્નાણં-તારયાણં પણ અનેકવાર બોલ્યા છો. મારા પ્રભુ તિન્નાણં-તારયાણં છે એવો અહોભાવ પણ પ્રગટ કરો છો, પણ ક્યારેય એવો ભાવ નથી કર્યો કે હું પણ મારા તીર્થંકર પરમાત્માનો અંશ છું, તેમનો વારસદાર છું તો હું પણ તિન્નાણં-તારયાણં બની શકું છું.

લોગસ્સના પાઠ દ્વારા કાઉસગ્ગ કરો છો ત્યારે ગણતરી ન કરો કે

4 લોગસ્સ કે 20 લોગસ્સનો કાઉસગ્ગ કર્યો, ત્યારે માત્ર પાઠ બોલવા પ્રત્યે સાવધાન રહી દેહ અને આત્મા અલગ છે, અલગ થઈ રહ્યા છે એ અનુભૂતિનો અહેસાસ કર્યો ક્યારેય?

સંસારની પ્રવૃત્તિઓ જ્યારે ધર્મમય બની જાય છે, ત્યારે આત્મયાત્રા પળ-પળ પ્રગતિ કરે છે અને ત્વરિત આત્મ મંજિલની નજીક આવી જાય છે, આત્મ મંજિલને પ્રાપ્ત કરવાનો આ શ્રેષ્ઠ પુરુષાર્થ છે.

જ્યારે તમે સ્નાન કરવા જાઓ છો ત્યારે શું તમને વિચાર આવે છે કે હું આ પાણીના અસંખ્ય જીવોને મારા સુખ માટે થઈને દુઃખ આપું છું, વેદના આપું છું, એમની હિંસા કરું છું, પાપ કરું છું. જો આવો અહિંસા ભાવ પ્રગટ થાય તો સ્નાન જેવું પાપનું કાર્ય કરતાં-કરતાં ભાવથી તમે ધર્મ કરી શકો છો.

આજથી સંકલ્પ કરો કે હું પણ મારા ભગવાનની copy કરીશ, મારા ભગવાનની જેમ યુગપથ જોઈને જ ચાલીશ. હું મારા પગ પર control રાખીને જતનાપૂર્વક ચાલીશ, મારા ભગવાન જેમ ચાલે છે એમ ચાલીશ.

ભગવાનની copy કરવાના ભાવ થાય એટલે ભગવાન માટે પ્રેમ થઈ ગયો, ભગવાનની જેમ ચાલશો એટલે જીવો માટે પણ પ્રેમ થઈ ગયો, કોઈ જીવ મરી ન જાય એવી સાવધાની આવી ગઈ અને અહિંસાની આરાધના થઈ ગઈ.

આજથી સંકલ્પ કરો કે કદાચ રાઈના સ્વાદ વિના ન ચાલે તો જેટલી વાપરો છો એના કરતાં અડધી વાપરશો. એનાથી અડધા જીવોને શાતા અને અભયદાન આપી શકશો.



15

ધર્મયુદ્ધનો વિજયઘોષ

ધર્મ જ્યારે અસાવધાની પર વિજય મેળવે !

સાધક ગુણોથી સર્જાય છે અને સંસારી અવગુણોથી સર્જાય છે.

પણ આ ગુણ અને અવગુણ હોય શું?

જે માત્ર તમારું જ નહીં, પણ તમારી આસપાસનું પણ હિત કરે, જે સર્વ હિતકારી હોય તેનું નામ ગુણ છે.

જે માત્ર તમારું જ નહીં, પણ તમારી આસપાસનું પણ અહિત કરે, જે સર્વ અહિતકારી હોય તેનું નામ અવગુણ છે.

જ્યાં ડગલે ને પગલે પાપ અને હિંસા થાય એવું હોય છે સંસારનું ક્ષેત્ર એટલે અવગુણનું ક્ષેત્ર અને જ્યાં ઓછામાં ઓછી હિંસા અને પાપકારી પ્રવૃત્તિ થાય એવું હોય છે સાધનાનું ક્ષેત્ર એટલે સદ્‌ગુણનું ક્ષેત્ર.

જેમ-જેમ વ્યક્તિમાં સદ્‌ગુણો આવતા જાય એટલે તે પોતાના હિત સાથે આસપાસવાળાનું પણ હિત કરવા લાગે.

પ્રભુએ ધર્મ-આરાધકની એક વિશેષતા, એક વિશેષ ગુણધર્મ બતાવ્યો છે જેનું નામ છે 'પાપભીરુતા'.

તમે કોઈના બંગલામાં પ્રવેશ કરો અને gate પર board જુઓ, 'Beware of Dog'. હવે અંદર જતી વખતે તમારું દરેક પગલું કેવું હોય? એમાં શું હોય?

ભય પણ હોય અને સાવધાની પણ હોય.

એ સમયે તમારી આંખ પણ જાગ્રત હોય અને તમારા કાન પણ સતેજ હોય અને તમારું મન સાવધાન હોય.

એક ધર્મ-આરાધક એ જ હોય જે જગતમાં પ્રત્યેક પગલે સાવધાની રાખીને ચાલતો હોય, કેમ કે, સાધકને પ્રત્યેક પગલે એક board વંચાતુ

હોય, 'BEWARE OF SIN'.

ધર્મ-આરાધકનાં મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓ હંમેશાં જતનામય હોવી જોઈએ. એટલે જ્યાં-જ્યાં અજતના થઈ શકે એમ હોય ત્યાં-ત્યાં તેની આંખો સામે board આવી જાય... "BEWARE OF SIN".

જ્યારે કોઈપણ વ્યક્તિ જાગ્રત કે સાવધાન ન હોય ત્યારે તેના દ્વારા પાપ થવાની શક્યતા વધારે હોય છે.

સંસારમાં રહેવાથી સૌથી વધારે પાપ શેનું થાય? સંસારમાં રહેવાથી સૌથી વધારે પાપ થાય છે હિંસાનું.

હિંસા એટલે શું?

'પોતાના સુખ માટે બીજાને દુઃખ આપવું એનું નામ હિંસા છે.'

દુઃખ એટલે માત્ર દુઃખી કરવું નહીં, પણ તેની સાથે-સાથે પીડા આપવી, વેદના આપવી, ત્રાસ આપવો, રડાવવું, હેરાન કરવું, મારવું કે મારી નાખવું એ બધા પણ હિંસાના જ પ્રકાર છે. માટે જ સંસારીનું પ્રત્યેક પગલું હિંસાથી સર્જાય છે.

ધર્મ, તે તમારામાં સાવધાની લાવી તમારા પાપ-પગલાને પુણ્ય-પગલા બનાવે છે.

એક વ્યક્તિ સવારના ઊઠશે અને ઊઠ્યા પછી washroomમાં જશે. વિચાર કરો... શું અસંખ્ય જીવોનાં મૃત્યુ વગર ક્યારેય washroomનો ઉપયોગ હોય ખરો? Washroom એટલે પાણીના સૌથી વધારે વપરાશનું સ્થાન અને પાણીનું દરેક ટીપું હિંસા કરાવે છે.

જેમ વનસ્પતિ સ્વયં જીવ છે એમ પાણી પણ સ્વયં જીવ છે. સોયની એક અણી પર કેટલું પાણી સમાય? એ micro ટીપા જેટલા પાણીમાં પણ કેટલા

બધા જીવો હોય છે જાણો છો? જો એ દરેક જીવને રાઈના દાણા જેવડા કરવામાં આવે તો આખું વિશ્વ ભરાઈ જાય, એનાથી પણ વધારે જીવો એટલા પાણીમાં હોય.

હવે કલ્પના કરો... જો સોયની અણી ઉપર એટલા જીવો હોય તો એક ટીપામાં કેટલા હોય? એક tumblerમાં કેટલા હોય? અને એક bucketમાં કેટલા હોય? અને તમારો આખા દિવસમાં પાણીનો વપરાશ કેટલો હોય?

રોજના આટલા બધા જીવો મૃત્યુ પામે છે, શા માટે? તમારા સુખ માટે જ ને? તમે fresh feel કરો, તમે સ્વચ્છ અને સુંદર દેખાવ, તમને ગરમીમાં શીતળતા મળે એ માટે જ ને? અને જ્યારે તમે એ જીવોને મૃત્યુ આપતા હો ત્યારે ક્યારેય વિચાર આવ્યો છે કે હું અસંખ્ય જીવોની હત્યા કરી રહ્યો છું? જેમ કોઈ બકરી કાપે એમ હું પાણીના જીવોને કાપી રહ્યો છું, એમને મારી રહ્યો છું? જે તમને આવું વિચારવા માટે સાવધાન કરે એને કહેવાય ધર્મ.

જૈન ધર્મના ઉપદેશ ગ્રંથ 'શ્રી આચારાંગ સૂત્ર' અને 'શ્રી ભગવતી સૂત્ર'માં ત્રિકાળજ્ઞાની ભગવાને હજી એક વાત કરી છે,

તમારા હાથમાં કોઈ મરચું મૂકે તો તીખું લાગે? ન લાગે. મોઢામાં મૂકે તો? તો તીખું લાગે, કેમ કે, હાથ કરતાં જીભ વધારે sensitive છે અને એ જ મરચું આંખમાં નાખે તો? તો-તો રહી જ ન શકાય. બળતરાની અસહ્ય વેદના થાય, કેમ કે, જીભ કરતાં પણ આંખ વધારે sensitive છે. પાણીના જીવો પણ આટલા વધારે sensitive હોય. માટે તેમને સ્પર્શ માત્રથી અત્યંત વેદના થાય.

માનો કે કોઈ નાનકડી ત્રણ જ મહિનાની બાલિકા ગરમ પાણીના tubમાં પડી ગઈ અને આખા શરીરે દાઝી ગઈ. એને આખા શરીરે ફોલ્લા થઈ ગયા છે. હવે એના ઉપર એક માખી બેસે તો એ નાનકડી બાલિકાને કેવી વેદના થાય?

એવી જ વેદના પાણીના જીવોને આપણા સ્પર્શથી થતી હોય છે. એ જ દાઝી ગયેલી બાલિકાની skin કેટલી બધી sensitive થઈ ગઈ હોય? એના પર કોઈ acid નાખે તો તેને કેટલી વેદના થાય? એ બળતરા અને વેદનાની તો કલ્પના જ ન કરી શકાય. એના કરતાં પણ અત્યંત વધારે વેદના પાણીના જીવોને થાય જ્યારે તમે સાબુ કે shampooનો ઉપયોગ કરો.

તમારા જીવન માટે... તમારા સુખ માટે તમે રોજનું કેટલું પાણી વાપરતા હશો અને રોજના કેટલા જીવોની હિંસા કરતા હશો? કેટલા જીવોને દુઃખ, દર્દ અને વેદના આપતા હશો?

પાણીનું દરેક ટીપું વાપરતાં જે તમને સાવધાન કરી 'BEWARE OF SIN'નું signboard દેખાડે એને કહેવાય ધર્મ.

એવી જ રીતે સંસારમાં રસોઈ બનાવતી વખતે રોજના વનસ્પતિકાયના જીવો, અગ્નિના જીવો, પાણીના જીવોની કેટલી હિંસા થાય છે?

સાધક એ જ હોય જેને ન દેખાતા જીવોની કતલ કરતી વખતે પણ કંપારી છૂટતી હોય.

ધર્મ-આરાધકથી પાપ થતાં હોય એ સમયે પણ તેમના મનમાં એક ખેદ હોય, વેદના હોય, પીડા હોય, સમજ હોય કે અમારે અમારી સાધનામાં ઉપયોગી એવા આ શરીરને ટકાવવા માટે બીજા જીવોને વેદના આપવી પડે છે, એમની હિંસા કરવી પડે છે. એ ખેદની સાથે એમનું લક્ષ્ય પણ નિષ્પાપતા તરફ જવાનું હોય છે.

સ્નાન કરવું પડે છે, પણ shower ચાલુ રાખવાની કે tub ભરવાની જરૂર કેટલી?

ધર્મ-આરાધક તે જ હોય જેનામાં શોખનો અંશ ન હોય. એ માત્ર જરૂર પૂરતું વાપરતો હોય અને ફરજ નિભાવતો હોય.

યાદ કરો, તમને પાણી ઢોળતી વખતે ક્યારેય હાયકારો થયો છે? શાક સુધારતી વખતે કે gas ચાલુ કરતી વખતે ક્યારેય હાયકારો થયો છે? કદાચ ક્યારેય નહીં, કેમ કે, એ routine થઈ ગયું છે.

તમે પોતે જ વિચાર કરો, પાપમાં તમે નિર્દય અને નિષ્ઠુર થઈ ગયા છો કે પાપભીરુ છો? તમે શું કરો છો એના કરતાં પણ તમારી feeings શું છે એનું મહત્વ વધારે હોય છે. પાપ કરતાં તમારી આંખમાં આંસુ આવે ત્યારે માનજો કે તમારો ધર્મ સાર્થક થયો.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ વિના થોડું જીવન ચાલવાનું છે? આ બધું તો કરવું જ પડે ને. આવા ભાવ સાથે તમે પાપ માટે આશ્વાસનમાં આવી ગયા છો કે પાપ કર્યાનો આઘાત લાગે છે?

જો પાપ થઈ રહ્યું છે, મારે પાપ કરવું પડે છે એવી feelings થતી હોય, પાપ માટેનો આઘાત લાગતો હોય તો નક્કી પાપનું પ્રમાણ ઘટી જાય, પાણી વાપરવામાં મર્યાદા આવી જાય.

શાક સુધારતી વખતે આંખમાં આંસુ આવી જાય અને ખુલ્લા મોઢે બોલવાનું મન જ ન થાય, કેમ કે, એક વખત ખુલ્લા મુખે બોલ્યા એટલે અસંખ્ય વાયુકાયના જીવોની કતલ થઈ ગઈ.

એટલે જ તમારી અંદરમાં શું હોવું જોઈએ?

પાપભીરુતા.

અને આંખોની સામે શું હોવું જોઈએ?

'BEWARE OF SIN'નું board.

ભગવાને કહ્યું છે, આ જગતનો દરેક જીવ જીવવા ઇચ્છે છે. મૃત્યુ કોઈને પ્રિય નથી એટલે આપણી જીવનશૈલી એવી ન હોવી જોઈએ, જેના

કારણે બીજા જીવોની હિંસા થાય, બીજા જીવોને વેદના થાય.

ધર્મ તમને જગતના સર્વ જીવો સાથે મૈત્રી કરાવી, સર્વ જીવો પ્રત્યે પ્રેમ રખાવે છે.

જો તમને સર્વ જીવો પ્રત્યે પ્રેમ હોય તો તમે કોઈને પણ પીડા આપી શકો? ન આપી શકો.

એટલે જ ધર્મ-આરાધકના મનમાં એક ડંખ હોય, એક વેદના હોય કે મારે મારી સગવડ માટે કેટલાના શત્રુ બનવું પડે છે?

જેટલી સગવડ વધારે એટલી શત્રુતા વધારે.

કેમ કે, કોઈપણ સગવડ ક્યારેય બીજાને દુઃખ આપ્યા વિના કે બીજાની હિંસા કર્યા વિના મળે જ નહીં.

જીવનનિર્વાહ કરવો એ પરિસ્થિતિ છે અને શોખ અને સગવડ એ મનઃસ્થિતિ છે.

શરીરની પરિસ્થિતિ માટે જેટલાં પાપ કરવાં પડે એમાં નિદ્ધત કર્મ બંધાય, જે નાનકડી સાધનાથી પણ ક્ષય થઈ શકે છે, પણ શોખ અને સગવડ માટે જેટલાં પાપ કરીએ એમાં નિકાચિત કર્મો બંધાય જેને ભોગવવાં જ પડે.

આપણો આજનો શોખ એ આપણા આવતા ભવનો શોક બને છે.

આજની દરેક મજા બીજાના મોતમાંથી સર્જાયેલી છે કે નથી? એટલે જ ભગવાને કહ્યું છે કે બીજાને દુઃખ આપ્યા વગર ક્યારેય સુખ મળતું નથી અને એ સુખને મેળવનાર દુઃખ મેળવ્યા વગર રહેતો જ નથી.

હે પ્રભુ! મારા સુખ ખાતર તો મારું હૃદય ઘણીવાર ધબકે છે, પણ બીજાનું દુઃખ જોઈને મારું હૃદય ધબકી જાય એવું કરુણાથી ભરેલું હૃદય આપી દે, જેથી હું ભલે દુઃખી થાઉં, પણ બીજાને દુઃખી કરી જ ન શકું. મારા

જીવનની જરૂરિયાત સિવાય હું મારા શોખ કે સુખ માટે કોઈને મોતની સજા ન આપું, કોઈને વેદના ન આપું, કોઈને પીડા ન આપું. આવા હોય છે એક ધર્મ-આરાધકના ભાવો.

સંસારમાં રહેવાને કારણે દુઃખ આપવું જ પડે એવી પરિસ્થિતિ હોય તો હું બીજાને દુઃખ આપું છું એ વાતને સતત સ્મરણમાં રાખીને હું સ્વયંને 'BEWARE OF SIN'નું board દેખાડીશ.

ધર્મ-આરાધક પાપભીરુતાના ગુણના કારણે પાપ કરતાં ડરે, પાપ કરતાં રડે.

જે સર્વ દુઃખકર છે એનું નામ પાપ. સર્વને પીડા આપવી એનું નામ પાપ.

ધર્મ જ્યારે તમને અસાવધાની પર વિજયી બનાવે ત્યારે તે પાપભીરુતાનો ગુણ પ્રગટ કરાવે.

પોતાના સુખ માટે બીજાને દુઃખ આપવું એનું નામ હિંસા છે.

સાધક એ જ હોય જેને ન દેખાતા જીવોની કતલ કરતી વખતે પણ કંપારી છૂટતી હોય.

પાપ કરતાં તમારી આંખમાં આંસુ આવે ત્યારે માનજો કે તમારો ધર્મ સાર્થક થયો.

આ જગતનો દરેક જીવ જીવવા ઇચ્છે છે. મૃત્યુ કોઈને પ્રિય નથી એટલે આપણી જીવનશૈલી એવી ન હોવી જોઈએ, જેના કારણે બીજા જીવોની હિંસા થાય, બીજા જીવોને વેદના થાય.



16

ધર્મયુદ્ધનો વિજયઘોષ

ધર્મ જ્યારે દોષો પર વિજય મેળવે !

અનંતા જીવો જ્યારે ધર્મકથાની રુચિવાળા હોય ત્યારે એક જીવ આચરણની રુચિવાળો હોય.

ભગવાનનો ઉપદેશ ગ્રહણ કરવાની પણ અલગ-અલગ જીવોની અલગ-અલગ રુચિ હોય. જેમ તાવ આવે ત્યારે કોઈ સુદર્શનની ગોળી લે, તો કોઈ paracetamolની tablet લેવાનું પસંદ કરે. કોઈ કહે, હું આરામ કરીશ તો મારો તાવ ઊતરી જશે, એમ જ કોઈને પોતાની સાધનામાં શ્રદ્ધા હોય, એમ કોઈને કથા-વાર્તા ગમે તો કોઈને કાવ્ય-છંદરૂપે ઉપદેશ ગમે.

આત્મશુદ્ધિ કરવાના ત્રણ ઉપાય છે :

આલોચના એટલે કે પોતાના દોષનું અવલોકન કરવું.

નિંદા એટલે કે સ્વના દોષ તરફ દૃષ્ટિ કરવી.

ગર્હા એટલે કે એ દોષ પ્રત્યે ઘૃણા થવી.

ગુસ્સો કરવો ખરાબ છે એ જાણવું અને માનવું અલગ છે અને હું ગુસ્સો કરું છું એ મારા માટે બહુ ખરાબ છે, મારે ગુસ્સો કરવો જ ન જોઈએ એ છે અવલોકન.

મને ગુસ્સો કેમ આવે છે? એનું કારણ શું છે? આ છે પોતાના દોષ તરફ દૃષ્ટિ. જ્યારે પોતાનો દોષ... દોષ લાગે છે ત્યારે જ તેને બહાર કાઢવાનો પુરુષાર્થ થઈ શકે છે.

ગુસ્સા પ્રત્યે અંદરથી એક પ્રકારની નફરત થવી, ઘૃણા થવી, તિરસ્કાર થવો એ છે ગર્હા. જેના પ્રત્યે ઘૃણા થાય એ પછી ક્યારેય તમારાથી થઈ જ ન શકે.

આલોચના પછી આવે નિંદા. નિંદા એટલે 'સ્વદોષદર્શન'. પોતાના દોષો, પોતાના અવગુણો અને પોતાની ભૂલોનું દર્શન.

પણ થાય છે શું?

વ્યક્તિને સ્વના ગુણો દેખાય અને પરના દોષો, પોતાની ભૂલ એને ક્યારેય ભૂલ ન લાગે અને બીજાની નાનકડી ભૂલ પણ બહુ મોટી લાગે.

માનવમનની માનસિકતા હોય છે કે પોતાની ભૂલોને, પોતાના અવગુણોને છુપાવશે અને બીજાની જરાક ભૂલને પણ વગાડી-વગાડીને જગતને બતાવશે.

જેને વારંવાર પોતાની ભૂલનું ભાન થાય છે તે 'ધાર્મિક' કહેવાય છે.

જેને ભૂલનું ભાન થાય છે તે ભૂલની ક્ષમા માગીને હળવા થઈ જાય છે, સુખી થઈ જાય છે.

અને આ જ સાચો ધર્મ છે 'સ્વદોષદર્શન'.

માત્ર માળા, જાપ, ઉપવાસ, આયંબિલ કરવા તે પ્રવૃત્તિનો ધર્મ છે અને વારંવાર તે દરેક પ્રવૃત્તિમાં મન, વચન અને કાયાના સમ્યકરૂપે પરિણમન કરવાં તે એક સાધકનો પુરુષાર્થ હોવો જોઈએ.

પળેપળનું યુદ્ધ

01. પ્રવૃત્તિ માળાની :

તમે જ્યારે 'માળા' કરો છો ત્યારે વિચારો છો અથવા કોઈ પૂછે તો કહો છો, મેં આજે 27 માળા કરી.

'મેં માળા કરી.'

આ ભાવ કરીને તમે કર્તૃત્વભાવ કર્યો એટલે ક્રિયા થઈ, પણ કર્મોની નિર્જરા ન થઈ.

માળાની પ્રવૃત્તિને ધર્મસાધના બનાવવા,

તમે જ્યારે માળા કરો ત્યારે ભાવ કરો કે આ માળાના માધ્યમથી હું પરમાત્મા પ્રત્યે વિનયભાવ પ્રગટ કરું છું, ગુણોને નમસ્કાર કરીને મારા ગુણોના પ્રાગટ્યનો પુરુષાર્થ કરું છું, મારા અહંકારને ઘટાડવાનો પ્રયત્ન કરું છું.

ભાવશુદ્ધિ કરાવતી આ સાધના પુણ્યબંધ સાથે કર્મોની નિર્જરા કરાવશે તો જ તમે પળેપળ ધર્મયુદ્ધ કરી શકશો.

02. પ્રવૃત્તિ સ્નાનની :

તમે જ્યારે સ્નાન કરો છો ત્યારે આખા દિવસમાં શું કરવું એનું planning કરો છો અથવા કોઈ ઘટના ઘટી હોય તો એને વાગોળીને રાગ-દ્વેષ કરો છો અથવા તો કોઈ ફિલ્મી ગીત ગુનગુનાવો છો.

અર્થાત્ પાણીના જીવોની હિંસા સાથે સાબુ અને shampooના ઉપયોગથી પાણીના જીવોને વેદના આપી અશુભ કર્મનો બંધ કરો છો.

સ્નાનની પ્રવૃત્તિને ધર્મસાધના બનાવવા,

દેહના સ્નાન સાથે મંત્ર દ્વારા આત્મસ્નાન કરો.

સ્નાનની સાથે-સાથે તમને જે મંત્ર પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસ હોય એનું સતત સ્મરણ કરો.

મંત્રોચ્ચાર દ્વારા આત્મસ્નાન કરવાથી દેહસ્નાનની આસક્તિ ઘટી જશે, જેના કારણે તમને નિકાચિત કર્મોને બદલે નિદ્ધત કર્મનો બંધ થશે, જેનો તમે નાનકડી વ્રત-તપ-જપ જેવી સાધના દ્વારા પણ ક્ષય કરી શકશો અને પળેપળના ધર્મયોદ્ધા બની શકશો.

03. પ્રવૃત્તિ રસોઈની :

તમને શાકભાજી સુધારવાં પડે છે ત્યારે મોટાભાગનાં બહેનો શાક સુધારતી વખતે વિચારતાં હોય છે કે મારા જેવી ઝીણી ભાજી તો ભાગ્યે જ કોઈને સુધારતાં આવડતી હશે, મારા તો દરેક કટકા એકસરખા જ થાય.

એક બાજુ વનસ્પતિકાયના જીવોની કતલ અને ઉપરથી અભિમાન. પરિણામ કેવું ભોગવવું પડે?

ખંધકમુનિએ એક ફળની છાલ ઉતારી એકથી બે મિનિટ માટે અભિમાન કર્યું. પરિણામે તેમના આખા શરીરની ખાલ ઊતરી.

શાક સુધારવાની પ્રવૃત્તિને સાધના બનાવવા,

શાક સુધારતી વખતે પસ્તાવાના ભાવ સાથે પ્રભુને પ્રાર્થના કરો.

હે પ્રભુ! વનસ્પતિકાયના આ જીવો તો એમનાં કર્મોનાં ફળ ભોગવે છે, પણ હું મારાં નવાં કર્મોનો બંધ કરી રહી છું. આ શાકભાજીને cut કરીને હું મારા આત્માના અહિંસા ગુણની કતલ કરી રહી છું.

હે પ્રભુ! ક્યારે એવો અવસર આવશે જ્યારે મારે આ શાકભાજી સુધારવાં નહીં પડે.

ભાવોની આ શુદ્ધિ હિંસાના પાપને ધોવામાં અને ધર્મયુદ્ધ લડવામાં તમને સહાયક બની જશે.

04. પ્રવૃત્તિ પ્રાર્થનાની :

મોટાભાગના ભાવિકોનો નિત્ય નિયમ હોય છે કે સવારના પથારીમાંથી ઊઠતાં પહેલાં પાંચ કે નવ વખત નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવું.

અને સ્મરણ કરતી વખતે પણ ભાવ એ જ હોય કે સવારના ઊઠતાં જ

પ્રભુને પ્રાર્થના કરીએ એટલે આખો દિવસ સારો જાય.

પણ શું ખરેખર એવું બને છે? ના.

કેમ કે, આ તો સ્વાર્થ કહેવાય.

સવારની પ્રાર્થનાને સાધના બનાવવા,

નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતી વખતે ભાવ કરો કે જેવા મારા પ્રભુ છે એવા મારે બનવું છે, એના પ્રયત્નરૂપે હું આ ગુણવૃદ્ધિની પ્રતિજ્ઞા ગ્રહણ કરું છું.

સવારની આ પ્રાર્થના પ્રતિજ્ઞા ત્યારે બનશે જ્યારે એ પ્રયોગરૂપમાં પરિણમશે.

દિવસ દરમ્યાન કોઈ તમારા પર ગુસ્સો કરશે ત્યારે તમે તરત જ alert થઈ જશો કે મારે સામે ગુસ્સો નથી કરવાનો, કેમ કે, મેં સવારે નમસ્કાર મહામંત્રના સ્મરણ સાથે પ્રતિજ્ઞા કરી હતી કે મારે મારા પ્રભુ અરિહંત જેવા બનવું છે.

ભાવ બદલાયા, સ્વાર્થ છૂટી ગયો, 'સ્વ'ની સાધના થઈ ગઈ.

05. પ્રવૃત્તિ સામાયિકની :

તમે જ્યારે ઘરમાં કે ધર્મસ્થાનકમાં 'સામાયિક'ની આરાધના કરો છો ત્યારે તમે અંદરથી feel કરો છો કે વાહ! આજે તો મેં 3 સામાયિક કરી, આજે મને 5 સામાયિક કરવાનો લાભ મળ્યો.

સામાયિકને સાધના બનાવવા,

તમે ભાવ કરો કે અત્યારે હું પૂર્ણપણે સંસારનો ત્યાગ કરવા અસમર્થ છું, પણ સામાયિકની સાધના દ્વારા હું એટલો સમય સંસારનો ત્યાગ કરીને

સાધુત્વનો અહેસાસ કરવાનો પ્રયત્ન કરું છું, એટલો સમય મારી અંદરમાં સાધુત્વને પ્રગટ કરીને સમતાભાવની અને જીવોને અભયદાન આપવાની સાધના કરું છું.

સામાયિક માટેના આ ભાવોની શુદ્ધિ અને વૃદ્ધિ તમારી અંદરમાં સંયમના ભાવ અને સંયમના સંસ્કાર જાગ્રત કરી તમને ધર્મયુદ્ધમાં વિજયી બનાવશે.

તમે જ્યારે સામાયિક બાંધતી અને પાળતી વખતે સામાયિકના પાઠ બોલો છો ત્યારે એ કંઠસ્થ હોવાથી કડકડાટ full speedમાં બોલી જાવ છો અને પછી માળા કે સ્વાધ્યાય કરવા લાગો છો.

શબ્દોને સાધના બનાવવા,

સામાયિકના પાઠનો એક-એક શબ્દ બોલતી વખતે ભાવ થવો જોઈએ. મને મારા પ્રભુ દ્વારા અવશ્ય કરવા યોગ્ય આરાધના કરવાનો યોગ પ્રાપ્ત થયો છે.

'करेमि भंते सामाइयं सावज्जं जोगं पच्चक्खामि'

પ્રભુની ભાષાના આ શબ્દો બોલતી વખતે અહોભાવ પ્રગટ થવો જોઈએ કે અહો! આ તો હું દીક્ષામંત્રનું ઉચ્ચારણ કરું છું. દીક્ષાનો યોગ તો જ્યારે થશે ત્યારે, પણ આજે આ દીક્ષામંત્રનું ઉચ્ચારણ પણ મારા માટે પરમ સદ્‌ભાગ્યનું કારણ છે.

પ્રભુ પ્રત્યે પ્રેમ અને ભાવોની શુદ્ધિ થાય તો જ આત્માની અનુભૂતિ થાય.

06. પ્રવૃત્તિ નમસ્કાર મંત્ર બોલવાની :

તમે 'નમો અરિહંતાણં'નું સ્મરણ કરો કે આ પદની માળા કરો ત્યારે કલ્પના કરો કે અમે અરિહંત પરમાત્માને નમસ્કાર કરીએ છીએ, તેમના

ગુણોને વંદના કરીએ છીએ, અરિહંત પ્રભુ મારા દેવ છે વગેરે.

'નમો અરિહંતાણં'ને સાધના બનાવવા,

તમે સંકલ્પ કરો કે મારે પણ તેમની જેમ મારા આત્માના અરિ એટલે કે અવગુણોરૂપી દુશ્મનો સાથે યુદ્ધ કરીને આત્મવિજયી બનવું છે.

મને જ્યારે કોઈના પર ગુસ્સો આવશે ત્યારે હું સામેવાળા પર ક્રોધ નહીં કરું, પણ મારા ક્રોધનો નાશ કરી, મારા ક્ષમા નામના ગુણને પ્રગટ કરીશ અને ત્યારે જ મારું 'નમો અરિહંતાણં' બોલવું સાર્થક થશે.

ભાવ જ્યારે શુદ્ધ થાય છે ત્યારે લક્ષ્ય સિદ્ધિનું સર્જાય છે.

07. પ્રવૃત્તિ કાઉસગ્ગની :

તમે લોગસ્સના પાઠ દ્વારા કાઉસગ્ગ કરો છો ત્યારે મોટાભાગે ગણતરી કરો છો કે 4, 20 કે 40 લોગસ્સનો કાઉસગ્ગ કર્યો અથવા એક સંતોષ અનુભવો છો કે અમે 24 તીર્થંકર પરમાત્માનું સ્મરણ કર્યું, તેમને વંદના કરી, તેમનો જયજયકાર કર્યો.

કાઉસગ્ગની ક્રિયાને સાધના બનાવવા,

શબ્દો પ્રત્યે નહીં પણ શ્વાસોશ્વાસની પ્રક્રિયા પ્રત્યે સાવધાન રહી, મનને એકાગ્ર કરી, દેહ અને આત્મા અલગ છે, આત્મા શરીરથી અલગ થઈ રહ્યો છે અને હવે એ તમને જોઈ રહ્યો છે, તમારી પ્રવૃત્તિને નિહાળી રહ્યો છે એ અહેસાસ કરો.

ભાવોનું પરિવર્તન દૈહિક ક્રિયાને અધ્યાત્મનો અહેસાસ કરાવે છે.

08. પ્રવૃત્તિ નમોત્થુણં સ્તુતિ બોલવાની :

નમોત્થુણં સ્તુતિ અનેકવાર કરી છે ત્યારે એક જ લક્ષ્ય રાખ્યું છે કે

નમોત્થુણં દ્વારા હું મારા અરિહંત પરમાત્મા, સિદ્ધ પરમાત્મા અને મારા ઉપકારી ધર્મગુરુને વંદના કરું છું. નમોત્થુણં મારા ભયને દૂર કરી મને નિર્ભય બનાવે છે.

तिन्नाणं-तारयाणं **મારા પ્રભુ સ્વયં તરે છે અને અન્યને તારે છે.**

तिन्नाणं-तारयाणं **સાધના બનાવવા,**

तिन्नाणं-तारयाणं- હૈયેથી હોઠે આવતા અંતરથી ભાવ કરો કે હું પણ મારા તીર્થંકર પરમાત્માનો અંશ અને વંશ છું, તેમનો વારસદાર છું તો હું પણ તેમની જેમ મારા પરિવાર માટે તો तिन्नाणं-तारयाणं જરૂર બની શકું છું.

હું પ્રભુપુત્ર છું, તેમનો આ વારસો અવશ્ય ગ્રહણ કરી શકું છું.

મારો એ દિશાનો પુરુષાર્થ એ જ પ્રભુસ્મરણની સાર્થકતા છે.

09. પ્રવૃત્તિ મુહપત્તી પહેરવાની :

તમે જ્યારે-જ્યારે મુખ પર મુહપત્તી પહેરો છો ત્યારે વિચારો છો કે આપણા ધર્મમાં કહ્યું છે કે વાયુકાયના જીવોની રક્ષા કરવા માટે મુહપત્તી પહેરવી જોઈએ.

મુહપત્તી પહેરવાની પ્રવૃત્તિને સાધના બનાવવા માટે,

મુહપત્તી પહેરતી વખતે વિચાર કરો કે આ મુહપત્તી દ્વારા વાયુકાયના અસંખ્ય જીવોની જતના સાથે હું મારા અહિંસાગુણની વૃદ્ધિ કરું છું અને મારા હિંસા નામના અવગુણની શુદ્ધિ કરું છું, અહિંસાની આરાધનાની અનુમોદના કરું છું.

ક્રિયા અને ભાવ વચ્ચેનો ફરક જો સમજમાં આવી જાય તો લક્ષ્ય આત્મશુદ્ધિનું બની જાય અને ધર્મયુદ્ધમાં વિજયી બનાય.

10. પ્રવૃત્તિ ઘરની બહાર નીકળવાની :

તમે જ્યારે ઘરની બહાર જાવ છો ત્યારે કેવી રીતે જાવ છો? એકદમ ફટાફટ ઘડિયાળમાં જોતાં-જોતાં gate ખોલ્યો અને મનમાં અનેક પ્રકારના વિચારોના યુદ્ધ સાથે બહાર નીકળી ગયા. એટલે આખો દિવસ આવેગ, ઉદ્વેગ, ઉતાવળ અને અકળામણમાં પૂરો થઈ ગયો.

ઘરની બહાર જવાની પ્રવૃત્તિને સાધના બનાવવા,

ઘરની બહાર નીકળતાં પહેલાં દેવ-ગુરુનું સ્મરણ કરી તેમને વિનયપૂર્વક વિનંતી કરો,

હે ભંતે! હું જ્યાં જાઉં ત્યાં આપ મારી સાથે રહેશો.

દેવ-ગુરુ તમારી સાથે ને સાથે હોય તો કેટલી શાંતિ અને સમાધિ હોય.

બીજું, ઘરની બહાર પગ મૂકતી વખતે હંમેશાં યાદ રાખીને પહેલાં right પગ જ બહાર મૂકવો.

જો પહેલું step right હોય તો બાકીનાં બધાં steps right જ થઈ જાય.

11. પ્રવૃત્તિ ચાલવાની :

તમે જ્યારે ચાલો છો ત્યારે કેવી રીતે ચાલો છો?

જો તમારી સાથે કોઈ હોય તો તેની સાથે વાતો કરતાં-કરતાં, એકલા હો તો mobileમાં કોઈની સાથે વાતો કરતાં-કરતાં અથવા આસપાસ જોતાં-જોતાં કે કઈ નવી દુકાન ખૂલી છે અથવા કયાં showroomમાં કઈ નવી વસ્તુઓ આવી છે.

તમારી ચાલવાની પ્રવૃત્તિને સાધના બનાવવા,

આજથી સંકલ્પ કરો કે હું ચાલવામાં મારા પ્રભુની copy કરીશ. મારા પ્રભુ જતનાપૂર્વક અને નીચે જોઈને ચાલતા હતા, નીચે દૃષ્ટિ રાખીને ચાલતા હતા જેથી કોઈપણ જીવજંતુ, કીડી કે મંકોડા હોય તો તરત જ દેખાઈ જાય અને પોતાના પગ પર control કરીને એ જીવોને બચાવી શકાય.

પ્રભુની જેમ ચાલવાના સંકલ્પથી જીવમાત્ર પ્રત્યે કરુણાભાવ પ્રગટી જાય, કોઈપણ જીવ મરી ન જાય એવી સાવધાની આવી જાય અને બધાથી શ્રેષ્ઠ અહિંસાની આરાધના થઈ જાય.

12. પ્રવૃત્તિ free સમયની:

તમારા દરેક કાર્ય વચ્ચે તમને ક્યાંક ને ક્યાંક 2-5 કે 10 મિનિટનો સમય free મળતો હોય છે. જેમ કે તમે officeમાં છો અને કોઈની રાહ જુઓ છો. તે નથી આવ્યા ત્યાં સુધી તમે free બેઠા છો. બહેનોએ રસોઈ બનાવી લીધી છે, પણ હજુ જમવાની વાર છે એટલો સમય free છો.

આ સમયમાં તમે શું કરો છો? કોઈ friendને phone કરીને time-pass કરો છો અથવા TV જુઓ છો.

Free સમયને સાધના બનાવવા,

એ 2-5 કે 10 મિનિટ માટે તમે ધ્યાન-સાધના અથવા કાઉસગ્ગ કરી ભેદજ્ઞાનની અનુભૂતિ કરો, તમને જે પ્રિય હોય એ મંત્રના જાપ કરો,'હું કોણ છું?' એના પર ચિંતન કરો અથવા 'હું આત્મા છું, મારું લક્ષ્ય મોક્ષ છે' એ ભાવનું સતત ઘૂંટણ કરો.

મંત્રસાધનાથી તમારા વિચારો શુભ અને positive થશે. તમારી આસપાસ એ મંત્રોના પરમાણુઓની દિવ્યતા પ્રસરશે અને આવા શુભ, positive અને દિવ્ય વાતાવરણમાં તમારું દરેક કાર્ય, દરેક deal સફળતાલક્ષી બની જશે.

પ્રવૃત્તિ આહારની :

13. નાસ્તાની પ્રવૃત્તિ :

તમે સવારે નાસ્તો કરો છો. તમારી નાસ્તાની પ્રવૃત્તિ કેવી હોય છે? Officeએ પહોંચવાની ઉતાવળ હોય તો ફટાફટ અથવા સમય હોય તો newspaper વાંચતાં-વાંચતાં અથવા whatsapp check કરતાં-કરતાં અને સાથે-સાથે અભિપ્રાયો આપતાં-આપતાં.

નાસ્તાની પ્રવૃત્તિને સાધના બનાવવા,

નાસ્તાની વાનગીઓ ખાતાં-ખાતાં વિચાર કરો કે પૂર્વ ભવે કંઈક સત્કાર્યો કરી શુભ કર્મો બાંધ્યાં હશે એટલે આજે મને ભરપેટ અને ભાવતો નાસ્તો મળે છે. કેટલાંય બાળકો રાત્રે ભૂખ્યાં સૂતાં હશે અને અત્યારે ઊઠ્યા પછી પણ કંઈ મળશે કે નહીં એ નક્કી નથી.

આજથી મારે દરરોજ સવારે ભૂખ્યા માટે કંઈક ભોજન લઈને જવું છે, તેમને પ્રેમથી જમાડવા છે.

ભૂખ્યાને જે જમાડે છે તેમને ક્યારેય ભૂખ્યા સૂવાનો વારો આવતો નથી.

ભાવ બદલાય એટલે ભવિષ્ય બદલાઈ જાય.

14. પ્રવૃત્તિ બપોરનાં ભોજનની:

તમે દરરોજ બપોરે જમો છો. જમતી વખતે પણ એ જ mobile અથવા TV હોય. બધા સાથે જમવા બેઠા હોય તો કોઈ ને કોઈની વાતો હોય- સંબંધીઓની અથવા રાજનીતિની. વાતો ન હોય તો રસોઈની પ્રશંસા અથવા નિંદા હોય.

એક તરફ પોતાના શરીરને ટકાવવા છકાયના જીવોની હિંસાનું પાપ અને બીજી તરફ રાગ-દ્વેષના ભાવો સાથે અશુભ કર્મોનો બંધ.

જમવાની પ્રવૃત્તિને સાધના બનાવવા,

જમતાં પહેલાં સૌપ્રથમ પિરસાયેલી થાળીને બે ઇંચ ઊંચી કરી, આંખ બંધ કરી ભાવના ભાવવી કે મારા ઉત્કૃષ્ટ ભાવ છે કે કોઈ પણ સંત-સતીજી મારા આંગણે પધારે અને તેમને હું ભાવથી વહોરાવું. મારા આંગણે કોઈપણ ભિક્ષુક કે અતિથિ પધારે અને તેમને હું પ્રેમથી જમાડું.

આવી નાનકડી શુભ ભાવના, શુભ વિચાર ભોજન માટે થયેલી હિંસા અને પાપકર્મોનો કંઈક અંશે ક્ષય કરવામાં સફળતા અપાવે છે.

15. પ્રવૃત્તિ સૂવા પહેલાંની :

રાત્રે સૂતી વખતે ઊંઘ ન આવે ત્યાં સુધી શું કરો છો?

TV જુઓ છો, whatsapp check કરો છો, magazine વાંચો છો અથવા આખા દિવસના વિચારો કરો છો. Business હોય તો એનું tension કરો છો અને પછી એ જ ભાવમાં ક્યારે ઊંઘ આવી જાય છે એ ખબર પડતી નથી.

સૂવા પહેલાંની પ્રવૃત્તિને સાધના બનાવવા,

રાત્રે સૂતાં પહેલાં પ્રથમ ઘરના બધા નાના-મોટા સભ્યોને તમારાથી થયેલી ભૂલો બદલ sorry અથવા મિચ્છામિ દુક્કડમ્ કહો. ઘરના સભ્યો સાથે ઘરના servant, maid, driver આદિને પણ sorry કહેવું.

ત્યારબાદ કાન પકડીને પ્રભુ સમક્ષ આખા દિવસની ભૂલોની માફી માગવી અને પ્રભુને પ્રાર્થના કરવી,

હે પ્રભુ! મારી ભૂલોને સુધારી શકું એવી શક્તિ આપજો.

આવા ભાવોથી પાપના ભારથી હળવા થવાય છે અને tensionથી મુક્ત મીઠી નિદ્રાનો આનંદ માણી શકાય છે.

જેને ભૂલનું ભાન થાય છે તે ભૂલની ક્ષમા માગીને હળવા થઈ જાય છે, સુખી થઈ જાય છે.

દરેક પ્રવૃત્તિમાં મન, વચન અને કાયાનું સમ્યકરૂપે પરિણમન કરવાં એ એક સાધકનો પુરુષાર્થ હોવો જોઈએ.

દેહના સ્નાન સાથે મંત્ર દ્વારા આત્મસ્નાન કરો.

વનસ્પતિકાયના આ જીવો તો એમનાં કર્મોનાં ફળ ભોગવે છે, પણ હું મારાં નવાં કર્મોનો બંધ કરી રહી છું. આ શાકભાજીને cut કરીને હું મારા આત્માના અહિંસાગુણની કતલ કરી રહી છું. હે પ્રભુ! ક્યારે એવો અવસર આવશે જ્યારે મારે આ શાકભાજી સુધારવાં નહીં પડે.

'કરેમિ ભંતે'- આ શબ્દો બોલતી વખતે અહોભાવ પ્રગટ થવો જોઈએ કે અહો! આ તો હું દીક્ષામંત્રનું ઉચ્ચારણ કરું છું. દીક્ષાનો યોગ તો જ્યારે થશે ત્યારે, પણ આજે આ દીક્ષામંત્રનું ઉચ્ચારણ પણ મારા માટે પરમ સદ્ભાગ્યનું કારણ છે.

ભૂખ્યાને જે જમાડે છે તેમને ક્યારેય ભૂખ્યા સૂવાનો વારો આવતો નથી. ભાવ બદલાય એટલે ભવિષ્ય બદલાઈ જાય.



NOTES

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ...

એક એવા યુગપુરુષ છે, જેઓ કંડારેલી કેડી પર ન ચાલતાં, સમય અને સંજોગો અનુરૂપ કલ્યાણ કેડી કંડારી રહ્યા છે.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ સ્વ અને સર્વના હિત, શ્રેય અને કલ્યાણ માટે યુગોથી ચાલતી પરંપરાનો આદર કરી કંઈક નવું, કંઈક અનોખું, પ્રેરણાદાયક અને પ્રગતિકારક કરવા પ્રબળ પુરુષાર્થ કરે છે, યુગને એક નવી દિશા અને દ્રષ્ટિ આપે છે, જેના દ્વારા વ્યક્તિને વ્યક્તિગત માર્ગદર્શન મળે છે. માટે જ, આજે દેશ-પરદેશના હજારો ભાવિકોના સાધનામાર્ગનું પ્રેરકબળ બન્યા છે.

ત્રણ પ્રકારે યુદ્ધ હોય છે:

પર સાથે યુદ્ધ,

પોતાનાની સાથે યુદ્ધ,

પોતાની સાથે યુદ્ધ!

યુદ્ધ મોહનું કારણ પણ બની શકે

અને યુદ્ધ મોક્ષનું કારણ પણ બની શકે છે.

મોક્ષ પ્રાપ્તિના પુરુષાર્થરૂપ યુદ્ધનો ચક્રવ્યૂહ સર્જતા શીખવે છે,

પરમ યુદ્ધ!

PARASDHAM

₹ 200